દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 280 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 November 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૨૭ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





FORAM® WORLDWIDE
#ChaloForamKeSang

100% PURE VEG & JAIN FOOD

કિચન કેરેવાન સુવિધાઓ શરૂ કરનાર એક માત્ર પાયોનીઅર... ફોરમ વર્લ્ડવાઈડ પ્રસ્તુત.... 2026 યુરોપ ટૂર

SINCE 18 YEARS. ONE PIONEER FOR KITCHEN CARAVAN






બુક કરાવો તમારા ૨૦૨૬ ના પ્રવાસો, અમારા ૨૦૨૫ ના જુના ભાવે ...

ખાસ નોંધ : ૬ ડિસેમ્બર ૨૦૨૫ પહેલાં બુકિંગ કરો અને મેળવો આકર્ષક ડિસ્કાઉન્ટ.

મેળવો 20% સુધીની છૂટ

SCAN ME!

ESCAPE TO
## EUROPE'26
ITALY | AUSTRIA | SWISS | FRANCE | BELGIUM | NETHERLANDS

WHAT'S INCLUDED:

100% HYGIENIC
KITCHEN CARAVAN SINCE 18 YEARS

Stay at Heart of Switzerland in Interlaken (Only with FWW)

- Hotel with Continental Breakfast with 1 or 2 Hot Indian Dish at maximum destinations
- A/C comfortable coach
- Lunch & Dinner (Served in same Hotel Dining Area) by Maharaj
- Sightseeing
- Medical Insurance (Upto 69 years)
- All tips

1 DESTINATION 5 TOUR OPTIONS

| 17D GRAND EUROPE WITH KITCHEN CARAVAN | 13D GLIMPSE EUROPE WITH KITCHEN CARAVAN | 10D CHARM EUROPE WITH KITCHEN CARAVAN | 14D MAGNIFICIANT EUROPE (INDIAN RESTAURANT) | 10D ESSENSE OF ITALY WITH KITCHEN CARAVAN |
|---|---|---|---|---|
| ~~EUR 4400~~ | ~~EUR 3750~~ | ~~EUR 3150~~ | ~~EUR 3000~~ | ~~EUR 2690~~ |
| EUR 3520 | EUR 3000 | EUR 2520 | EUR 2499 | EUR 2152 |

*TAXES AS APPLICABLE

OTHER EUROPEAN TOURS WITH MAHARAJ

Scandinavia with Lofoten Islands | UK Scotland with Ireland
Greece | Iceland | Eastern Europe with Croatia | Arctic

OTHER 2026 TOURS WITH MAHARAJ

Japan | Turkey | USA | Canada | Egypt | Kenya | South Africa | Australia | New Zealand
Dubai | Vietnam | Far East | China | Russia | South America | Antartica | South Korea

FORAM 9324366095 | JAY 9167008678 | BHAKTI 9321236935
DINESH 8591728602 | DHRUV 8169369686

HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | RAJKOT | PUNE | USA | UAE

૨૦૪ વર્ષ

દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 280 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 November 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૨૭ નવેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### સાઉથ આફ્રિકા સામે શર્મનાક પરાજય, ટેસ્ટ ટીમની હાલત ‘ગંભીર’

# અબ તેરા ક્યા હોગા, ગંભીર...



## ઘરઆંગણે ભારતનું ફરી નાક કપાયું, વાઈટવૉશ થયોઃ હેડ-કોચ ગૌતમ ગંભીર બીસીસીઆઈની શરણે

ગુવાહાટીઃ ભારતની ટેસ્ટ-ટીમ બૅટિંગમાં સાવ બુઠ્ઠી, નિસ્તેજ અને કૌશલ્ય વિનાની છે અને ઘરઆંગણે એક વર્ષમાં ફરી એકવાર આ નબળાઈ છતી ગઈ હતી જેમાં વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામે ભારતનો સિરીઝની બીજી ટેસ્ટમાં પણ પરાજય થતાં ટેમ્બા બવુમાની ટીમે ૨-૦થી ક્લીન સ્વીપ કરી છે. અધૂરામાં પૂરું, હેડ-કોચ ગૌતમ ગંભીર પર પસ્તાળ પડે એવી સંભાવના વચ્ચે ખુદ તેણે પોતાનું ભાવિ બીસીસીઆઇના ભરોસે છોડી દીધું છે.

બરાબર એક વર્ષ પહેલાં ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતનો ૦-૩થી રકાસ થયો હતો અને બુધવારે સાઉથ આફ્રિકા સામે ૦-૨થી હાર થઈ. ૫૪૯ રનના લક્ષ્યાંક સામે ભારતીય ટીમ માત્ર ૧૪૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ. ભારતનો ૪૦૮ રનના તોતિંગ તફાવતથી પરાજય થયો અને સૌથી મોટા માર્જિનથી હારવામાં ભારતે નવો વિક્રમ રચી દીધો. ભારતની બૅટિંગ (જુઓ પાનું ૨) ▸▸

## કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં




**૨૦30ના રમતોત્સવના આયોજન સંબંધે સ્કોટલેન્ડના ગ્લાસગોમાં સત્તાવાર જાહેરાત**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કોમનવેલ્થ ગેમ્સની ૨૦૩૦ની યજમાનીનું સૌભાગ્ય ગુજરાતના અમદાવાદ શહેરને મળ્યું છે. સ્કોટલેન્ડના ગ્લાસગોમાં યોજાયેલી કોમનવેલ્થ સ્પોર્ટ્સ જનરલ એસેમ્બલીમાં ગુજરાતના અમદાવાદ શહેરનું નામ ઔપચારિક રીતે મંજૂર કરવામાં આવ્યું હતું. મિનિઓલિમ્પિક તરીકે ગણાતી કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાય તે બાબત જ સમગ્ર દેશ અને (જુઓ પાનું ૨) ▸▸

### વિશ્વને આવકારવા અમે સજ્જઃ મોદી

કૉમનવેલ્થ ગેમ્સની શતાબ્દીનું યજમાનપદ ભારતને મળ્યું હોવાથી ખુશ થઈ ગયેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓ અને રમતગમત ક્ષેત્રને અભિનંદન આપ્યા હતા.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં મોદીએ લખ્યું હતું કે આ આપણી સામૂહિક પ્રતિબદ્ધતા અને ધૈર્ય છે જેણે ભારતને મક્કમપણે વિશ્વના રમતગમતના નકશા પર મૂકી દીધું છે.

વિશ્વભરને આવકારવા અમે સજ્જ છીએ, એમ તેમણે કહ્યું હતું. ■

## હૉંગ કૉંગમાં રેસિડેન્શિયલ ટાવર્સમાં આગઃ ૧૩ જણનાં મોત



**આગઃ** હોંગ કોંગના તાઈ પો ડિસ્ટ્રિક્ટના રેસિડેન્શિયલ એસ્ટેટના વાન્ગ ફુક કોર્ટમાં આગ લાગી હતી. (પીટીઆઈ)

હોંગકોંગઃ હોંગકોંગના એક હાઉસિંગ કોમ્પ્લેક્સમાં અનેક બહુમાળી ઊંચી ઇમારતોમાં આગ ફાટી નીકળી હતી. જેમાં ૧૩ લોકોના મોત નીપજ્યા હતા. આ જાણકારી શહેરની ફાયર સર્વિસે બુધવારે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર નવ લોકોને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે ચાર લોકોને હોસ્પિટલમાં મૃત ઘોષિત કરવામાં આવ્યા હતા. આ દુર્ઘટના બાદ લગભગ ૭૦૦ લોકોને કામચલાઉ આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે.

ઘટનાસ્થળના વીડિયોમાં ઓછામાં ઓછી પાંચ (જુઓ પાનું ૨) ▸▸

## ગૌતમ ગંભીર શું બોલ્યો?

- હેડ-કોચ તરીકે મારા ભાવિ વિશેનો નિર્ણય હું બીસીસીઆઇ પર છોડું છું. જોકે મારા કોચિંગમાં ટીમ ઇન્ડિયાએ જે સફળતાઓ મેળવી છે એ પણ કોઈએ ન ભૂલવી જોઈએ.
- મેં ટીમ ઇન્ડિયાને કોચિંગ આપવાની જવાબદારી સ્વીકારી હતી ત્યારે જ કહ્યું હતું કે હું મહત્ત્વનો નહીં, પણ ભારતીય ક્રિકેટ મહત્ત્વની છે. હજી પણ હું મારા એ અભિપ્રાયને વળગી રહું છું.
- લોકો એ કેમ ભૂલી ગયા કે ઇંગ્લૅન્ડમાં મેં આ જ યંગ ટીમને કોચિંગ આપેલું અને ભારતે સિરીઝ ૨-૨થી ડ્રૉ કરાવી હતી. બસ, બધા ન્યૂ ઝીલૅન્ડ સામે ગયા વર્ષે ઘરઆંગણે થયેલા ૦-૩ના વાઇટવૉશની જ વાતો કર્યા કરે છે. યાદ છેને, મારા જ કોચિંગમાં ભારત આ વર્ષે ચૅમ્પિયન્સ ટ્રોફી અને એશિયા કપ જીત્યું છે.
- પરાજય માટે ટીમના બધા જ દોષી હોવા જોઈએ. ભલે, એની શરૂઆત મારાથી કરો. આપણે સારી

(જુઓ પાનું ૨) ▸▸

## રેટકટના આશાવાદે સેન્સેક્સમાં ૧૦૨૨ પૉઈન્ટનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના ગઈકાલે જાહેર થયેલા ગત સપ્ટેમ્બરના રિટેલ વેચાણના ડેટામાં બજારની અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ જોવા મળી હોવાથી ફેડરલ રિઝર્વ આગામી ૯-૧૦ ડિસેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ પ્રબળ થવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો અને રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધ વિરામના વધી રહેલા આશાવાદને કારણે આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે એશિયન બજારોમાં સુધારાતરફી વલણ રહ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિકમાં પણ રોકાણકારોની સાર્વત્રિક સ્તરેથી આક્રમક લેવાલી રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ (જુઓ પાનું ૨) ▸▸

## ઈમરાન જીવે છે કે પછી...?



**જેલમાં ઝેર અપાયાની અફવાઓ જોરમાંઃ બહેનો કહે છે ત્રણ સપ્તાહથી મળવા નથી દેવાયા**

નવી દિલ્હીઃ ઈમરાન ખાનના મૃત્યુને લઈને સોશ્યલ મીડિયા પર જુદી જુદી થિયરી સામે આવી રહી છે.


એક થિયરી મુજબ અદિયાલા જેલમાં ઈમરાન ખાનને ઝેર આપી દેવામાં આવ્યું છે. જોકે અત્યાર સુધી કોઈપણ દાવાને સમર્થન નથી મળ્યું અને પાકિસ્તાન સરકારે પણ આ સમાચારને અફવા લેખાવ્યા છે.

ઈમરાન ખાનની ત્રણ બહેનોનું કહેવું છે કે કોર્ટની પરવાનગી છતાં છેલ્લાં ત્રણ અઠવાડિયાથી અમને ઈમરાન ખાનને મળવા દેવામાં નથી આવ્યા. અગાઉ (જુઓ પાનું ૨) ▸▸

## દુર્લભ ખનીજના ઉત્પાદન માટે ૭,૨૮૦ કરોડની મંજૂરી

નવી દિલ્હીઃ રૅર અર્થ પર્મેનન્ટ મેગ્નેટ કે દુર્લભ ખનીજ કાયમી ચુંબકોના ઉત્પાદન માટે ૭,૨૮૦ કરોડની યોજનાને કેન્દ્રીય પ્રધાન મંડળે બુધવારે મંજૂરી આપી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદ હેઠળ મળેલી કેબિનેટની બેઠકમાં ‘સિન્ટર્ડ રૅર અર્થ પર્મેનન્ટ મેગ્નેટ’ના ઉત્પાદનને પ્રોત્સાહન આપતી યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ યોજનાનો મુખ્ય આશય વરસે ૬,૦૦૦ ટન રૅર અર્થના ઉત્પાદનની ક્ષમતા ઊભી કરવાનો છે. ઈલેક્ટ્રિક વાહનો, ઍરોસ્પેસ, ઈલેક્ટ્રોનિક્સ. તબીબી અને સંરક્ષણ ઉપકરણો સહિતના મહત્ત્વના ઉદ્યોગોમાં રૅર અર્થ મેગ્નેટનો ઉપયોગ થતો હોવાનું તેમણે કહ્યું હતું. વરસે ૧૨૦૦ ટન રૅર અર્થ મેગ્નેટ ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવતી પાંચ કંપનીને ઑર્ડર આપવામાં આવશે. (એજન્સી)■

## બંધારણીય ફરજો મજબૂત લોકશાહીનો પાયોઃ પીએમ



**નતમસ્તકઃ** નવી દિલ્હીના બંધારણ દિનની ઉજવણી નિમિત્તે રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સ્પીકર ઓમ બિરલા અને કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ હાજરી આપી હતી. (એજન્સી)

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે નાગરિકોને તેમના બંધારણીય ફરજો નિભાવવા વિનંતી કરી હતી અને કહ્યું કે તે મજબૂત લોકશાહીનો પાયો છે.

બંધારણ દિવસ પર નાગરિકોને સંબોધિત એક પત્રમાં વડાપ્રધાને મતદાનના અધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને મજબૂત બનાવ-વાની જવાબદારી પર પણ ભાર મૂક્યો અને સૂચવ્યું કે શાળાઓ અને કોલેજો ૧૮ વર્ષની ઉંમર પ્રાપ્ત કરનારા અને પ્રથમ વખત મતદાતા બનેલા લોકોનું સન્માન કરીને બંધારણ દિવસની ઉજવણી કરે. મોદીએ મહાત્મા ગાંધીના વિચારને યાદ કર્યો હતો કે અધિકારો ફક્ત ફરજોની પરિપૂર્ણતા દ્વારા જ પ્રાપ્ત થાય છે. તેમણે ભાર મૂક્યો કે ફરજો નિભાવવી એ સામાજિક અને આર્થિક પ્રગતિનો પાયો છે.

તેમણે ભાર મૂક્યો હતો કે નીતિઓ અને આજે લેવામાં આવેલા નિર્ણયો ભાવિ પેઢીઓના જીવનને આકાર આપશે. વડાપ્રધાને નાગરિકોને ‘વિકસિત ભારત’ ના ધ્યેય તરફ આગળ વધતાં તેમની ફરજોને પ્રાથમિકતા આપવા વિનંતી કરી હતી. મોદીએ ‘એક્સ’ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે આપણું બંધારણ માનવ ગૌરવ, સમાનતા અને સ્વતંત્રતાને સર્વોચ્ચ મહત્વ આપે છે. તે આપણને અધિકારો સાથે સશક્ત બનાવે છે, જ્યારે નાગરિક તરીકે આપણી ફરજોની પણ યાદ અપાવે છે, જેને પૂર્ણ કરવા માટે આપણે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ ફરજો મજબૂત લોકશાહીનો પાયો છે. ■

## ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ પર પૂર અને ભેખડો ધસી પડીઃ ૧૭નાં મોત

ઈન્ડોનેશિયાઃ ભારે વરસાદને કારણે પૂરની પરિસ્થિતિ નિર્માણ પામવાથી તેમ જ ભેખડો ધસી પડવાની બનેલી ઘટના બાદ ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ પર કાટમાળ હેઠળ દબાઈ ગયેલા લોકોને શોધી કાઢવા ચાલી રહેલી બચાવ કામગીરી દરમિયાન વધુ મૃતદેહો મળી આવતાં કુલ મરણાંક ૧૭ પર પહોંચ્યો હોવાનું અધિકારીઓએ બુધવારે કહ્યું હતું.

૫૮ જણ ગુમ થયા હોવા ઉપરાંત હજુ પણ છ જણ ગુમ હોવાનું તેમણે કહ્યું હતું. છેલ્લાં એક અઠવાડિયાથી સતત થઈ રહેલા વરસાદને કારણે નદીનું જળસ્તર જોખમી સ્તરથી ઉપર જતાં પૂરની પરિસ્થિતિ નિર્માણ પામતાં તેમ જ ભેખડો ધસી પડવાની બનેલી ઘટનાને કારણે બચાવ ટુકડીઓ અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચવા ઝઝૂમી રહી છે. બચાવ ટુકડીએ બુધવારે પાંચ મૃતદેહ શોધી કાઢ્યા હતા. પડોશી જિલ્લામાં ભેખડો ધસી પડવાની બનેલી ઘટનામાં અનેક ઘરો નાશ પામ્યાં હતાં અને એક જ પરિવારનાં ઓછામાં ઓછા ચાર જણનાં મોત થયાં હતાં. એજન્સી)■

## ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળાએ કર્યો આપઘાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી ચેતેશ્વર પૂજારાના સાળા જીત રસિકભાઈ પાબારીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં રાજકોટના પાબારી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મૃતક જીત પાબારી વિરુદ્ધ ગત ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ માલવિયા નગર પોલીસ સ્ટેશન ખાતે તેમની પૂર્વ મંગેતર દ્વારા દુષ્કર્મની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

મૃતક જીતની પૂર્વ મંગેતરે ફરિયાદમાં ગંભીર આક્ષેપો કર્યા હતા. જેમાં જણાવાયું હતું કે લગ્નની લાલચ આપીને જીત પાબારી દ્વારા બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધવામાં આવ્યા હતા. સગાઈ કર્યા બાદ આ કૃત્ય આચરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સગાઈ તોડી નાખવામાં આવી હતી. ચેતેશ્વર પૂજારાના સાસરિયાઓ મૂળ જામજોધપુરના છે, પરંતુ છેલ્લા વીસેક વર્ષથી રાજકોટમાં જ રહે છે. તેના સસરા કોટનની જિનિંગ ફેક્ટરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. પૂજારાની પત્ની પૂજા ઉપરાંત પરિવારમાં એક નાનો ભાઈ મૃતક જીત પાબારી અને એક નાની બહેન છે. પૂજા પાબારીનો જન્મ ગોંડલમાં થયો હતો અને તેમણે દસમા ધોરણ સુધી આબુની સોફિયા સ્કૂલમાંથી અભ્યાસ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ અમદાવાદ અને માસ્ટર ડિગ્રી બોમ્બેથી મેળવી હતી. મલ્ટિનેશનલ કંપનીમાં એક વર્ષ નોકરી કર્યા બાદ તેમના ચેતેશ્વર પૂજારા સાથે લગ્ન થયા હતા. ■

## ઈન્વેસ્ટરોનું વિશ્વાસપાત્ર ભાગીદાર છે ભારતઃ મોદી

હૈદરાબાદ : ભારતમાં રોકાણની સંભાવનાને જણાવતા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું કે ભારત હવે સુધારાલક્ષી હોવાથી મોટા નિર્ણયો લે છે અને તે રોકાણકારોનું વિશ્વસનીય ભાગીદાર છે. ફ્રાન્સની મોટી કંપની સફ્રાનનાં કમર્શિયલ વિમાનોમાં વપરાતા લીપ એન્જિનના મેન્ટેનન્સ, રિપેર એન્ડ ઓવરહોલ (એમઆરઓ) સુવિધાનું ઓનલાઈન ઉદ્‌ઘાટન કરતા મોદીએ કહ્યું હતું કે આ એકમ યુવાનો માટે રોજગારની તક ઊભી કરશે. ભારતે બિઝનેસ સંબંધી સેંકડો જોગવાઈને બિનગુનાહિત બનાવી છે. નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમે અનેક બહાલીને એક જ મંચ પર લાવી છે.

મોદીએ વધુમાં કહ્યું હતું કે જીએસટી સુધારા, વેરાની ચહેરાવિહોણી આકારણી, નવી શ્રમ સંહિતા તથા દેવાળિયા અને નાદારીની સંહિતાએ વહીવટ વધુ સહેલો અને પારદર્શી બનાવ્યો છે.

આ પ્રયાસોને લીધે ભારતને વિશ્વસનીય ભાગીદાર , મોટી બજાર અને ઉત્પાદનનું ઊગતું હબ તરીકે જોવામાં આવે છે. ભારતમાં આજે ઝડપી વિકાસ, સ્થિર સરકાર અને મોટી સ્થાનિક બજાર છે અને સૌથી મહત્ત્વની વાત એ છે કે ભારત રોકાણકારોને વિકસિત ભારતના સહસર્જક અને હિતધારક ગણે છે.

મોદીએ કહ્યું હતું કે ભારતનું એવિયેશન ક્ષેત્ર કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે. ભારતની સ્થાનિક બજારનો વિશ્વમાં ત્રીજો નંબર આવે છે. દેશમાં હવાઈમુસાફરીની માગ વધતી જાય છે. ભારતની એરલાઈન્સ કંપનીઓએ ૧,૫૦૦થી વધારે વિમાનનો ઓર્ડર આપ્યો છે. આની સાથે એમઆરડી સુવિધા પણ વધી રહી છે. (એજન્સી)■

### રામમંદિરના ધર્મધજા આરોહણનો મુદ્દો

## લઘુમતી મામલે કલંકિત પાક્સ્તિાન અમને પ્રવચન ન આપેઃ ભારત

નવી દિલ્હીઃ ભારતે બુધવારે અયોધ્યાના રામમંદિરના સમારોહમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સહભાગની પાકિસ્તાનની ટીકાને જોરદાર રીતે ઠુકરાવી હતી. ભારતે કહ્યું હતું કે જે દેશ પાકિસ્તાન લઘુમતી મામલે કલંકિત રેકોર્ડ ધરાવે છે અને આ દેશને બીજાને પ્રવચન આપવાનો કોઈ નૈતિક અધિકાર નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે કહ્યું હતું કે અમે પાકિસ્તાનની ટિપ્પણી જોઈ છે અને તે લાયક છે એવી અવમાનના સાથે ઠુકરાવીએ છીએ. આ દેશ લઘુમતી પર દમન અને વ્યવસ્થિત ઓરમાયું વર્તન અને ધર્માંધતાનો કલંકિત રેકોર્ડ ધરાવે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે પાકિસ્તાન પાસે બીજાને પ્રવચન આપવાનો કોઈ નૈતિક અધિકાર નથી. પાકિસ્તાને આત્મમંથન કરીને તેના બદતર માનવ અધિકાર રેકોર્ડ વિશે વિચારે.

પાકિસ્તાને મંગળવારે રામમંદિરમાં ધર્મધજાના આરોહણ સમારોહમાં મોદીના સહભાગ કરવાની ટીકા કરી હતી. પાકિસ્તાન વિદેશ મંત્રાલયે સમારોહ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને બાબરી મસ્જિદના સ્થળે મંદિરના બાંધકામનો ઉલ્લેખ કર્યો હતો. પાકિસ્તાને આક્ષેપ કર્યો હતો કે આ ભારતની ધાર્મિક લઘુમતી પરના દબાણનું પ્રતિબિંબ છે. (એજન્સી)■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આફ્રિકા સામે શરમજનક હાર, એકલો ગંભીર દોષિત નથી

**ગુવાહાટીમાં** રમાયેલી બીજી ટેસ્ટમાં પણ ભારતીય ક્રિકેટ ટીમ શરમજનક રીતે હારી ગઈ અને ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં વધુ એક કલંકિત પ્રકરણ ઉમેરાઈ ગયું. ભારતીય ટીમને ઘણા વિશ્વ ક્રિકેટમાં પાવરહાઉસ ગણાવે છે પણ આફ્રિકા સામેની શરમજનક શ્રેણી હાર પછી આ મિથ્યાભિમાનમાંથી બહાર આવવું જરૂરી છે. નબળામાં નબળી ટીમ પણ પોતાના ઘરમાં શેર હોય છે અને ઘરઆંગણે કોઈ પણ ટીમને હરાવવી અઘરી હોય છે ત્યારે અહીં તો ભારત સળંગ બે ટેસ્ટ હારી ગયું. આ હાર પણ પાછી દક્ષિણ આફ્રિકા જેવી ટીમ સામે છે કે જેને ભારત કરતાં ઊતરતી ગણવામાં આવે છે. એક જમાનામાં આફ્રિકા પાસે ધરખમ બેટ્સમેન હતા ને ખૂનખાર બોલરો હતા. ટેમ્બા બવુમાની સાઉથ આફ્રિકાની ટીમ પાસે અત્યારે એઈડન મર્કરામને બાદ કરતાં બીજો કોઈ એવો બેટ્સમેન જ નથી કે જેને સામાન્ય ક્રિકેટ ચાહકો ઓળખતા હોય. બોલિંગમાં તો જેની જોરદાર ધાક હોય એવો કોઈ બોલર જ નથી એ જોતાં ટેમ્બા બવુમા સાઉથ આફ્રિકાથી સાવ નવા નિશાળીયાઓની ટીમ લઈને આવેલો છતાં આપણે ધોળકું ધોળીને બંને ટેસ્ટ હારી ગયા એ શરમજનક કહેવાય. વધારે શરમજનક વાત એ છે કે, આપણે આપણા બોલરોને માફક આવે એવી પિચો બનાવડાવી હતી છતાં આફ્રિકાએ આપણને ધૂળચાટતા કરી દીધા. સ્પિનરોને અનુકૂળ આવે એવી પિચો પર આપણા બોલરોએ પ્રમાણમાં સારો દેખાવ કરેલો પણ બેટ્સમેન સાવ નપાણિયા સાબિત થયા તેમાં આપણે હારી ગયા. બે ટેસ્ટની ચાર ઈનિંગમાં ભારતે કુલ મળીને ૬૨૩ રન કર્યા. મતલબ કે, ઈનિંગદીઠ ૧૬૦થી પણ ઓછા રન થયા. ૪૦ વિકેટો પડે ને ગણીને ૬૨૩ રન થાય એ ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવું કહેવાય. આ બંને ટેસ્ટમાં ભારત તરફથી એક પણ સદી નથી નોંધાઈ ને અડધી સદી એક યશસ્વી જયસ્વાલની ને એક રવીન્દ્ર જાડેજાની એમ ગણીને માત્ર બે થઈ. સાવ નબળી મનાતી ટીમો પણ આવી શરમજનક બેટિંગ કરતી નથી એ જોતાં આ હાર માટે બેટ્સમેન જવાબદાર છે.

આ હાર પછી ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરના માથે માછલાં ધોવાઈ રહ્યાં છે અને ગંભીરને બલિનો બકરો બનાવીને રવાના કરી દેવાય એવું પણ બને. આ પહેલાં ભારત ન્યૂ ઝીલેન્ડ સામે પણ શરમજનક રીતે સીરિઝ હારી ગયેલું તેથી ગંભીર નજરે ચડેલો જ ને તેમાં હવે આફ્રિકાએ પણ આપણને રગદોળી નાંખ્યા તેથી ગંભીરનો વારો પડી જાય એવું લાગે જ છે. ગંભીરને બહુ વખાણવા જેવો નથી તેથી તેનો અફસોસ કરવા જેવો નથી પણ આફ્રિકા સામેની હાર માટે માત્ર ગંભીરને દોષ ના દઈ શકાય. ગંભીર કરતાં વધારે દોષ આપણા બેજવાબદાર અને માથે ચડાવેલા બેટ્સમેનનો છે કે જેમણે પોતાના અણઘડપણાને કારણે બંને ટેસ્ટમાં જીતની બાજીને હારમાં ફેરવી નાંખી.

આપણે પહેલી ટેસ્ટ માત્ર ૩૦ રને હારેલા. આપણે મોટો સ્કોર ચેઝ કરવાનો હોય ને હારી ગયા હોત તો સમજ્યા પણ ગણીને ૧૨૩ રન કરવાના હતા. હવે આપણા બહુ વખાણેલા ક્રિકેટરો ૧૨૩ રન પણ ના કરી શક્યા એ માટે ગંભીરને કઈ રીતે દોષિત ગણાવી શકાય? ૧૨૩ રન ચેઝ કરવા ઊતરેલી આખી ટીમનું ૩૫ ઓવરમાં પડીકું થઈ ગયું તેને માટે ગંભીર પર દોષનો ટોપલો કઈ રીતે ઢોળી શકાય? ભારતીય બોલરોએ આફ્રિકાને માત્ર ૧૫૯ રનમાં સમેટીને જંગી સ્કોર ખડકીને આફ્રિકાને ભીંસમાં લેવાનો તખ્તો તૈયાર કરી આપેલો પણ પહેલી ઈનિંગમાં પણ બેટ્સમેન સાવ પાણીમાં બેઠા તેમાં માત્ર ૩૦ રનની લીડ મળી. પહેલી ઈનિંગમાં જ સારી બેટિંગ કરી હોત તો ફરી બેટિંગ કરવાની જ ના આવી હોત કેમ કે આપણા બોલરોએ આફ્રિકાને બીજી ઈનિંગમાં પણ ૧૨૩ રનમાં જ સમેટી લીધેલું. હવે આવી ખરાબ બેટિંગ માટે ગંભીરને દોષ ના આપી શકાય. નેશનલ ક્રિકેટ ટીમમાં પસંદ થયેલા ખેલાડીઓમાં જવાબદારીની ભાવના ના હોય ને સાવ બેજવાબદાર બનીને રમે તેના માટે ગંભીર કઈ રીતે જવાબદાર?

બીજી ટેસ્ટમાં પણ પહેલી ટેસ્ટનું જ પુનરાવર્તન થયું. બીજી ટેસ્ટની પહેલી ઈનિંગમાં આપણી બીજી વિકેટ ૯૫ રને પડી પછી 'તુ જા હું આવું છું' સિલસિલો શરૂ થઈ ગયેલો ને ૧૨૨ રનમાં તો ૭ વિકેટ પડી ગયેલી. વોશિંગ્ટન સુંદર અને કુલદીપ યાદવ એ બે પૂંછડિયા ના રમ્યા હોત તો આપણો સ્કોર ૨૦૦ રનને પાર પણ ના થયો હોત. આપણે જે પિચ પર ૨૦૧ રનમાં સમેટાયા એ જ પિચ પર પહેલી ઈનિંગમાં આફ્રિકા ૪૮૯ રન ઠોકી ગયું ને બીજી ઈનિંગમાં પણ ૫ વિકેટે ૨૬૫ રન કરી ગયા. સામે આપણે બીજી ઈનિંગમાં પણ ધોળકું ધોળવાનો સિલસિલો ચાલુ રાખીને માત્ર ૧૪૦ રનમાં સમેટાઈ ગયા. બીજી ઈનિંગમાં પણ રવીન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરે થોડો પ્રતિકાર કર્યો. બાકી આપણી અડધી ટીમ તો ૫૮ રનમાં જ તંબુભેગી થઈ ગયેલી.

આ દેખાવ માટે ગંભીર સંપૂર્ણપણે જવાબદાર ના ગણાય એ જોતાં ગંભીરની સાથે સાથે બીજા ક્રિકેટરોને પણ સજા થવી જોઈએ. ગંભીરને ઘરભેગો કરી દેવાય એ તો બરાબર છે પણ રીષભ પંત સહિતના બેટ્સમેન પણ ઘરભેગા થવા જરૂરી છે. જવાબદારી સાથે રમી ના શકે ને બાપાના બગીચામાં આવ્યા હોય એમ સૈરસપાટા કરીને જતા રહે એવા ખેલાડીઓ ટીમમાં નહીં હોય તો બહુ ફરક નહીં પડે. આનાથી વધારે શરમજનક હાર તો નહીં જ થાય.

આફ્રિકાની ટીમે બતાવેલી લડાયકતાને પણ સલામ મારવી પડે કેમ કે તેમણે વિદેશની ધરતી પર સિરીઝ જીતી બતાવી છે. આફ્રિકામાં પણ સૌથી વધારે વખાણ કેપ્ટન ટેમ્બા બવુમાનાં કરવાં જોઈએ કેમ કે બવુમાએ આગેવાની લઈને જંગ જીતી બતાવ્યો છે.

ટેમ્બા બવુમા સાઉથ આફ્રિકાની ટીમને લઈને ભારત આવ્યો એ પહેલાં બવુમાનો ટેસ્ટમાં કેપ્ટન તરીકેનો રેકોર્ડ અજેય હતો. મતલબ કે, બવુમાની કેપ્ટન્સીમાં આફ્રિકા એક પણ ટેસ્ટ હાર્યું નહોતું. ભારતમાં ભલભલાંનું પાણી ઊતરી જાય છે તેથી બવુમાનો રેકોર્ડ ભારતમાં ખરાબ થશે એવી આગાહીઓ થતી હતી, પણ ભારતીયોના શરમજનક દેખાવના કારણે બવુમા ભારતમાંથી પણ અજેય પાછો ગયો છે. બવુમાની કેપ્ટન્સીમાં આફ્રિકા ૧૩ ટેસ્ટ રમ્યું છે અને તેમાંથી ૧૨ જીત્યું છે જ્યારે ૧ ટેસ્ટ ડ્રો થઈ છે. મતલબ કે, બવુમાનો ટેસ્ટ કેપ્ટન્સીનો સક્સેસ રેટ ૯૦ ટકાથી વધારે છે. ૧૦ ટેસ્ટથી વધારે કેપ્ટન્સી કરી હોય ને આવો જબરદસ્ત સક્સેસ રેટ કોઈનો નથી. વિશ્વમાં સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન ઓસ્ટ્રેલિયાનો સ્ટીવ વો છે. સ્ટીવ વોની કેપ્ટન્સીમાં ઓસ્ટ્રેલિયા ૫૭ ટેસ્ટ રમ્યું તેમાંથી ૪૧ ટેસ્ટ ઓસ્ટ્રેલિયા જીતેલું તેથી વોનો સક્સેસ રેટ ૭૨ ટકા છે. બવુમાનો સક્સેસ રેટ સ્ટીવ વોથી બહુ વધારે છે. સ્ટીવ વોની સરખામણીમાં બવુમાએ બહુ ઓછી ટેસ્ટમાં સુકાનીપદ સંભાળ્યું છે તેથી બંનેની સરખામણી શક્ય નથી પણ બવુમાનું પાણી આપણે ના ઉતારી શક્યા એ વાસ્તવિકતા છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, ગુરુવાર, તા. ૨૭-૧૧-૨૦૨૫, પંચક પ્રારંભ

- ભારતીય દિનાંક ૬, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૭
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર ધનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૩૧ સુધી (તા. ૨૮), પછી શતભિષા
- ચંદ્ર મકરમાં બપોરે ક. ૧૪-૦૬ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૨, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

સાંજે ક. ૧૬-૧૧, ભરતીઃ મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૫ (તા. ૨૮)

- ઓટઃ સવારે ક. ૧૦-૩૮, રાત્રે ક.૨૧-૫૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - સપ્તમી. મિત્ર સપ્તમી, પંચક પ્રારંભ ક. ૧૪-૦૬, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૪-૨૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, વસુદેવતાનું પૂજન. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, વસુદેવતાનું પૂજન, ખીજડીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ પૂજા, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, રાજ્યાભિષેક, પરદેશગમનનું પસ્તાનું પરગામ પ્રયાણ મધ્યમ, નવા વસ્રો, આભૂષણ, નોકરી, વાહન સવારી, દુકાન, વેપાર, વિદ્યારંભ, રત્નધારણ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, ખેતીવાડી, હજામત, નવી તિજોરીની સ્થાપના, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ વિચારો ફર્યા કરે
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ

ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ઈતની શક્તિ હમે દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હો ના!

**- પયગંબર** હઝરત મોહમ્મદ સાહેબ ફરમાવે છે કે-

* 'કસમ છે તે પવિત્ર જાતની જેના હાથમાં મારા પ્રાણ છે કે તમારામાંથી કોઈ ઈન્સાન ત્યાં સુધી સાચો મુસલમાન મોમીન નથી, જ્યાં સુધી પોતાના પાડોશીઓથી એવી રીતે મોહબ્બત ન કરે કે જેવી રીતે તે પોતાની જાતથી મોહબ્બત કરે છે.'

- પયગંબરે અનવર સાહેબનું આ કથન-વાક્ય આપણને કેટલું બધું સૂચવી જાય છે. આ હદીસમાં ફક્ત મુસ્લિમ પાડોશીઓ, સગાં-સંબંધીઓની જ વિશેષતા કરવામાં આવેલ નથી પણ સમસ્ત માનવજાત સાથે હળીમળીને ભાઈચારાથી રહેવાનું ફરમાન કરવામાં આવેલ છે.

**સનાતન સત્યઃ**

- સમાજમાં ફિર્કાબંધીને કારણે તરક્કીની તકો ગૂંચવાએલી છે.
- એક જ કુરાન અને કથનો- વાક્યોને માનનારા મુસલમાન વાડાબંધીમાં અટવાઈ ગયો છે.
- સૌ જમાતો, શિયા-સુન્નીના ફિર્કાઓને પોતપોતાની રીતે રહેવાનો - અનુસરવાનો અધિકાર છે છતાં માનવ ભલાઈ અંગેનાં કાર્યો માટે સઘળાઓએ એક થઈ- નેક થઈ સંગઠનપૂર્વક કાર્ય કરવાનો સમયનો તકાજો છે, વક્તની પુકાર છે.
- સમાજના ઘણા એવા ફિર્કાઓ છે જેઓ આરોગ્ય અને શિક્ષણ જેવી અનિવાર્ય કહી શકાય તેવી જરૂરી બાબતોથી વંચિત છે. શહેરોમાં અને મોટાં ગામોમાં આ બાબત ઢંકાયેલી રહે છે પણ નાનાં ગામડાં-કસબાઓમાં એ સત્ય છડી પોકારતું હોય છે.
- એક વાચક બિરાદરે પોતાના વિચારો વ્યક્ત કરતા લખી મોકલ્યું છે કે - 'જેને આપણે જમાના સાથે કદમ મિલાવી તરક્કી કરતા સમાજો' કહીએ છીએ એવા સમાજોના સભ્યો એકબીજામાં આપ-લેના અભાવે જેમને તેમ રહ્યા છે. આ સ્થિતિ ગામડાઓમાં સ્પષ્ટ જોવા મળે છે. શહેરોમાં સગવડ અને કાર્યકરો મળી રહેતા હોવાથી અહીં ઝાઝી મુસિબત રહેતી નથી.

બોધઃ સૌ મુસલમાનોએ વાડાબંધી છોડી દઈ, ભાઈચારાનું વાતાવરણ સર્જવું જોઈએ એ અંગે એક શિક્ષિત બહેને પોતાના પ્રત્યાઘાતો વ્યક્ત કરતાં જણાવ્યું કે,

- 'શરીરના કોઈ એક ભાગમાં દર્દ થતા જેમ આખું શરીર બેચેન રહે છે તેમ કોઈ પણ ઈન્સાનનું દુઃખ એ સૌ મનુષ્યનું દુઃખદર્દ બની રહેવું જોઈએ.'
- દીને ઈસ્લામના આદેશો-ઉપદેશોને અનુસરી સૌએ એકબીજાના દુઃખદર્દ મિટાવવા અને કોમ-સમાજને ચેતનવંતી બનાવવા એકતા-સંગઠન કેળવીએ... ભાઈચારાનું વાતાવરણ સાચા અર્થમાં સર્જીએ.

પ્રેરણાસ્રોતઃ

* શહેનશાહી હોવા છતાં ફકીરી રાખી શકાય છે,
* માલદારી (શ્રીમંતાઈ) હોવા છતાં, સાદગી રાખી શકાય છે,
* મહાનતા હોવા છતાં દીનતા-નમ્રતા રાખી શકાય છે.
* મોમીન, ઈમાની એજ છે કે જે જરૂર કરતા વધારે કશું રાખતો નથી.

**દરિયાનાં મોતીઃ**

તમારી પાસે જ્યારે કંઈ નહીં હોય ત્યારે સબ્ર કરો અને જ્યારે બધું જ હોય ત્યારે તેની કદ્ર કરો.

**ઈસ્લામી સાહિત્યઃ**

ઈસ્લામના મહાન સૂફી - સંતોએ હૈયાની વાણી વહાવીને સાંપ્રદાયિક અને સામાજિક એકતાનો અનુરોધ કર્યો છે.

- પ્રાચીન સમાજના એ પીરોની વાણી આજે વિલુપ્ત થઈ રહી છે. ક્યાંક જૂના ગ્રંથોમાં, હસ્તલિખિત પ્રતોમાં કે લોકકંઠે એ સંઘરાયેલી તો જરૂર પડી હશે.
- આજે આપણી પાસે ઝવેરચંદ મેઘાણી જેવા સમર્થ લોકસાહિત્યકાર નથી કે આપણે તેમની પાસેથી એવા ધરતીના ધાવણની આશા રાખી શકીએ.
- ગામડે ને શહેરે વસતા આપણા સમાજનાં ભાઈ-બહેનોની એ નૈતિક ફરજ થઈ પડે છે કે પ્રાચીન મુસ્લિમ સંતોની વાણીને લુપ્ત થતી અટકાવવી અને પ્રકાશમાં લાવવી.
- મુસ્લિમ લોકગાયકોની સંખ્યા પણ હવે નજીવી છે.
- ઢોલક અને એવાં પ્રાચીન વાજિંત્રોના કલાકારો પણ આપણા સમાજમાંથી લુપ્ત થઈ રહ્યા છે. એ લોકગાયકોને માટે આપણે કંઈક કરવું જોઈએ.
- ડાયરો માંડવામાં પણ આપણા મુસ્લિમ કલાકારોનો નાનોસૂનો ફાળો નથી.
- આ તબક્કે આપણે એ બધાને 'હૂમા' પક્ષીની જેમ સજીવન કરવા કંઈક કરવું જોઈએ.
- મુસ્લિમ સંતોની વાણી માત્ર લોકરંજનની હળવી ચીજ નથી.
- સંત કબીર અને તુલસીના સાહિત્યની જેમ અધ્યયનની ચીજ છે.

* અરબી સમુદ્રનો આખો પશ્ચિમ કાંઠો,
* સૌરાષ્ટ્ર,
* રાજસ્થાન,
* ઉત્તર ગુજરાતમાં
* મુસ્લિમ સંતોની વાણીની ભરમાર રહી છે.

- યુવાન મુસ્લિમ કવિઓ, સાહિત્યકારો જ્યારે આધુનિક સાહિત્યમાં આગવું સ્થાન ધરાવે છે તો એમને નમ્ર અનુરોધ છે કે મુસ્લિમ સંતોની વાણી માટે, મુસ્લિમ સમાજના લોકસાહિત્ય માટે એમના તરફથી સંશોધન આદરવામાં આવે.
- આ સંશોધન માટે મુસ્લિમ સમાજની

* શૈક્ષણિક સંસ્થાઓ તરફથી,
* સખાવતી ટ્રસ્ટો તરફથી,
* યુથ બોર્ડો,
* સોશ્યલ વેલફેર બોર્ડો જેવા સામાજિક કાર્ય કરતી સંસ્થાઓ તરફથી તથા
* કોમ-સમાજ-જમાતના માલદારો-શ્રીમંતો તરફથી સંશોધનકાળ માટે સ્કોલરશિપ અપાવી જોઈએ.
* આ સંશોધનથી જે ચીજ પ્રકાશમાં આવશે તેથી આપણા સમસ્ત મુસ્લિમ સમાજની સંસ્કૃતિનો સાચો પરિચય દેશ અને દુનિયામાં આપણે રજૂ કરી શકીશું અને આપણા આધુનિક જીવન ઉપર પણ એની સારી અસર થવા પામશે.

**સમર્પણઃ**

- આધુનિક એશ-આરામના યુગમાં તથા
- વિજ્ઞાનની નવી નવી શોધખોળોથી દુનિયાના માનવોના હૈયામાંથી,
- આપણા સમાજના લોકોના મનમાંથી પણ
- ઈમાન અર્થાત્ આસ્થા-શ્રદ્ધાની ભાવના ધીરે ધીરે ઓછી થઈ રહી છે ત્યારે
- પ્રાચીન મુસ્લિમ સંતોની વાણીના સાહિત્યના સંશોધનથી,
- આધુનિક યુગના આપણા સમાજના લોકોમાં આસ્થાની ભાવના સ્થિર બનશે-
- વધુ વિકાસ પામશે અને તેનો લાભ નવી પેઢીને પણ મળી રહેવા પામશે.
- આપણા સમસ્ત મુસ્લિમ સમાજના

* વિદ્વાનો,
* સાહિત્યકારો,
* પત્રકારો, લેખકો, કોલમનિષ્ટો,
* સખાવતીઓ અને
* સહુને આ બાબતમાં વહેલી તકે ઘટતું કરવા નમ્ર વિનંતી.

- આ સંસ્કારને એકવાર સંપૂર્ણ લુપ્ત થવા દઈશું તો
- દીને ઈસ્લામનો આ અતિ અમૂલ્ય વારસો હંમેશ માટે ખોઈ બેસીશું.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

ના માગ એની પાસે ગજાથી વધુ જીવન
એક પળ એ એવી દેશે વીતાવી નહીં શકે.

- 'મરીઝ' ■

## પહેલા પાનાનું ચાલુ

### અબ તેરા

આખી સિરીઝમાં એટલી બધી નબળી હતી કે પ્રવાસી ટીમના ખાસ કરીને બે સ્પિનર (સાઇમન હાર્મર અને કેશવ મહારાજ)ના કાંડાની અને આંગળીની કરામત સામે ભારતીય બૅટ્સમેનો સાવ નબળા પુરવાર થયા. આપણી જ ટર્નિંગ વિકેટો પર આપણા સ્પિનર્સે (રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, વૉશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ) સારું પર્ફોર્મ કર્યું, પરંતુ સાઉથ આફ્રિકાના સ્પિનર્સ સામે આપણા બૅટ્સમેનો સદંતર નિષ્ફળ ગયા, પાણીમાં બેસી ગયા.

સિરીઝમાં એકંદરે યશસ્વી જયસ્વાલની નિષ્ફળતા સાથે ઇનિંગ્સની શરૂઆત થઈ અને આગળ જતાં કે. એલ. રાહુલ, સાઇ સુદર્શન, ધ્રુવ જુરેલ પણ ફ્લૉપ રહ્યા અને રિષભ પંત તથા નીતીશ રેડ્ડીએ દાટ વાળ્યો. બૅટિંગમાં જાણે રવીન્દ્ર જાડેજા અને વૉશિંગ્ટન સુંદર જેવા ઑલરાઉન્ડર્સ પર આખી ટીમની બૅટિંગનો બોજ હતો એવું લાગ્યું. અનુભવીઓ વિનાની ટેસ્ટ ટીમે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં ટીમ ઇન્ડિયાનું નામ બોળ્યું. ગરદનના દુખાવાને કારણે સિરીઝથી દૂર થઈ ગયેલા શુભમન ગિલની ગેરહાજરીમાં ટીમના નૉન-રેગ્યુલર ખેલાડી રિષભ પંત પર કૅપ્ટન્સીનો બોજ આવી પડ્યો અને તેણે બોલિંગમાં નબળા નિર્ણયોની ઝલક આપી. નીતીશ કુમાર રેડ્ડીને વધારાના પેસ બોલર તરીકે ટીમમાં સમાવ્યો હોય, પણ તેને મોડી બોલિંગ આપવી અથવા ફક્ત ચાર જ ઓવર આપવી એ વળી કેવી સમજદારી કહેવાય? તો પછી અક્ષર પટેલ શું ખોટો હતો? વૉશિંગ્ટન સુંદરને કોલકાતાની પ્રથમ ટેસ્ટમાં વનડાઉનમાં મોકલવામાં આવ્યો અને ગુવાહાટીની બીજી મૅચમાં છેક આઠમા સ્થાને બેસાડી દીધો. કૅપ્ટન, કોચ અને ટીમના સિનિયર ખેલાડીઓથી બનેલા ટીમ-મૅનેજમેન્ટના કેટલાક નિર્ણયો પણ ભારતની શર્મનાક હાર માટે જવાબદાર છે.

ગૌતમ ગંભીરના કોચિંગમાં ભારત ૧૮માંથી ૧૦ ટેસ્ટ હાર્યું છે જેમાં બે વાઇટવૉશ સામેલ છે. બુધવારે ભારતનો ૪૦૮ રનથી પરાભવ થયો. એ સાથે, સૌથી વધુ માર્જિનથી પરાજિત થવામાં ભારતે પોતાનો નવો રેકૉર્ડ કર્યો. આ પહેલાં, ૩૪૨ રનના માર્જિનથી થયેલી હારનો (૨૧ વર્ષ પહેલાંનો) વિક્રમ હતો જે ૨૦૦૪માં નાગપુરમાં ઑસ્ટ્રેલિયા સામે નોંધાયો હતો. ■

### ગૌતમ ગંભીર

બૅટિંગ કરવી જોઈતી હતી. (ગુવાહાટીમાં પ્રથમ દાવમાં) ૯૫ રન પર એક જ વિકેટ હોય અને ૧૨૨મા રને જો સાતમી વિકેટ પડે તો એ ચાલે જ નહીંને. વ્યક્તિગત રીતે કે કોઈ ખાસ પ્રકારના શૉટને દોષ ન દેવો જોઈએ. હાર માટે દરેક ખેલાડી જવાબદાર કહેવાય. હું ક્યારેય કોઈ એક વ્યક્તિને (એક ખેલાડીને) દોષી નથી માનતો. ભવિષ્યમાં પણ આ જ અભિગમ રાખીશ.

- રેડ બૉલ ક્રિકેટ (ટેસ્ટ ક્રિકેટ) વાઇટ બૉલ ક્રિકેટ (વન-ડે તથા ટી-૨૦)થી સાવ ભિન્ન છે. એમાં (રેડ બૉલ ક્રિકેટમાં) અલગ જ પ્રકારના કૌશલ્યથી રમવું પડે. એમાં સૌથી આક્રમક અને સૌથી આકર્ષક બૅટ્સમૅનની જરૂર ન પડે. એમાં તો ઓછી કુશળતા હોવા છતાં સુદૃઢ માનસિકતા ધરાવતા હોય એવા બૅટ્સમૅનની જરૂર પડે જે કોઈ પણ પિચ પર કોઈ પણ પરિસ્થિતિમાં સારું રમી શકે, અડીખમ રહી શકે. ■

### હૉંગ કૉંગમાં

ઇમારતો એકબીજાની નજીક ભડભડ સળગતી જોવા મળે છે. રાત પડતાં અનેક એપાર્ટમેન્ટની બારીઓમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા નીકળતા નજરે પડે છે. તાઇપો ડિસ્ટ્રિક્ટ કાઉન્સિલના મેમ્બર લો હિયુ-ફંગે બુધવારે સ્થાનિક ટીવી સ્ટેશન ટીવીબીને જણાવ્યું કે આગમાં ફસાયેલા મોટાભાગના લોકો વૃદ્ધ હોવાનું જણાવાઇ રહ્યું છે. ■

### કૉમનવેલ્થ ગૅમ્સ

ગુજરાત માટે ગૌરવશાળી છે. ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની આગેવાનીમાં ભારતનું ડેલિગેશન ગ્લાસગો પહોંચ્યું હતું. ગ્લાસગ્લોમાં યોજાયેલી બેઠકમાં સભ્ય દેશોની અમદાવાદના નામ પર મહોર લાગી હતી. ૨૦૩૦ની કોમનવેલ્થ બોલીમાં ભારતનો મુકાબલો નાઇજીરિયાના શહેર અબુજા સાથે હતો, પરંતુ કોમનવેલ્થ સ્પોર્ટે આફ્રિકન દેશને ૨૦૩૪ એડિશન માટે વિચારમાં રાખવાનો નિર્ણય કર્યો હતો.

અમદાવાદને યજમાની મળતાં પહેલીવાર એવું બન્યું હતું કે, કોઈ ઇન્ટરનેશનલ લેવલની મલ્ટિસ્પોર્ટ્સ ગૅમ્સનું આયોજન દિલ્હી બહાર થશે. એટલું જ નહીં, ૨૦૩૦ માટે અમદાવાદને યજમાની મળતાં એક સંયોગ એવો પણ છે કે ત્યારે કોમનવેલ્થ ગેમ્સના આયોજનની ૧૦૦મી વર્ષગાંઠ પણ હશે. કોઈપણ દેશ માટે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવું એ માત્ર રમતગમતના દૃષ્ટિકોણથી જ નહીં, આંતરરાષ્ટ્રીય સ્તરે એની સમૃદ્ધિ, વિઝન અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની રીતે પણ મહત્ત્વનું માનવામાં આવે છે. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ઉત્સાહભેર જણાવ્યું હતું કે, આ ક્ષણ ગુજરાત તથા ભારત માટે અત્યંત ગૌરવપ્રદ ક્ષણ છે. આ પ્રસંગે કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના પ્રધાન ડો.મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, 'અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ એ ભારતની વિકાસયાત્રાનો તથા રમતગમતને રાષ્ટ્રીય વિકાસના સાધન તરીકે અપનાવવાની પ્રતિબદ્ધતાનો ઉત્સવ બની રહેશે. આ સીમાચિહ્ન 'વિકસિત ભારત ૨૦૪૭'ના આપણા વિઝનને મજબૂત બનાવશે અને પ્રભાવશાળી, સમાવેશી તથા ટકાઉ રમતગમત કાર્યક્રમોનું આયોજન કરવામાં ભારતની વૈશ્વિક નેતૃત્વક્ષમતાને વધુ સુદૃઢ કરશે. ■

### રેટકટના આશાવાદે

૧૦૨૨.૫૦ પૉઈન્ટના ઉછાળા સાથે ૮૫,૬૦૦ની સપાટી પાર કરી ગયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીએ ૩૨૦.૫૦ પૉઈન્ટની તેજી સાથે ૨૬,૨૦૦ની સપાટી કુદાવી હતી. ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૮૫.૩૨ કરોડની ચોખ્ખી લેવાલી રહ્યા બાદ આજે રૂ. ૧૬,૨૩૨.૧૪ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૪૫૪.૧૧ કરોડની વેચવાલી રહેતાં રૂ. ૪૭૭૮.૦૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. તેમ જ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની પણ રૂ. ૧૬,૩૩૪.૦૯ કરોડની ખરીદી સામે રૂ. ૧૦,૦૮૬.૧૬ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૬૨૪૭.૯૩ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. આમ વૈશ્વિક તેજી સાથે સ્થાનિક અને દરિયાપારની સંસ્થાકીય લેવાલીને ટેકે તેજીને ઈંધણ મળ્યું હતું. ■

### ઈમરાન

લગભગ દર પંદર દિવસે ઈમરાન ખાનને મળતા વકીલનું પણ આ જ કહેવું છે. ઈમરાન ખાનના પરિવારનું કહેવું છે કે ન તો અમને ઈમરાનની તબિયત સંબંધિત ખબર આપવામાં આવી રહી છે અને ન તો હમણાં એ ક્યાં છે એ અંગે જાણકારી આપવામાં આવે છે. એક અફવા મુજબ ઈમરાન ખાનને છાની રીતે બીજી જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. અન્ય એક થિયરી મુજબ કોઈ બીમારીને કારણે ઈમરાન ખાનનું મૃત્યુ થયું છે. સમાચારપત્રના અહેવાલ મુજબ ઈમરાન ખાન વર્ટિગો અને ટિટનિસ જેવી બીમારીઓ સામે ઝઝૂમી રહ્યા છે. તબીબી અહેવાલ મુજબ ઈમરાન ખાનની એક કાનથી સાંભળવાની શક્તિ સતત ઘટી રહી છે અને તેનો ઈલાજ પણ ચાલી રહ્યો છે. ઈમરાન ખાનને અનેક મહિનાઓથી એકાંત કારાવાસમાં રાખવામાં આવ્યા છે.

એક અફવા મુજબ સેનાના વડા આસિમ મુનિર અને આઈએસઆઈના ઈશારે જેલમાં જ ઈમરાનની હત્યા કરી દેવામાં આવી છે.

દરમિયાન ઈમરાન ખાન સાથે જેલમાં મુલાકાતની માગણી પર અડગ રહેલી ત્રણે બહેનો નોરિન, આલિમા અને ઉજમા ખાન સાથે મારપીટ કરવામાં આવી હોવાના પણ આક્ષેપ છે.

ઈમરાન ખાનના પક્ષ પાકિસ્તાન-તહેરિકે-ઈન્સાફ (પીટીઆઈ)નું કહેવું છે કે પોલીસે ઈમરાન ખાનની બહેનો સાથે મારપીટ કરી હતી. આલિમાને કસ્ટડીમાં લેવામાં આવી હતી, પરંતુ જલદી જ તેને છોડી દેવામાં આવી હતી.

પીટીઆઈના સંખ્યાંબંધ સમર્થકો જેલની બહાર એકઠાં થઈ ગયા હતા અને ઈમરાનના આરોગ્ય અંગે જાણકારી આપવાની માગણી કરી રહ્યા હતા. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને અને હિંસા ભડકી ન ઊઠે તે માટે જેલની બહાર સેકડો પોલીસ કર્મચારીઓને ગોઠવી દેવામાં આવ્યા છે. ■

## ગુજરાતમાં દ્વારકા-કાનાલૂસ રેલ લાઈનનું ડબલિંગ, કેન્દ્રએ આપી મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્ર સરકારે બુધવારે ગુજરાતમાં દ્વારકા-કનાલુસ રેલ લાઇનને ડબલ કરવાના કામને મંજૂરી આપી હતી. રેલવે તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપતા જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિની બેઠકમાં કુલ રૂ. ૨,૭૮૧ કરોડના ખર્ચે બે પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. જેમાં દેવભૂમિ દ્વારકા (ઓખા)-કનાલુસ રેલ લાઇન યાત્રાધામ દ્વારકાધીશ મંદિર સાથેની કનેક્ટિવિટી સુધારશે, અને આ સાથે કોલસો, મીઠું, કન્ટેનર અને સિમેન્ટ જેવી ચીજવસ્તુઓના પરિવહનમાં મદદ મળશે.

તેમના ફાયદાઓની રૂપરેખા આપતા, સરકારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોના ચાર જિલ્લાઓને આવરી લેતા બે પ્રોજેક્ટ્સ ભારતીય રેલવેના હાલના નેટવર્કમાં લગભગ ૨૨૪ કિલોમીટરનો વધારો કરશે. તેમજ, મંજૂર થયેલ મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ લગભગ ૩૨ લાખ વસ્તી ધરાવતા લગભગ ૫૮૫ ગામડાઓ સાથે કનેક્ટિવિટી વધારશે.

આ પ્રોજેક્ટ્સનું આયોજન પીએમ-ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન અનુસાર કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ્સ લોકો માલસામાન અને સેવાઓની અવરજવર માટે સરળ કનેક્ટિવિટી પ્રદાન કરશે, તેમ વૈષ્ણવે જણાવ્યું હતું.

કાનાલુસથી ઓખા (દેવભૂમિ દ્વારકા) સુધી મંજૂર થયેલ ડબલિંગ દ્વારકાધીશ મંદિરને મુખ્ય યાત્રાધામો સુધી પહોંચવાની સુવિધા આપશે અને સૌરાષ્ટ્ર ક્ષેત્રના સર્વાંગી વિકાસ તરફ દોરી જશે, તેમ સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

## સાબરકાંઠાના હિંમતનગરમાં ટ્રકે રોલરને ટક્કર મારતાં એન્જિનિયર સહિત ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠાના હિંમતનગર નજીક અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે ૪૮ પર આવેલા જીઆઈડીસી ઓવરબ્રિજ પર મંગળવારે મોડીરાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર રોડ નિર્માણની કામગીરી ચાલી રહી હતી ત્યારે એક સિમેન્ટ ભરેલા ટ્રક-ટ્રેલરે સેફ્ટી ગાર્ડ તોડીને રોડ રોલરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આ ગોઝારી દુર્ઘટનામાં રોલરની આગળ ઊભેલા એક એન્જિનિયર તથા ત્રણ શ્રમિક સહિત કુલ ચાર વ્યક્તિ કચડાઈ જતાં તેમનાં કરુણ મોત નીપજ્યાં હતાં, જેમાં ટ્રેલરનાં ટાયર નીચે પણ કેટલાક કચડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ દુર્ઘટના એવા સમયે બની છે, જ્યારે બુધવારે બપોર બાદ કેન્દ્રીય માર્ગ પરિવહનપ્રધાન નીતિન ગડકરી અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હિંમતનગરના મોતીપુરાથી ચિલોડા સુધીના નેશનલ હાઈવે ૪૮ના માર્ગનું નિરીક્ષણ કરવાના હતા. આ મહત્ત્વના નિરીક્ષણને ધ્યાનમાં રાખીને જ રોડ, ઓવરબ્રિજ અને સર્વિસ રોડ બનાવવાની કામગીરી રાત્રિ દરમિયાન પુરજોશમાં ચાલી રહી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના મંગળવારે રાત્રે આશરે ૧૧:૪૫ વાગ્યે બની હતી. હિંમતનગરથી અમદાવાદ તરફ જઈ રહેલા સિમેન્ટ ભરેલા ટ્રક-ટ્રેલરના ચાલકે બેફામ ગતિએ વાહન ચલાવીને ઓવરબ્રિજ પર રોડ બનાવવાની કામગીરીમાં વ્યસ્ત રોલરને પાછળથી ટક્કર મારી દીધી હતી.

ટ્રકની ટક્કર એટલી જોરદાર હતી કે રોલર એના પર ફરી વળ્યું હતું. રોલરની આગળ ઊભેલી ચાર વ્યક્તિમાં એન્જિનિયર અસીમ અક્ષય મજમુદાર (ઉં.વ. ૩૬, પશ્ચિમ બંગાળ) તેમજ શ્રમિકો સોમાભાઈ ચતુરભાઈ નાયક (ઉં.વ. ૫૨, મહીસાગર), ભેમાભાઈ સુરમાભાઈ નાયક (ઉં.વ. ૪૫, મહીસાગર) અને રઘુભાઈ રમણભાઈ નાયક (ઉં.વ. ૧૮, મહીસાગર) રોલર નીચે કચડાઈ ગયા હતા. ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ તેમનાં મોત નીપજ્યાં હતાં. રોલરચાલક બાબુલાલને પણ ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. આ ગમખ્વાર દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોમાં અસીમ અક્ષય મજમુદાર (એન્જિનિયર, પશ્ચિમ બંગાળ), સોમાભાઈ ચતુરભાઈ નાયક (શ્રમિક, મહીસાગર), ભેમાભાઈ સુરમાભાઈ નાયક (શ્રમિક, મહીસાગર), રઘુભાઈ રમણભાઈ નાયક (શ્રમિક, મહીસાગર)નો સમાવેશ થાય છે.

અકસ્માત સર્જ્યા બાદ ટ્રક-ટ્રેલરનો ચાલક પોતાનું વાહન ઓવરબ્રિજના છેડે મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

## અમદાવાદમાં ઘરે ઘરે દરદીઓના ખાટલા, ડબલ ઋતુને લીધે રોગચાળો વકર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ગયા અઠવાડિયે ઠંડીનું પ્રમાણ વધ્યું હતું જે ચાલુ અઠવાડિયામાં ઘણું ઓછું જણાઈ રહ્યું છે. દિવસ દરમિયાન ગરમી અને સવાર સાંજ ઠંડીના માહોલ વચ્ચે રોગચાળો વકરી રહ્યો છે અને શહેરમાં ઘરે ઘરે બીમારી જોવા મળે છે. તાવ-શરદી, ઉધરસ સાથે મલેરિયા, ટાઈફોઈડ, માઈગ્રેન અને સાયનસના દરદીઓ પણ વધ્યા હોવાનું ડોક્ટરો જણાવી રહ્યાં છે.

ચાલુ મહિનામાં અમદાવાદ શહેરમાં મલેરિયાના ૧૦૩ કેસ નોંધાયા છે, તો વળી, ડેન્ગ્યૂના ૬૨ કેસો, ઝાડા-ઉલટીના ૨૧૦, ટાઇફોઇડના ૧૬૪ કેસ અને કમળાના ૯૯ કેસો નોંધાતા ખળભળાટ મચી ગયો છે. સરકારી દવાખાનાઓ સાથે ખાનગી દવાખાનાઓમાં પણ દરદીઓની લાઈન લાગી છે.

મનપાના યુએચસી અને સીએચસી સેન્ટરોમાં રોજના ૧૫૦૦ આસપાસ વાયરલ ફીવરના કેસ નોંધાતા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતુ. નવેમ્બર મહિનાના ૨૦ દિવસમાં જ મલેરિયાના ૪૧ કેસ, ડેન્ગ્યૂના ૬૧ કેસ અને ઝેરી મલેરિયાના ૩૨ કેસ નોંધાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ઉપરાંત ઝાડા-ઉલ્ટી, ટાઈફોઈડ, કમળાના કેસ પણ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. ચાલુ વર્ષના કેસના આંકડાની વાત કરીએ તો ડેન્ગ્યૂના ૧૫૦૧, ચિકનગુનિયાના ૧૭ સાદા મલેરિયાના ૮૮૮ કેસ, ઝેરી મલેરિયાના ૧૯૩ કેસ, કેસ અને કેસ નોંધાયા છે. જ્યારે પાણીજન્ય કેસમાં દરદીઓની સંખ્યા હજારોમાં છે.

## મહેસાણામાં ૧૩ વર્ષના વિદ્યાર્થીને હાર્ટ અટેકઃ ફૂટબોલ રમતા ઢળી પડ્યો

અમદાવાદઃ બે દિવસ પહેલા રાજકોટમાં સ્કૂલમાં વોલીબોલ રમતા એક ૧૮ વર્ષનો યુવાન હાર્ટ એટેકથી મૃત્યુ પામ્યો હતો ત્યારે ફરી માત્ર ૧૩ વર્ષના કિશોરનું ફૂટબોલ રમતા રમતા હાર્ટ એટેકથી મોત થયાના અહેવાલો બહાર આવ્યા હતા.

મહેસાણા-અમદાવાદ હાઈ-વે પર આવેલી તપોવન ઇન્ટરનેશનલ સ્કૂલમાં ફૂટબોલ રમતા ૧૩ વર્ષના વિદ્યાર્થીને હાર્ટ એટેક આવ્યો હતો, જેના કારણે તેનું ઘટનાસ્થળ પર જ મોત થઈ ગયું હતું. મળતી વિગતો પ્રમાણે આ વિદ્યાર્થી વાંકાનેરનો રહેવાસી હતો. આ શાળામાં ત્રણ વર્ષ પહેલા ભણવા માટે આવ્યો હતો. મૂળ વાંકાનેરની ધરમ સોસાયટીનો રહેવાસી જૈમીલ ગૌતમભાઈ કંસગારા રવિવારે તપોવન ઇન્ટરનેશનલ સ્કૂલના મેદાનમાં તેના અન્ય મિત્રો સાથે ફૂટબોલ રમી રહ્યો હતો. આ દરમિયાન ફૂટબોલ રમતા રમતા અચાનક જૈમીલ ઢળી પડ્યો અને બેભાન થઈ ગયો હતો. સત્વરે સારવાર માટે જૈમીલને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલમાં ફરજ પર હાજર તબીબોએ જૈમીલને મૃત જાહેર કર્યો હતો. આ અંગે મહેસાણા સિવિલ હોસ્પિટલના તબીબનું કહેવું છે કે, ફાઈનલ રિપોર્ટ આવ્યાં બાદ મોતનું સાચું કારણ જાણી શકાશે. અત્યારે માત્ર એટલું કહી શકાય કદાચ વધુ દોડવાના કારણે તેના હૃદય પર અસર થઈ હોઈ શકે અને લોહી જામી જવાના કારણે તેના હાર્ટ બંધ થયું હોય. જોકે, ડોક્ટરોના જણાવ્યાં પ્રમાણે આ માત્ર સંભાવનાઓ છે, કોઈ ચોક્કસ કારણ નથી. પરંતુ નાના બાળકોમાં આવી સમસ્યાઓ વધી રહી છે તે ખરેખર ચિંતાનો વિષય છે.

## તાપી નદી પર ૯૭૪ કરોડના ખર્ચે ત્રણ વર્ષમાં નવો બેરેજ બનશે, ૮૦ લાખની વસ્તીને લાભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતના લાખો લોકોને પીવાના પાણીની સમસ્યામાંથી રાહત આપવા માટે ગુજરાત સરકારે તાપી નદી પર નવો ગેટેડ બેરેજ બાંધવાની મહત્ત્વાકાંક્ષી યોજનાને મંજૂરી આપી છે. અંદાજે રૂ. ૯૭૪ કરોડના ખર્ચે તૈયાર થનારા આ પ્રોજેક્ટનો ડીટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તાજેતરમાં મંજૂર થઈ ચૂક્યો છે, સુરતના મેયર દક્ષેશ માવાણીના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટનું કામ એક જ ફેઝમાં શરૂ કરવામાં આવશે. આ યોજના રાજ્ય અને કેન્દ્ર સરકારના સહયોગથી આકાર લેશે. કુલ ખર્ચના ૬૦ ટકા રકમ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવશે, જ્યારે બાકીના ૪૦ ટકા ખર્ચ રાજ્ય સરકાર અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વહન કરવામાં આવશે. ડીટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) મંજૂર થતા હવે ટૂંક સમયમાં જ બાંધકામની કામગીરી શરૂ થવાના સંકેતો છે. આ બેરેજનું કામ આશરે ત્રણેક વર્ષ સુધી ચાલશે. તાપી નદી ઉપર હાલ ઊકાઈ ડેમ, કાકરાપાર વિયર અને સિંગણ વિયર આવેલા છે, પરંતુ દરિયાની ભરતીનું પાણી વિયર-કમ-કોઝવે સુધી આવવાથી આજુબાજુના ૧૦ કિલોમીટરના વિસ્તારમાં જમીનમાં ખારાશ ભળી ગઈ છે. આ બેરેજથી ભરતીનું ખારું પાણી નદીમાં આવતું રોકાશે. નવા બેરેજનો મુખ્ય હેતુ મીઠા પાણીનું સરોવર બનાવી સુરત શહેરની પીવાના પાણીની સમસ્યાનું નિવારણ કરવાનો છે.

## વડોદરાના સાંસદનું રાહુલ ગાંધીને યુનિટી માર્ચમાં જોડાવા આમંત્રણ

અમદાવાદઃ લોકસભાના ભાજપના ડો. હેમાંગ જોશીએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે આયોજિત ''એકતા માર્ચ''માં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. તેમણે આ અંગે રાહુલ ગાંધીને પત્ર પણ લખ્યો હતો. તેમણે રાહુલ ગાંધીને આ માર્ચમાં જોડાવા અને રાષ્ટ્રીય એકતાના મુદ્દા પર તમામ પક્ષો એક સાથે ઊભા રહેવાનો સંદેશ આપવા વિનંતી કરી હતી. વડોદરા લોકસભા મતવિસ્તારના ભાજપના સાંસદ ડો. હેમાંગ જોશીએ કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને પત્ર લખીને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે આયોજિત ''એકતા માર્ચ''માં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. જણાવી દઈએ કે, ભારત સરકાર દ્વારા આ એકતા માર્ચ ૨૬ નવેમ્બરથી ૬ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન યોજાઈ રહી છે.આ માર્ચ ૨૯-૩૦ નવેમ્બરના રોજ વડોદરામાંથી પસાર થશે. આ પત્રમાં ડો. જોશીએ જણાવ્યું હતું કે, આ માર્ચ રાજકારણથી ઉપર છે અને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક છે. તેમણે જણાવ્યું હતું કે, આ માર્ચ સરદાર પટેલના આદર્શોને સમર્પિત છે. તેમણે રાહુલ ગાંધીને માર્ચમાં જોડાવા અને રાષ્ટ્રીય એકતાના મુદ્દા પર તમામ પક્ષો એકતામાં ઉભા છે, તે સંદેશ આપવા વિનંતી કરી હતી.

## અમદાવાદના સરખેજ ફતેવાડી ખાતે ૧૫૯ કરોડના ખર્ચે નવો એસટીપી પ્લાન્ટ બનશે, ૧૨ લાખથી વધુ લોકોને ગટરની સમસ્યામાંથી મુક્તિ

અમદાવાદઃ શહેરમાં દિન-પ્રતિદિન વધતી જતી વસ્તી અને શહેરી વિકાસને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ વિસ્તારના બોપલ, થલતેજ, ભાડજ, હેબતપુર, સરખેજ સહિતના વિસ્તારોમાં રહેતા ૧૨ લાખથી વધુ નાગરિકોને ડ્રેનેજની ગંભીર સમસ્યામાંથી મુક્તિ મળે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો. આવતીકાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સરખેજ-ફતેવાડી ખાતે રૂ. ૧૫૯ કરોડના ખર્ચે નવો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) અને ડ્રેનેજ લાઇન નાખવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આ દરખાસ્ત કોન્ટ્રાક્ટર ખિલાડી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લિમિટેડને ૩૨ ટકા ઓછા ભાવે સોંપવામાં આવશે. બે વર્ષમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

બોપલ, થલતેજ, ભાડજ, હેબતપુર, સરખેજ વિસ્તારોની જુદી જુદી ટી.પી. સ્કીમોમાં રહેણાંક અને કોમર્શિયલ ડેવલોપમેન્ટ થઈ રહ્યું છે જેના કારણે ડ્રેનેજનો ફ્લો વધશે. આ વિસ્તારમાં ગટરના પાણી બેક મારતા હોવા અંગેની સમસ્યાઓ ઉદભવી રહી છે. નીચાણવાળા વિસ્તારો જેવા કે દક્ષિણ બોપલ, શાંતિપુર સર્કલ પાસે એપલવોડ ટાઉનશીપ સામેનો વિસ્તાર, સરખેજના એસ.પી રીંગ રોડને સમાંતર વિસ્તારોમાં મક્તમપુરા, સનાથલ જેના વિસ્તારોમાં માળખાગત ડ્રેનેજ નેટવર્કની સુવિધાના અભાવે ભારે વરસાદ દરમિયાન આ વિસ્તારોમાં રસ્તા ઉપર પાણીના નિકાલ માટે સ્થાનિકો દ્વારા રજૂઆત આવે છે. જેથી નવી ડ્રેનેજ લાઈન અને સુએજ પંપિંગ સ્ટેશન બનાવવાની જરૂરિયાત ઊભી થતાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવો એસટીપી પ્લાન્ટ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. શહેરના ફતેવાડી વિસ્તારમાં આગામી વર્ષ ૧૨૩૬ અને ૧૨૫૦ને ધ્યાનમાં રાખીને શાંતિપુરા સર્કલથી સાબરમતી નદી સુધી ૨૪૦૦ એમએમની પાઇપલાઇન રાખવા સાથે નવું ડ્રેનેજ પંપિંગ સ્ટેશન અને એસટીપી બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું.

## ભાવનગરમાં ધાર્મિક-રહેણાંક સહિત 30 દબાણો દૂર કરાયાંઃ 3000 ચો.મી. જગ્યા ખુલ્લી કરાઈ

અમદાવાદઃ ભાવનગરમાં તંત્રનું દબાણ મુક્તિ અભિયાન અકવાડા મદરેસા બાદ બુધવારે નવાપરા કબ્રસ્તાન પાસે આવેલી સરકારી જમીન પરનાં દબાણો પર બૂલડોઝર ફર્યું હતું. વર્ષોથી ચાલતા ગેરકાયદેસર ગેરેજ, ભંગારની દુકાનો અને એક ધાર્મિક સ્થાન સહિત કુલ ૨૫થી ૩૦ દબાણો પર કાર્યવાહી કરાઈ હતી. સીટી સર્વે દ્વારા આપવામાં આવેલી આખરી નોટિસ બાદ વહેલી સવારે સીટી મામલતદાર અને ૧૦૦થી વધુ પોલીસ કાફલા સાથે ડીમોલેશન થયું હતું. અંદાજે ૬૦ કરોડની ૩ હજારથી ૩,૫૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જગ્યા ખુલ્લી કરાઈ છે. ભાવનગર શહેરમાં તંત્ર દ્વારા દબાણો પર તવાઈ બોલાવવાનું શરૂ કર્યું હતું, બે દિવસ પૂર્વે અકવાડા મદરેસાના રસ્તા પર કરેલ બાંધકામ પર મહાનગર પાલિકા દ્વારા ડીમોલેશન કર્યું ત્યાર બાદ શહેરના નવાપરા કબ્રસ્તાનવાળી જગ્યા તરીકે ઓળખાતી સરકારી જમીનમાં લાંબા સમયથી ગેરકાયદેસર રીતે ઓટો ગેરેજ અને ભંગાર સહિત દબાણો ખડકાયેલા હતા. જેમાં ૨૫થી ૩૦ જેટલા દબાણકારોને દબાણ ખુલ્લું કરવા આપેલી અંતિમ તારીખ ૧૮ નવેમ્બરથી ૨૫મી નવેમ્બર સુધીમાં દબાણો ખુલ્લા કરવા સીટી સર્વે દ્વારા આખરી નોટિસ આપવામાં આવી હતી. જેમાં સરકારી જગ્યા પર કરેલ દબાણ ગેરેજ, ભંગારની દુકાનો અને ૧ ધાર્મિક સ્થાન અને ઓફિસ સહિતની ૨૫થી ૩૦ બાંધકામો પર સીટી મામલતદાર, ૧૦૦ પોલીસ કર્મીઓના કાફલા સાથે વહેલી સવારે ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું છે

## ગુજરાત સરકારે જન્મ-મરણના પ્રમાણપત્રમાં કર્યો મહત્ત્વનો સુધારોઃ બાળકના પિતાનું નામ ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે જન્મ-મરણના દાખલા સંબંધિત એક મોટો ફેરફાર કર્યો છે. જે અનુસાર જન્મના પ્રમાણપત્રમાં બાળકના જૈવિક પિતાનું નામ દાખલ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ સાથે છૂટાછેડા લીધેલા દંપતીઓ, સિંગલ પેરેન્ટ્સ અને નામમાં અટક કે ક્રમ બદલવા માગતા અરજદારો માટે પણ સ્પષ્ટ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. માર્ગદર્શિકા અનુસાર જો બાળકના માતા-પિતાના છૂટાછેડા થયા હોય અને કોર્ટના આદેશ મુજબ કસ્ટડી માતા પાસે હોય તો તેવા કિસ્સામાં બાળકના જન્મના પ્રમાણપત્રમાં નામની પાછળ માતાનું નામ અને અટક લખી શકાશે, આ ફેરફાર માટે જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. જોકે પિતાના નામની કોલમમાં જૈવિક પિતાનું નામ લખવું ફરજિયાત રહેશે, તેમ નવા પરિપત્રમાં જણાવવામાં આવ્યું હતું. આ સાથે જો અરજદાર ઈચ્છે તો બાળકના નામ પાછળ પિતાનું નામ અને અટક લખવાની ટાળી શકે છે અને માત્ર બાળકનું નામ જ લખાવી શકશે. આ સાથે નવા નિયમ અનુસાર અરજદાર ક્રમાંક પણ નક્કી કરી શકે છે.

## જિજ્ઞેશ મેવાણી બાદ અનંત પટેલે પણ પોલીસના પટ્ટા ઉતારવાની ધમકી ઉચ્ચારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કોંગ્રેસની જન આક્રોશ રેલી દરમિયાન નેતાઓના નિવેદનો વિવાદાસ્પદ થઈ રહ્યા છે. અગાઉ પક્ષના વિધાનસભ્ય જિજ્ઞેશ મેવાણીએ પોલીસના પટ્ટા કાઢી લેવાની વાત કરી હતી, જેનો વિરોધ પણ નોંધાયો હતો ત્યારે ફરી પક્ષના ધારાસભ્ય અનંત પટેલે નવસારી ખાતેની રેલીમાં આવું જ નિવેદન પોલીસ માટે આપ્યું હતું.

નવસારીના સાદડવેલ કાવેરી શુગરની હરાજીના વિરોધમાં યોજાયેલી ખેડૂત આક્રોશ રેલીમાં અનંત પટેલે પોલીસ વિભાગને સંબોધીને કહ્યું હતું કે જો તમારે દારૂ-જુગારના પૈસા લેવા હોય, ચકલી-પોપટના પૈસા લેવા હોય, ડ્રગ્સ પેડલર્સ પાસેથી પૈસા લેવા હોય તો તમે ચેતી જજો, કેમ કે ૨૦૨૭માં અમારી સરકાર આવે છે અને પછી તમારા પટ્ટા ઉતરી જશે.

અગાઉ થરાદના શિવનગરમાં દારૂના દૂષણ મામલે જિજ્ઞેશ મેવાણી આક્રમક બન્યા હતા અને તેમણ થરાદના એસપી સહિતના પોલીસ સ્ટાફને પટ્ટા ઉતારી દેવાની વાત કરી હતી. ત્યારબાદ પોલીસ પરિવારે વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. આ મામલે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ડિગ્રી હોય છતાં સંસ્કાર ન હોવાનો ટોણો માર્યો હતો.

## કરમસદથી કેવડિયા સુધી એકતા યાત્રાનો પીએમ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પ્રારંભ

અમદાવાદઃ ભારતના લોખંડી પુરુષ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઊજવણીના ભાગરૂપે કરમસદથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી એકતા અને અખંડિતતાના મજબૂત સંદેશ સાથે યોજાનાર રાષ્ટ્રીય પદયાત્રાના શુભારંભ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે કરમસદ સ્થિત સરદાર પટેલના નિવાસ સ્થાનની મુલાકાત લઈ સરદાર સાહેબની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી ભાવાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીનીએ વર્ચ્યુઅલી હાજરી આપી હતી. ભૂપેન્દ્રભાઈ પટેલ અને ત્રિપુરાના મુખ્ય પ્રધાન માનિક સાહા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ સરદાર પટેલ અને વિઠ્ઠલભાઇ પટેલની પ્રતિમાઓને સુતરની આંટી અર્પણ કરી હતી. પટેલે સરદાર સાહેબનાં નવા સ્ટેચ્યૂનું અનાવરણ કર્યું હતું. મુખ્ય પ્રધાન નિવાસ સ્થાનમાં આવેલ સરદાર સાહેબની ફેમિલી ટ્રી થી માહિતગાર થયા હતા.

ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, દેશના મહાન શિલ્પી સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીના અવસરે તેમને યાદ કરીને એકતાનો સંદેશ ફેલાવવા માટે આ રાષ્ટ્રીય એકતા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા રાષ્ટ્રીય ભાવના અને એકતાના પ્રતીકરૂપે ઊભરી આવશે. કરમસદથી કેવડિયા સુધીની આ યાત્રા દેશની એકતા અને અખંડિતતા માટે સરદાર સાહેબના અમૂલ્ય યોગદાનને જન-જન સુધી પહોંચાડવાનો પ્રયાસ છે.

આ યાત્રા કરમસદથી કેવડિયા સુધી કુલ ૧૫૨ કિલોમીટરનું અંતર કાપશે. જેમાં વિવિધ સંસ્થાઓ જોડાશે અને સાથે વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમને ધ્યાને રાખીને સુરક્ષા અને વ્યવસ્થાપન માટે જિલ્લા તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## રાજકોટ મનપાએ ૧૧,૧૭૧ વેરા બાકીદારોને મિલકત જપ્તીની નોટિસ ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃઃ રાજકોટ મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા મિલકત વેરાનો ચાલુ વર્ષનો રૂ.૪૫૪ કરોડનો લક્ષ્યાંક પૂર્ણ કરવા બાકી દારો વિરુદ્ધ કડક કાર્યવાહી શરૂ કરી હતી. ગત વર્ષની તુલનાએ આ વર્ષે ૧ લાખથી વધુ જૂના બાકીદારોને નોટિસ આપવાનુ શરૂ કર્યું છે. અત્યાર સુધીમાં ૫૦ હજારથી વધુ રકમ બાકી હોય તેવા ૧૧૧૭૧ આસામીઓને રૂબરૂ નોટીસ આપી સમય મર્યાદામાં વેરો ભરપાઇ કરવાની સૂચના આપી છે. જે પૈકી ૬૬૫ બાકી દારોને મિલકત જપ્તી અંગે નોટિસ ફટકારવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

મનપાના વેરા વિભાગ દ્વારા વર્ષના પ્રારંભે વળતર યોજના અતર્ગત બે લાખથી વધુ પ્રમાણિક કરદાતાઓ પાસેથી વેરા વસૂલાત કરી છે. જે બાદ બાકી રહી ગયેલા ૩૦ હજારથી વધુ કરદાતાઓએ વેરો ભરપાઇ કરતા મનપાની આજ સુધીની આવક રૂા.૩૦૦ કરોડને પાર થઇ ગઇ છે. મનપાની હદમાં આવતી અંદાજે ૫.૩૦ લાખ મિલકતો પૈકી અડધોઅડધ મિલકત ધારકોનો વેરો બાકી હોય વેરા વિભાગે પોસ્ટ મારફતે બિલ-કમ-ડિમાન્ડ નોટિસ પાઠવ્યા બાદ હવે મિલકત જપ્તી તેમજ સીલિંગ સહિતની કામગીરી હાથ ધરવા બાકીદારોનું લિસ્ટ તૈયાર કરી તમામને ઘરે જઇને નોટિસની બજવણી કરવામાં આવી છે.

શહેરના ત્રણેય ઝોનના ૧૮ વોર્ડમાં આવેલા કોમર્શિયલ અને રહેણાંકની મિલકતો કે, જેમનો રૂા.૫૦ હજારથી વધુ વેરો બાકી હોય તેવા ૧૧૧૭૧ મિલકત ધારકોને નોટિસ આપવામાં આવી છે. તેવી જ રીતે અગાઉ ડિમાન્ડ નોટિસ અપાઇ ચૂકી હોય અને આજ સુધી વેરો ભરપાઇ ન કર્યો હોય તેવા ૬૬૫ મિલકત ધારકોને જપ્તીની નોટિસ આપવામાં આવી છે. ચાલુ વર્ષ દરમિયાન અલગ અલગ વિસ્તારમાં આવેલ કોમર્શિયલ સહિતની ૨૦૭ મિલકતો સીલ કરવામાં આવી છે. જે પૈકી અમૂક મિલકત ધારકોએ રકમ ભરપાઇ કરતા ૪૦થી વધુ મિલકતોના સીલ ખોલવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. મહાનગરપાલિકાના વેરા વિભાગને ચાલુ વર્ષના બજેટમાં વેરાની આવકમાં રૂા.૪૫૪ કરોડનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. જેમાં આજ સુધી મનપાની આવક ૩૦૦ કરોડને પાર થઇ ચૂકી છે. આમ છતા ૧૫૪ કરોડ ભેગા કરવા હવે વેરા વિભાગે કમર કસી બાકી દારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા નોટિસની બજવણી શરૂ કરી છે.

## ઈક્વિટી માર્કેટ ગુજરાતના નવા રોકાણકારોને આકર્ષવામાં નિષ્ફળ, ૫૦ ટકાનો ઘટાડો

અમદાવાદઃ ભારતીય ઈક્વિટી માર્કેટમાં તેજી-મંદી ચાલ્યા કરે છે. આ અસ્થિરતાને કારણે નવા રોકાણકારો ઘટ્યા હોવાનુ અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું.. ઘટાડો નોંધાયેલા રાજ્યોમાં ગુજરાત પણ છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)ના ડેટા અનુસાર ગુજરાતમાં ચાલુ વર્ષમાં એપ્રિલથી ઓક્ટોબર સુધીમાં સરેરાશ માસિક નવા રોકાણકારોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. જોકે માત્ર ગુજરાત નહીં ઘણા રાજ્યોમાં નવા રોકાણકારોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. વાર્ષિક દૃષ્ટિએ જોઈએ તો ગુજરાત અને રાજસ્થાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ગુજરાતમાં ૫૦ ટકા ઘટાડો નોંધાવો તે નજરે ચડે તેવો આંકડો છે. ડેટા દર્શાવે છે કે ગયા વર્ષ કરતા ચાલુ નાણાકીય વર્ષમાં ગુજરાતે ઓક્ટોબર મહિના સુધી દર મહિને ૮૦,૦૦૦ ઓછા નવા રોકાણકારો નોંધાવ્યા હતા.

## અમદાવાદના આ વિસ્તારમાં ગેરકાયદે કાર પાર્ક કરી તો થશે ₹ 3000નો દંડ

અમદાવાદઃ શહેરોમાં ખાનગી વાહનોની સંખ્યા આડેધડ વધી રહી છે, પરંતુ તેટલા પ્રમાણમાં પાર્કિંગની સુવિધા ન હોવાથી ગમે ત્યાં પાર્કિંગ થાય છે. આવા ગેરકાયદે પાર્કિંગને રોકવા માટે અમદાવાદ મહાનગરપાલિકા એક નવી નીતિ લાવી રહી છે, જેની શરૂઆત અમદાવાદના અતિ પોશ માનવામાં આવતા સિંધુભવનથી કરવાની તૈયારી મનપા કરી રહી છે. મનપાના પાર્કિંગ મેનેજમેન્ટના ભાગરૂપે નિયમોને કડક બનાવવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

પાઈલટ પહેલ તરીકે, સિંધુ ભવન રોડને નો-ટોલરન્સ ઝોન તરીકે નિયુક્ત કરવામાં આવશે. અહીં ગેરકાયદે પાર્કિંગ કરનારાઓને ખૂબ મોટી રકમ દંડપેટે ભરવી પડશે. રકમની વાત કરીએ તો પીક અવર્સ દરમિયાન ટૂ-વ્હિલર માટે રૂ. ૧,૫૦૦ અને નોન-પીક અવર્સ દરમિયાન રૂ. ૧,૦૦૦નો સમાવેશ થાય છે, જ્યારે ફોર-વ્હીલરને પીક સમયે રૂ. ૩,૦૦૦ અને ઓફ-પીક સમયગાળામાં રૂ. ૨,૦૦૦નો દંડ થઈ શકે છે. અહીં પાર્કિંગ ચાર્જ પણ જરૂર પ્રમાણે અને માગ પ્રમાણે લેવામાં આવશે.ટૂ-વ્હિલર માટે રૂ. ૩૦ થી રૂ. ૬૦ અને ફોર-વ્હીલર માટે રૂ. ૫૦ થી રૂ. ૧૦૦ સુધીનો હશે, જેમાં ડ્રાઇવરો માટે મલ્ટિ-લેવલ પાર્કિંગ સુવિધાઓ અથવા મનપા દ્વારા ઓળખાયેલી અન્ય ઓન-સ્ટ્રીટ જગ્યાઓનો ઉપયોગ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે. એક અહેવાલ પ્રમાણે પાઇલટ પ્રોજેક્ટની સફળતા બાદ આવો જ દંડ રાજપથ રંગોલી રોડ અને બોપલ-આંબલી રોડ સુધીના વિસ્તારોમાં પણ લાગુ થઈ શકે છે.

# સ્કૂલના વિદ્યાર્થીઓ માટે એસટી નિગમે શરૂ કરી હેલ્પલાઈન

મુંબઈઃ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓને ઘરેથી શાળાએ જતી-આવતી વખતે એસટી બસની મુસાફરીમાં કોઈ સમસ્યા આવે, એસટી બસ સમયસર ન આવે, કે અચાનક રદ થાય, તો તેમને યોગ્ય મદદ મળી શકે તે માટે એસટી નિગમે હેલ્પલાઈન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યભરના લાખો વિદ્યાર્થીઓ શાળાએ જવા- આવવા માટે એસટી બસનો ઉપયોગ કરે છે. રાજ્ય સરકાર એસટી દ્વારા મુસાફરી કરતા વિદ્યાર્થીઓને માસિક પાસમાં ૬૬.૬૬ ટકા રાહત આપે છે. તેમજ, 'પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોળકર' યોજના હેઠળ ધોરણ બાર સુધીની વિદ્યાર્થિનીઓને મફત માસિક પાસ આપવામાં આવે છે. જોકે ઘણા વિદ્યાર્થીઓએ સ્કૂલ બસ સમયસર ન આવવી, ભીડના કારણે સ્ટોપ પર ન ઊભી રહેવી, બસ મોડી આવવી જેવી ઘણી ફરિયાદ પરિવહન પ્રધાન અને એસટી નિગમના અધ્યક્ષ પ્રતાપ સરનાઈક સમક્ષ કરી હતી. વિદ્યાર્થીઓની આ ફરિયાદને ધ્યાનમાં રાખી એસ.ટી. નિગમે હેલ્પલાઈન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. શાળાના વિદ્યાર્થીઓ એસટી હેલ્પલાઇન નંબર ૧૮૦૦૨૨૧૨૫૧ પર સંપર્ક કરી તાત્કાલિક મદદ મેળવી શકશે.

## ૨૬/૧૧ કેસનો નિર્દોષ સાબિત થયેલો આરોપી પોલીસ સર્ટિફિકેટ ફરજિયાત ન હોય એવી નોકરી કરી શકે છેઃ સરકારે હાઈ કોર્ટને જણાવ્યું

મુંબઈઃ ૨૬/૧૧ મુંબઈ હુમલા કેસમાં નિર્દોષ છૂટી ગયેલો ફહીમ અન્સારી પોલીસ મંજૂરી/ સર્ટિફિકેટ ફરજિયાત ન હોય એવી કોઈ પણ નોકરી કરી શકે છે, એમ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે બોમ્બે હાઈ કોર્ટને જણાવ્યું છે. આતંકી હુમલાને ૧૭ વર્ષ થઈ રહ્યા છે એના એક દિવસ પહેલા સરકારે આ રજૂઆત કરી હતી. એ આતંકી હુમલામાં ૧૬૬ લોકોનાં મૃત્યુ થયા હતા અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.અન્સારીએ જાન્યુઆરીમાં હાઈ કોર્ટમાં અરજી કરી આજીવિકા માટે રિક્ષા ચલાવી શકાય એ માટે પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટની માંગણી કરી હતી. સપ્ટેમ્બરમાં સરકારે હાઈ કોર્ટને જણાવ્યું હતું કે અંસારી પર પ્રતિબંધિત આતંકવાદી સંગઠનનો સક્રિય સભ્ય હોવાની શંકા હોવાથી તેના પર દેખરેખ રાખવામાં આવી રહી હોવાથી સર્ટિફિકેટ માટેની અરજી ફગાવી દેવામાં આવી હતી.

મુંઢવા જમીન સોદો

# મુખ્ય પ્રધાને અજિત પવારનું રાજીનામું લેવું જોઈએઃ અંજલિ દમણિયા

પુણેઃ સામાજિક કાર્યકર્તા અંજલિ દમણિયાએ બુધવારે એવી માગણી કરી હતી કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું રાજીનામું માગી લેવું જોઈએ કેમ કે પાર્થના પુત્ર સાથે સંકળાયેલી કંપની મુંઢવાના જમીનના સોદા સાથે સંકળાયેલી હતી.

તેમણે એમ પણ કહ્યું હતું કે જો મુખ્ય પ્રધાન કાર્યવાહી કરવામાં નિષ્ફળ જશે તો આ માગણી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પાસે કરવા માટે તેમનો સંપર્ક કરશે.

પુણે શહેરના મધ્યવર્તી વિસ્તાર મુંઢવામાં ૪૦ એકર જમીનનો ટુકડો પાર્થ પવાર જેમાં બહુમતી ભાગીદાર છે તે અમડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપીને વેચવાનો ૩૦૦ કરોડ રૂપિયાનો સોદો, તે જમીન સરકારની હોવાનું જાણવા મળ્યા પછી તપાસ હેઠળ આવ્યો હતો અને આ પેઢીને સ્ટેમ્પ ડ્યુટી ચૂકવવાથી મુક્તિ આપવામાં આવી હતી. અહીં પત્રકારો સાથે વાત કરતા દમણિયાએ કહ્યું, 'મારી તાત્કાલિક માગણી છે કે મુખ્ય પ્રધાન ફડણવીસે અજિત પવારનું નાયબ મુખ્ય પ્રધાનપદેથી અને પુણેના પાલક પ્રધાનપદેથી રાજીનામું માગવું જોઈએ. હું તેમને ચેતવણી આપું છું કે જો તેઓ આમ નહીં કરે, તો મારી પાસે કાલે દિલ્હી જઈને અમિત શાહને મળવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં.'

સામાજિક કાર્યકરે કહ્યું હતું કે તેમણે શાહના કાર્યાલયને જમીન સોદા કેસમાં તમામ પુરાવાઓ સાથે એક ઇ-મેઇલ મોકલી દીધો છે.

'હું તેમની પાસે મુલાકાતનો સમય માગવા જઈશ અને જો તેઓ સમય નહીં આપે, તો હું તેમની કાર્યાલયની બહાર બેસીશ,' એમ પણ તેમણે ઉમેર્યું હતું.

દમણિયાએ આરોપ લગાવ્યો કે સરકારની જમીન અમાડિયા એન્ટરપ્રાઇઝિસ એલએલપીને છેતરપિંડીથી વેચવામાં આવી હતી અને હકીકત જાણવા છતાં, પુણેના કલેક્ટરે કોઈ કાર્યવાહી કરી નથી.

તેમણે એમ પણ કહ્યું કે જમીન સોદા કેસની તપાસ માટે રાજ્ય સરકારે રચેલી વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ને વિખેરી નાખવી જોઈએ કારણ કે તેના છ સભ્યોમાંથી પાંચ પુણેના છે, જેના પવાર પાલક પ્રધાન છે.

'એક ગંભીર એસઆઈટીની રચના કરવી જરૂરી છે, જેમાં વર્તમાન એડિશનલ ચીફ સેક્રેટરી (વિકાસ ખડગે) સિવાયના અન્ય લોકો, એક નિવૃત્ત ન્યાયાધીશ, એક આઈપીએસ અધિકારી અને એક મહેસૂલ અધિકારીનો સમાવેશ થતો હોય એમ પણ તેમણે કહ્યું હતું.

એસઆઈટીએ ૧૦ દિવસમાં તેનો અહેવાલ સુપરત કરવો જોઈએ, એમ તેણીએ ઉમેર્યું.

## પાલઘરના મૂળભૂત મુદ્દાને પાલક પ્રધાન અવગણતા હોવાના આક્ષેપ સાથે શિવસેનાની હાઇ કોર્ટમાં ધા

નવી મુંબઈઃ પાલઘર જિલ્લાના ગંભીર અને મૂળભૂત મુદ્દાઓને વારંવાર અવગણવામાં આવી રહ્યા છે અને પાલઘરના પાલક પ્રધાન નવી મુંબઈ, થાણે અને મીરા-ભાયંદર જેવા વિકસિત શહેરોમાં ''જનતા દરબાર'' યોજીને અન્ય વિભાગોના કામકાજમાં દખલ કરી રહ્યા હોવાનો ગંભીર આરોપ શિવસેનાએ કર્યો હતો. તેના વિરુદ્ધ દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી ૧૮ નવેમ્બરે બોમ્બે હાઈ કોર્ટમાં થશે.

પાલઘર જિલ્લાના નિર્માણને દસ વર્ષ થયા છતાં આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં મૂળભૂત સમસ્યાઓ યથાવત છે. જિલ્લાની ૩૬ હજારથી વધુ ગર્ભવતી મહિલાઓમાંથી ૨,૪૪૨ મહિલાઓ ૧૯ વર્ષથી ઓછી વયની છે. આમ બાળ લગ્ન અને માતૃત્વના કારણે આરોગ્ય વ્યવસ્થા પર ગંભીર તાણ ઊભો થયો છે. આ ઉપરાંત

આશ્રમ શાળાઓમાં સ્વચ્છતા, ખોરાક અને સુરક્ષાની નબળી વ્યવસ્થાને કારણે બે વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી. આમ શિક્ષણ, આરોગ્ય, આશ્રય અને સુરક્ષામાં સરકારની નિષ્ફળતા સ્પષ્ટપણે દેખાય છે, એમ શિવસેનાએ કહ્યું હતું.

સાથે સાથે જિલ્લામાં એમ્બ્યુલન્સનો અભાવ, ચોમાસા દરમિયાન પુલ ધોવાઈ જવા, જેવીસમસ્યાઓ વર્ષોથી યથાવત છે. સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા નક્કર પગલાં લેવામાં ન આવતા નાગરિકોમાં ગુસ્સો વધી રહ્યો છે.

## મુંબઈ એરપોર્ટે બનાવ્યો વધુ એક રેકોર્ડઃ સૌથી વધુ એક દિવસીય હવાઈ ટ્રાફિક મુવમેન્ટનું સંચાલન કર્યું

મુંબઈઃ મુંબઈનું છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દેશના સૌથી વ્યસ્ત એરપોર્ટમાનું એક છે. દરરોજ લાખો મુસાફરો અહીંથી અવરજવર કરે છે. છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટે ૨૧ નવેમ્બર ૨૦૨૫ ના રોજ એક નવો ઓપરેશનલ બેન્ચમાર્ક પ્રાપ્ત કર્યો છે, જેમાં ૨૪ કલાકના સમયગાળામાં ૧,૦૩૬ એર ટ્રાફિક મૂવમેન્ટ નોંધાઈ. આ આંકડો ૧૧ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ સ્થાપિત ૧,૦૩૨ એર ટ્રાફિકના એરપોર્ટના અગાઉના રેકોર્ડને વટાવી ગયો.

૧,૦૩૬ ફ્લાઇટ્સના નવા રેકોર્ડમાં ટેક-ઓફ અને લેન્ડિંગ બંનેનો સમાવેશ થાય છે. આ સિદ્ધિ ખાસ કરીને વિશ્વના સૌથી વ્યસ્ત સિંગલ-રનવે એરપોર્ટ તરીકેની તેની અનોખી મર્યાદાને ધ્યાનમાં રાખીને એરપોર્ટને વૈશ્વિક સ્તરે સૌથી વધુ કાર્યરત એરપોર્ટ્સમાંના એક તરીકે સ્થાન આપે છે. આ સિદ્ધિ શિયાળા અને તહેવારોની મોસમમાં વધુ માગનું સીધું પરિણામ છે, જે ભારતના ઉડ્ડયન ક્ષેત્રને નવી ક્ષિતિજો તરફ લઈ જાય છે.

વિમાનોની અવરજવર ઉપરાંત, તે જ દિવસે એરપોર્ટ પર મુસાફરોની અવરજવરનો રેકોર્ડ પણ નોંધાયો હતો. ૨૧ નવેમ્બરના રોજ કુલ ૧,૭૦,૪૮૮ મુસાફરોની અવરજવર નોંધાઈ હતી. આ વર્ષે ૧૧ જાન્યુઆરીના રોજ નોંધાયેલા ૧,૭૦,૫૧૬ એક દિવસીય મુસાફરોની સંખ્યા કરતાં આ સંખ્યા થોડી ઓછી હતી. આમાં સ્થાનિક રૂટ પર ૧,૨૧,૫૨૭ અને આંતરરાષ્ટ્રીય રૂટ પર ૪૮,૯૬૧ મુસાફરોએ મુસાફરી કરી હતી.

## વાહનોની સંખ્યામાં થયેલો વધારો થાણેમાં ટ્રાફિકની સમસ્યાનું મુખ્ય કારણ

થાણેઃ થાણેમાં વાહનોની સંખ્યામાં થયેલા અસાધારણ વધારા અને ખરાબ રસ્તાઓને કારણે ટ્રાફિક જામ અને પાર્કિંગની સમસ્યા ઊભી થઈ હોવાનું થાણે ટ્રાફિક પોલીસે જણાવ્યું હતું. કલવા, મુંબ્રા અને દીવા વિસ્તારોને બાદ કરતા શહેરમાં વ્યક્તિ દીઠ એક વાહન છે, કારણ કે ૧૮ લાખની માનવ વસ્તી માટે, ૧૬.૫ લાખ વાહનો નોંધાયેલા છે. થાણેના ડેપ્યુટી પોલીસ કમિશનર પંકજ શિરસાટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તે ચિંતાનો વિષય છે કે મુંબઈના પ્રવેશદ્વાર ગણાતા થાણેને ટ્રાફિક જામના શહેર તરીકેની ઓળખ મળી છે. રસ્તાની ખરાબ હાલત અને અન્ય પરિબળો ઉપરાંત, થાણેમાં વાહનોની વધતી સંખ્યા પણ ટ્રાફિક જામનું મુખ્ય કારણ છે.

થાણે પ્રાદેશિક પરિવહન કાર્યાલયમાં નોંધાયેલા વાહનોની સંખ્યા જોતાં, થાણેમાં પ્રતિ વ્યક્તિ એક વાહન છે. આનાથી ટ્રાફિક જામ અને પાર્કિંગની સમસ્યાઓ સર્જાઈ રહી છે, એમ કહેતા તેમણે નાગરિકોને જાહેર પરિવહનને પ્રાધાન્ય આપવા અપીલ કરી હતી.

## સાતારામાં ભીષણ અકસ્માતઃ બેનાં મોત

મુંબઈઃ મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ફલટન શહેરમાં થયેલા એક ભયાનક અકસ્માતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક મીની બસ તેનું સંતુલન ગુમાવતી જોવા મળે છે. જેના કારણે તે રોડ ડિવાઇડર સાથે અથડાઈ જાય છે . આ ઘટના રસ્તા પર લગાવેલા સીસીટીવી કેમેરામાં રેકોર્ડ થઈ ગઈ હતી અને હવે આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

વીડિયોમાં રસ્તા પર ગાડીઓની અવરજવર જોઈ શકાય છે. આ દરમિયાન તેજ ગતિએ આવતી એક મિનિબસ તેનું સંતુલન ગુમાવે છે અને રોડ ડિવાઇડર સાથે અથડાય છે. ટક્કરથી ડિવાઇડરને ઘણું નુકસાન થયું છે. સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યું છે કે અકસ્માત વખતે બે લોકો ડિવાઇડર પાસે ઉભા હતા, તેઓ પણ બસની ચપેટમાં આવી ગયા હતા. અકસ્માતમાં બસનો આગળના ભાગને ઘણું નુકસાન થયું હતું . સીસીટીવી ફૂટેજમાં અકસ્માતની ગંભીરતા સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું, અને અન્ય બે લોકો બચી ગયા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેને જોયા પછી લોકો ખૂબ તીવ્ર પ્રતિભાવો આપી રહ્યા છે.

## આઈઆઈટી-બોમ્બેના નામ પર પ્રધાનની ટિપ્પણી સરકારની માનસિકતા દર્શાવે છેઃ રાજ ઠાકરે

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના નેતા રાજ ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન જિતેન્દ્ર સિંહે આઈઆઈટી બોમ્બેનું નામ બદલીને આઈઆઈટી મુંબઈ ન કરવા પર કરેલી ટિપ્પણી સરકારની માનસિકતા દર્શાવે છે. સોમવારે ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-બોમ્બેના એક કાર્યક્રમને સંબોધિત કરતા પ્રધાને જણાવ્યું હતું કે 'ઈશ્વરનો પાડ કે આઈઆઈટી બોમ્બેનું નામ બદલી આઈઆઈટી, મુંબઈ નથી કરી નાખ્યું. એના માટે તમારી પીઠ થાબડવી જોઈએ. આ જ વાત મદ્રાસ માટે પણ લાગુ પડે છે. આજે પણ એ આઈઆઈટી મદ્રાસ તરીકે જ ઓળખાય છે.

પ્રધાનની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા રાજ ઠાકરેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર જણાવ્યું હતું કે 'જીતેન્દ્ર સિંહનું નિવેદન સરકારની માનસિકતા દર્શાવે છે. મરાઠી લોકોના પોતીકા એવા મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરવાના કાવતરાને મરાઠી નેતાઓ અને જનતાએ નિષ્ફળ બનાવ્યું અને આપણું મરાઠી મુંબઈ મહારાષ્ટ્રમાં જ રહ્યું.

## બસની અડફેટે મૃત્યુઃ 30.૧૧ લાખનું વળતર

થાણેઃ થાણેમાં મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે૨૦૨૦માં રિવર્સ આવી રહેલી બસની અડફેટમાં આવીને મૃત્યુ પામેલા આઇટી પ્રોફેશનલના પરિવારને ૩૦.૧૧ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. એમએસીટીના સભ્ય આર.વી. મોહિતેએ મંગળવારે આપેલા આદેશમાં નોંધ્યું હતું કે બસચાલકની બેદરકારીને કારણે આ અકસ્માત થયો હતો. બસના માલિક અને વીમા કંપનીને મૃતકના પરિવારને સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે વળતર ચૂકવવાનો આદેશ અપાયો હતો.

## બસમાં આગ : ડ્રાઈવરની સતર્કતાએ ૪૫ મુસાફરોના જીવ બચાવ્યા

મુંબઈ : મહારાષ્ટ્રના નાગપુર-ઉમરેડ રોડ પર શુક્રવારે એક ખાનગી ટ્રાવેલ બસમાં અચાનક આગ લાગતા અફડાતફડી મચી ગઈ હતી. આ ઘટના વીઆઇટી કોલેજ અને ઉકલવાહી હેટી વચ્ચે બની હતી. બસમાં કુલ ૪૫ મુસાફરો હતા જેમનો આબાદ બચાવ થયો હતો. બધા મુસાફરોને સમયસર સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, જેના કારણે મોટી જાનહાનિ ટળી ગઈ હતી. બસ ઉમરેડ તરફ જઈ રહી હતી ત્યારે અચાનક ધુમાડો નીકળતો દેખાયો હતો. ડ્રાઈવરે તરત જ સતર્કતા બતાવી અને બસ રસ્તાની બાજુમાં ઉભી રાખી અને બધા મુસાફરોને ઝડપથી નીચે ઉતરવા કહ્યું. થોડી જ ક્ષણોમાં બસના પાછળના ભાગમાં આગ લાગી ગઈ અને થોડીવારમાં આખી બસ આગની લપેટમાં આવી ગઈ.

પાંચમા પાનાનું ચાલુ

### સૈનિકને મળતા

પેન્શન લાભો અને સામાન્ય રીતે નિયમિત સૈનિકો માટે ઉપલબ્ધ અન્ય લાંબા ગાળાના કલ્યાણ અધિકારોમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. શહીદ અગ્નિવીરના પરિવારને લગભગ એક કરોડ રૂપિયાની આર્થિક સહાય મળે છે, પરંતુ તેમને કોઈ નિયમિત ફેમિલી પેન્શન અથવા અન્ય કોઈ લાભ આપવામાં આવતો નથી.

### મીઠી નદીના

રહેલા જૂના દર, ટેન્ડરમાં રહેલી અનેક ત્રુટીઓને કારણે અનેક વખત ટેન્ડર લંબાઈ ગયા હતા. છેવટે પાલિકાએ ત્રીજા તબક્કાના કામ માટે ફરી ટેન્ડર કાઢયા હતા પણ ત્રીજા તબક્કાના કામના ખર્ચમાં ઘટાડો કરીને ટેન્ડર કાઢયા છે. આ તબક્કામાં વિકાસ કામમાં કુર્લા-સીએસએમટી રોડથી માહિમ કૉઝવે દરમ્યાન પર્યટકોને ચાલવા માટે રસ્તો અને સુશોભીકરણ માટે ૪૦૦ કરોડ રૂપિયાનો અલગથી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ કામને ત્રીજા તબક્કામાંથી હટાવી લેવામાં આવ્યું છે. એ સિવાય ૨૫ ફ્લડ ગેટ બેસાડવાનું પ્રસ્તાવિત છે પણ ત્રણ વર્ષ પહેલા સાદા પ્રકારના સાત ફ્લડ ગેટ બેસાડયા હતા તેથી હાલ ફકત નવા અત્યાધુનિક ૧૮ ફ્લડગેટ જ બેસાડવામાં આવશે, જેને કારણે ૩૦૦ કરોડ રૂપિયાની બચત થશે.

### બદલાપુર-કર્જત

હેઠળ બદલાપુરથી કર્જત વચ્ચે ત્રીજી અને ચોથી લાઈન નાખવામાં આવશે અને તેને કારણે ૫૮૫ ગામના પ્રવાસીઓની સુવિધામાં ખાસ્સો વધારો થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ યોજના માટે કુલ ૧૩૨૪ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની અપેક્ષા છે, જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે ૫૦-૫૦ ટકા ખર્ચ વહન કરવાનો છે.

### એકનાથ શિંદે

મુખ્ય પ્રધાન અજિત પવાર સાહેબ દરેક સભામાં કહે છે કે મહારાષ્ટ્રના ઇતિહાસમાં આટલી બધી સાઇન કરનાર મુખ્ય પ્રધાન મેં ક્યારેય જોયો નથી, એમ કહીને દાદા ભૂસેએ ભવિષ્યવાણી કરી છે કે એકનાથ શિંદે ફરી એકવાર મુખ્ય પ્રધાન બનશે. દરમિયાન, દાદા ભૂસેના આ નિવેદનને કારણે રાજકીય ચર્ચાઓએ જોર પકડ્યું છે.

હવે દાદા ભૂસેના નિવેદન પછી શું રાજ્યનું નેતૃત્વ ફરી એકવાર એકનાથ શિંદેના હાથમાં આવશે કે કેમ એ જોવું રહ્યું.

### નવી મુંબઈ એરપોર્ટથી

આંતરરાષ્ટ્રીય એરપોર્ટને ગેટવે ઓફ ઇન્ડિયા સાથે જળમાર્ગે જોડવાનો પણ સમાવેશ થાય છે. ૧૮ કિમીના આ માર્ગના કારણે નવી મુંબઈ એરપોર્ટથી ગેટવેનું અંતર વોટર ટેક્સી દ્વારા માત્ર ૪૫ મિનિટમાં કાપી શકાશે. હાલમાં ૨૧ જળમાર્ગો કાર્યરત છે, જેમાંથી ૧૨ મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તાર છે. નવા ૧૦ જળમાર્ગની યોજના ડિસેમ્બર સુધીમાં તૈયાર થવાની અપેક્ષા છે તેવું મહારાષ્ટ્ર મેરીટાઇમ બોર્ડ દ્વારા જાણવા મળ્યું છે.

નવા માર્ગો પર પ્રવાસી બોટ, રો-રો સેવા અને વોટર ટેક્સી શરૂ કરવામાં આવશે. મુંબઈથી નવી મુંબઈ, થાણે, વસઈ, વિરાર, ભાયંદર અને અન્ય સ્થળોએ જળમાર્ગે પહોંચી શકાય તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે.

વસઈથી કાલ્હેર, કલ્યાણ-મુંબ્રા-કોલશેત કાલ્હેરથી નવી મુંબઈ એરપોર્ટ, વાશી થી નવી મુંબઈ એરપોર્ટ, ગેટવે થી નવી મુંબઈ એરપોર્ટ, અને વસઈ થી માર્વે જેવા કેટલાક રૂટ શરૂ કરવાનું વિચારણા હેઠળ છે. બધા રૂટ મળીને લગભગ ૨૦૦ કિલોમીટર જેટલો જળમાર્ગ તૈયાર કરવાની આ યોજનાનો ખર્ચ અંદાજે ૨૫૦૦ કરોડથી વધુ થવાની ધારણા છે.

## હિન્દુ મરણ

ગં.સ્વ. ગીતા ગુલાબસિંહ હમલાઈ (ઉ.વ. ૮૫) મૂળ વતનઃ માંડવી, હાલે હૈદરાબાદ, તે સ્વ. ગુલાબસિંહ નારાણદાસ હમલાઈના ધર્મપત્ની. વિનોદ, સુશીલ અને વર્ષા પીયુષ ગાજરિયાના માતુશ્રી. સ્વ. જયાબેન અને સ્વ. રણછોડદાસ ગોકુલદાસ પમાણીના સુપુત્રી તા. ૨૫-૧૧-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કપોળ**

દાડમાવાળા હાલ બોરીવલી, ગં.સ્વ. રંજનબેન મનસુખલાલ કાનજીભાઈ સંઘવીના પુત્ર પરેશભાઈના ધર્મપત્ની અ.સૌ. સોનલ (ઉ.વ. ૪૯) તા. ૨૬-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે નીલના માતુશ્રી. સ્વર્ગવાસી પ્રિયા યોગેન ગાંધી, અ.સૌ. જ્યોતિ નિપુલ સંઘવી, ભક્તિ કૌશિક સંઘવીના ભાઈના પત્ની. પિયર પક્ષે ઓથાવાળા સ્વર્ગવાસી સરલાબેન જિતેન્દ્રભાઈ પારેખની દીકરી. મોસાળ પક્ષે કાંતાબેન જગમોહનદાસ મહેતાની ભાણેજ. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮-૧૧-૨૫, શુક્રવાર ૫થી ૭. સનરાઈઝ પાર્ટી હોલ, આણંદીબાઈ કાળે કોલેજની સામે, સાઈબાબા નગર, બોરીવલી (વે.).

**લુહાર સુતાર**

ગામ ભાવનગરવાળા હાલ દહિસર, આંબાવાડી સ્વ. હરગોવિંદભાઈ મકનભાઈ ગોહિલ (ઉ.વ. ૭૮) તા. ૨૫-૧૧-૨૫, મંગળવારને રામશરણ પામ્યા છે. તે ઉર્મિલાબેન રમેશકુમાર, સોનલબેન પરેશકુમાર મકવાણાના સસરા. સ્વ. પંકજકુમાર નર્મદાબેન નાથાલાલ ક્વાના જમાઈ. મનિષાબેન મહેશભાઈ, જીતુભાઈ, રીટાબેન મુકુન્દભાઈ, મીલનભાઈ ક્વાના બનેવી. વીણાબેન દિનેશભાઈ કારેલીયાના, સરલાબેન કાંતિલાલ સિદ્ધપરા, ઈન્દુબેન દિનેશલાલ ચિત્રોડાના બનેવી. પ્રાર્થનાસભા ગુરુવારના તા. ૨૭-૧૧-૨૫ને ૫.૦૦થી ૭.૦૦. લુહાર સુતારવાડી, કાર્ટર રોડ, નં. ૩, અંબાજી મંદિરની બાજુમાં, બોરીવલી (ઈસ્ટ).

**કચ્છ વાગડ લોહાણા**

ગામ મનફરા હાલ ડોમ્બિવલી સ્વ. પ્રભાબેન વાલજીભાઈ પોપટના પુત્ર કિશોરભાઈના ધર્મપત્ની અ.સૌ. વર્ષાબેન (ઉ.વ. ૬૬) તે આણંદ નિવાસી, રમેશભાઈ ચંદારાણાના પુત્રી. તે ધવલભાઈના માતોશ્રી. સુમોનાબેનના સાસુ. ગં.સ્વ. જયશ્રીબેન જશવંતભાઈ ઠક્કર, સ્વ. જીતેન્દ્રભાઈ, અ.સૌ. કુસુમબેન રાજેશભાઈ ઠક્કર, અ.સૌ. દક્ષાબેન હરીશભાઈ ઠક્કર, સ્વ. ભાનુમતીબેન રમેશભાઈ મીરાણીના ભાભી તા. ૨૫-૧૧-૨૫ના શ્રીજીના ધામમા સીધાવેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭-૧૧-૨૫ને ગુરુવારને શ્રી સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, ડોમ્બિવલી (ઈસ્ટ). ૪.૦૦થી ૫.૩૦ સુધી રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટિયા**

ગોંડલ નિવાસ, હાલ પાલઘર, ગં.સ્વ. મેનાબેન નટુભાઈ આશર (ઉ.વ. ૯૩) તે સ્વ. દેવકાબેન પોપટલાલ આશરના પુત્રવધૂ. ઈન્દ્રિજીતભાઈ, જયંતભાઈ, હરેશભાઈ, આશાબેન હેમંતસિંહ વેદ તથા શૈલાબેન રિતેશભાઈ આશરના માતુશ્રી. સ્વ. ગોદાવરીબેન શામળદાસ વેદના પુત્રી. ઈલા, હીના તથા નીતાના સાસુ. તેમનું ઉઠમણું શુક્રવાર, તા. ૨૭-૧૧-૨૫ના રોજ અબામાતા મંદિર, પાલઘર ખાતે ૪થી ૬ વાગ્યે રાખેલ છે.

**મોઢ ચા. ચુ. સ. બ્રાહ્મણ**

ખિજડાયાંવાળા હાલ થાણા મુંબઈ, મુકુલભાઈ શશીકાંત ત્રિવેદી (ઉ.વ. ૭૨) તા. ૨૨/૧૧/૨૫ના કૈલાશવાસી પામ્યા છે. તે ચાર્વીબેન ચિરાગકુમારના પિતા. ચિરાગકુમાર હર્ષદભાઈના સસરા. હિમાંશુ, મયંક, જિજ્ઞાસા ચૈતન્યકુમાર દિક્ષીત, જયશ્રીબેન મહેન્દ્રભાઈ, દિપક નટવરલાલ, રેખાબેન ભરતભાઈ, દિક્ષીબેન અશોકકુમાર, ચેતન નટવરલાલના ભાઈ. ભાનુશંકર રતિલાલ પાઠક તથા દિનેશભાઇ રતિલાલ પાઠકના (ગારિયાધાર)ના ભાણેજ. તે ઉષાબેન, મીતાબેન, હર્ષાબેન તથા બિંદુબેનના જેઠ. બેસણું તા.૨૭/૧૧/૨૫ના ગુરુવાર ૫ થી ૭. સ્થળ : ૬૦૪-એ વિંગ, શેહનાઈ લોકપુરમ ગ્લેડિસ સલવારિસ રોડ, થાણા- વેસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામ કોટેશ્વર હાલ સાયન, સ્વ. રણછોડદાસ રાઘવજી ઠક્કર (સોમેશ્વર)ના પુત્રવધૂ તથા સ્વ. કરસનદાસ રણછોડદાસ ઠક્કરના ધર્મપત્ની. ગં.સ્વ. ગીતાબેન ઠક્કર (ઉ.વ. ૮૭) સ્વ. લક્ષ્મીદાસ મોનજી પલણની પુત્રી. ચંદ્રકાંત, સ્વ. દિલીપભાઈ, ગં.સ્વ. મંજુલાબેન મોતીલાલ ધીરવાણી, ગં.સ્વ. હંસાબેન રસીકલાલ વર્મા, ગં.સ્વ. ભાનુમતી મનુભાઈ ઠક્કરના ભાભી. જીતેન્દ્ર, કેતન, ઉષા રોહિત પોપટના માતુશ્રી. જીજ્ઞા જીતેન્દ્રના સાસુ, તા. ૨૪/૧૧/૨૫ના શ્રીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ છે.

**પ્રભાસ પાટણ વિશા ઓસવાળ**

હાલ કાંદીવલી પૂર્વ, સ્વ. પ્રભાવંતી જયંતીલાલ શાહના પુત્રવધૂ તથા નરેન્દ્રભાઈના ધર્મપત્ની ભારતીબેન શાહ (ઉ.વ. ૭૦) તે ભાવેશના માતૃશ્રી. અ.સૌ. હેતાના સાસુ. યુવાન તથા જેવીરના દાદી. પિયરપક્ષે માંગરોળ નિવાસી હાલ સાન્તાક્રુઝ, સ્વ. મધુરીબેન ચીમનલાલ કાનજી શેઠના સુપુત્રી. તા. ૨૧-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુતાર જ્ઞાતિ**

વાસોજ નિવાસી હાલ મુંબઈ, સ્વ. શાંતાબેન રણછોડભાઈ પરમારના પુત્ર ઈશ્વરભાઈ પરમાર (ઉ.વ. ૬૩) તા. ૨૪/૧૧/૨૫ સોમવારના શ્રીજીશરણ પામ્યા છે. તે મીનાબેન પરમારના પતિ. યોગેશ તથા વિશાલના પપ્પા. સોનલ તથા તેજલના સસરા. જયંતીભાઈ, જયેશભાઈ, નરેનભાઈ, પ્રવિણાબેન, હંસાબેનના ભાઈ. સાસરાપક્ષે સ્વ. પ્રભાબેન વ્રજલાલ કવૈયા હળવદના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૮/૧૧/૨૫ને ગુરુવાર ૫ થી ૭. શ્રી લુહાર સુતાર વેલ્ફેર સેન્ટર, વિશ્વકર્મા ચોક, અંબાજી મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**

મૂળ શિહોર, હાલ ઘાટકોપર, સ્વ. ચંદ્રભાગાબેન તથા સ્વ. મનમોહનદાસ મહેતાના સુપુત્ર ધીરજ (ધીરુભાઈ) મહેતા મંગળવાર, તા. ૨૫-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પત્નીઃ ભારતી મહેતા. પુત્ર-પુત્રવધૂઃ અપૂર્વ અને રીના, પુત્રી-જમાઈ; જેસલ અને રાજીવ મહેતા, ભાઈ-બહેનોઃ પૂર્ણિમાબેન સરખેડી, મીનાબેન પરીખ, સ્વ. દ્રુપદભાઈ (ચંદુભાઈ), જનકભાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૭-૧૧-૨૫ના ૪.૦૦ થી ૬.૦૦. સ્થળઃ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સંસ્કાર કેન્દ્ર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર પૂર્વ.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અંજાર, હાલે મુલુંડ કમલ લક્ષ્મીદાસ ઠક્કર (આડાસાણી) (ઉ.વ. ૭૨) તે સ્વ. વીણા ઠક્કરના પતિ. જયદીપભાઈ, હરીશભાઈ, મધુબેન અને સ્વ. પ્રવીણાબેનના ભાઈ. દિપેશ અને ગ્રીષ્માના પિતા. અમિતભાઈ પૌવા, રશ્મિ ઠક્કરના સસરા. જેતિક, પ્રીત, વૃષભના દાદા. સ્વ. શાંતાબેન વેલજી ગણાત્રાના જમાઈ. તા. ૨૬-૧૧-૨૫ના શ્રીરામશરણ પામ્યા છે. બન્ને પક્ષોની પ્રાર્થનાસભા તા. ૨૯-૧૧-૨૫ના ૫ થી ૬. સ્થળઃ મહાજન વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી બ્રાહ્મણ**

સ્વ. મગનલાલ કાશીરામ દવે (મુંબઈ)ના પુત્ર અને ઈલાબેન દવેના પતિ. જય અને ઝરણાબેન જાનીના પિતા. મુંજલભાઇ જાનીના સસરા અને ખ્યાતિ જય દવેના સસરા. ઇન્દિરાબેન ભરતભાઈ દવે, મધુબેન અશ્વિનભાઇ જોશીના ભાઈ. સ્વ. રતિલાલ ઉમિયાશંકર ત્રિવેદી, સ્વ. ઇચ્છાબેન રતિલાલ ત્રિવેદીના જમાઈ. ભૂપેન્દ્રભાઈ મગનલાલ દવે (ઉ.વ. ૭૧) (મઝગાવ - હાલ વડોદરા)નો સ્વર્ગવાસ તા. ૨૪/૧૧/૨૦૨૫ ને સોમવારે થયો છે. તેમની બન્ને પક્ષની સાદડી તા. ૨૮/૧૧/૨૫ ને શુક્રવારના દિવસે સાંજે ૫ થી ૬.

## પારસી મરણ

ઝુબીન ફીરોઝ લક્કા તે મરહૂમ સુશીલા ઝુબીન લક્કાના ખાવીંદ. તે મરહૂમો દીનુ તથા ફીરોઝ નાદીરશા લક્કાના દીકરા. તે ચીરાગ ઝુબીન લક્કાના પપ્પા. (ઉ.વ. ૫૬) રે.ઠે.: સી-૯૦૪, જીજીભાઈ પારસી કોલોની, ડિફેન્સ કોલોનીની સામે, લુલા નગર, પુના-૪૧૧૦૪૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે. દાદર મધ્યે રૂસીમ-ફરામ અગ્યારીમાં.

## જૈન મરણ

**પરજિયા સોની**

સ્વ. શારદાબેન હિંમતલાલ સોનીના પુત્ર રણજીત (ઉ.વ. ૬૬) ગામ વરલ હાલે મુલુંડ રવિવાર, તા. ૨૩-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. શૈલાબેનના પતિ. સ્વ. પ્રિયલ ધવલ ગાલા, હેમલ અને ધ્રુવના પિતાશ્રી. યોગેશ, સુધીર, પારુલ કિશોરકુમાર ધકાણના ભાઈ. હિંમતભાઈ ગીરધરભાઈ જગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિ. શ્રીમાળી દેરાવાસી જૈન**

સ્વ. મહેન્દ્રભાઈ અમીચંદભાઈ સંઘવી (ઉ.વ. ૭૮) વઢવાણ નિવાસી હાલ બોરીવલી, તે સ્વ. કાંતાબેન અમીચંદભાઈ સંઘવીના સુપુત્ર. હર્ષાબેનના પતિ. હેતલબેન, સચિનભાઈ, ચેતનાના ભાભી. દક્ષય અને દર્શિલના વડીલશ્રી. સ્વ. મંજુલાબેન રતિલાલ મહેતાના જમાઈ. અ.સૌ. ફાલ્ગુનીબેન મુકુંદકુમાર અને પ્રકાશના મોટાભાઈ તા. ૨૪-૧૧-૨૫ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

ગામ ધ્રાફા નિવાસી હાલ ઘાટકોપર જયાબહેન શાંતિલાલ શેઠના પુત્ર વસંતકુમાર શાંતિલાલ શેઠ (ઉ.વ. ૭૯) તા. ૨૬-૧૧-૨૫, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે લત્તાબહેનના પતિ. અલ્પેશ, ધવલના પિતા. અમી, ફોરમના સસરા. વૃષ્ટિ, વંશ, જેનિલ, વિહાના દાદા. પ્રવિણભાઈ, રમેશભાઈ, સ્વ. ધીરજબેન, સ્વ. રંજનબેન, સ્વ. મધુબેનના ભાઈ. સાસરા પક્ષે મગનલાલ ન્યાલચંદ દેવાણીના જમાઈ. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જુના ડિસા ઓસવાલ જૈન**

જુના ડિસા નિવાસી હાલ મુંબઈ તરૂણકુમાર રમણીકલાલ મહેતા (ઉ.વ. ૬૮) તા. ૨૫-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સુમિત્રાબેનના પતિ. કેયુર, કૃપાના પિતા. રિદ્ધિના સસરા. તુષારકુમારના સસરા. શૌર્યના દાદા. યશવીના નાના. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાગલપુરના યોગેશ ગંગર (ઉ.વ. ૪૭) તા. ૨૫-૧૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી હીરાવંતીબેન હીંમતલાલના સુપુત્ર. ખ્યાતિના પતિ. યશના પિતા. નંદાસરના અર્ચના હસમુખ ગાલા, તલવાણાના હેતલ પ્રિતેશ દેઢીયાના ભાઇ. બાયઠના માતુશ્રી સોનબાઇ મુરજી ગોસરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ખ્યાતિ ગંગર, જયશ્રી નિવાસ, ૧લે માળે, પંચ પરમેશ્વર મંદિર રોડ, યશવંત સોસા.ની બાજુમાં, પડવલનગર, વાગલે ઇસ્ટેટ, થાણા-૬૦૪.

ગુંદાલાના ચીમનલાલ ચુનીલાલ સાવલા (ઉ.વ. ૮૬) તા. ૨૧-૧૧-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. લધીબાઈ ચના દેવજીના પુત્ર. પ્રભાબેનના પતિ. આશાના પિતા. પોપટલાલના ભાઈ. પ્રાગપરના ભાણબાઈ ઉમરશી દેવજીના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સંઘ કરશન લઘુ નિસર હોલ દાદર (વે) ટા. ૨ થી ૩.૩૦.

કપાયાના વસંત ખીમજી સંગોઇ (ઉ.વ. ૭૬) તા. ૨૫-૧૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી હીરબાઈ ખીમજી હરશીના સુપુત્ર. હેમલતાબેનના પતિ. પ્રિતી, પીંકીના પિતા. સ્વ. સરોજ, સુશીલા, સ્વ.પ્રકાશના ભાઈ. નાના ભાડિયાના માતુશ્રી સાકરબેન નાનજી નથુ ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હેમલતા સંગોઈ, એ-૫૨, મંજુ નિકેતન, ટોપીવાલા માર્કેટ, ગોરેગામ (વે).

**પાટણ જૈન**

શામળાજીની શેરી, ખેતરવસી, ભદ્રેશ લક્ષ્મીચંદ શાહ (ઉ.વ. ૭૧) તે સ્વ. શારદાબેન લક્ષ્મીચંદ સોભાગચંદ (રાજકોટવાળા)ના પુત્ર. મિતાબેનના પતિ. ભાવિક તથા કૃતીના પિતા. પરીન તથા ચિરાગભાઈના સસરા. આહાનના દાદા તથા કાંતિલાલ ડાહ્યાચંદ મશરૂવાળાના જમાઈ. તા. ૨૫/૧૧/૨૫ને મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭/૧૧/૨૫ને ગુરુવારના ૪ થી ૬. પાવનધામ, ડી-માર્ટ પાછળ, બી. સી. સી. આઈ. ગ્રાઉન્ડ નજીક, પાવન ધામ રોડ, પિઝ્ઝા હટ લેન, મહાવીરનગર, કાંદિવલી પશ્ચિમ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ઉજળવાવ નિવાસી હાલ વસઈ, સ્વ. છોટાલાલ કેશવજી ચભાડીયાના પુત્ર જમનાદાસ ચભાડીયા (ઉ.વ. ૮૬) તા. ૨૫-૧૧-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. ધનલક્ષ્મીબેનના પતિ. ભાવિતાબેન અને ભાવેશભાઈના પિતાજી. સ્વ. વ્રજલાલભાઈ, સ્વ. ડાહ્યાભાઈ, સ્વ. શારદાબેન જયંતિલાલ, સ્વ. લીલાવંતીબેન શાંતિલાલ, સ્વ. હીરાબેન ધીરજલાલ, સ્વ. શાંતાબેન મનસુખલાલ, કુંદનબેન જમનાદાસ, સ્વ. સરલાબેન ચંપકલાલ, શ્રીમતી વિમળાબેન ભૂપતરાય શાહના ભાઈ, સ્વ. નાગરદાસ નરોત્તમદાસ દોશીના જમાઈ. લૌકિક વહેવાર બંધ છે.

**દશા. સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ શાંતાકુઝ, સ્વ. દેવકુવરબેન નાનજીભાઈ ઠોસાણીના પુત્ર પ્રાણલાલ શાહ (ઠોસાણી)ના ધર્મપત્ની અ.સૌ. સવિતાબેન (ઉ.વ. ૯૨) તા. ૨૪/૧૧/૨૫ને સોમવાર અરીહંતશરણ પામેલ છે. તે હેમાબેન ગીરીશભાઈ પારેખ (મહુવા) અર્ચના દીપકભાઈ દોશી. જાગૃતિ પરાગભાઇ શેઠના માતુશ્રી. અમરેલી નિવાસી સ્વ. વેલચંદભાઈ નંદલાલભાઈ પારેખના દીકરી. ધવલ, શ્વેતા, ફોરમ દર્શિલ તેમજ મીતના નાની. પ્રાર્થનાસભા તેમજ લૌકીક વ્યવહાર રાખેલ નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# રીડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં ઘર લેતી વખતે સોસાયટી સાથે પણ એગ્રીમેન્ટ જરૂરી

## નહીં તો ઘર - પૈસાથી હાથ ધોવા પડશે

મુંબઈ: રીડેવલપમેન્ટ પ્રોજેક્ટના વેચાણ માટેના ફ્લેટ ખરીદતી વખતે એક સાવધાની રાખવા અંગે મહારેરાએ પ્રકાશ ફેંક્યો છે. ઘર ખરીદનારાઓએ ડેવલપરની સાથે સાથે સંબંધિત હાઉસિંગ સોસાયટી સાથે એગ્રીમેન્ટ કરવો પણ જરૂરી છે. ખરીદદારે જો ફક્ત ડેવલપર સાથે એગ્રીમેન્ટ કર્યું હશે અને સોસાયટી સાથે નહીં કર્યું હોય અને જો પ્રોજેક્ટમાંથી ડેવલપર નીકળી જાય તો ઘર ખરીદદારે પૈસા અને ઘર બંને ગુમાવવા પડશે.

આ પ્રકારનો ચુકાદો મહારેરા અપીલ ન્યાયાધિકરણ દ્વારા એક મામલામાં તાજેતરમાં આપવામાં આવ્યો છે.

માહિતી અનુસાર ૧૯ જણે કરોડો રૂપિયા આપી ડેવલપર સાથે એગ્રીમેન્ટ કરી જગ્યા ખરીદી હતી. જોકે, આજની તારીખમાં પરિસ્થિતિ એવી છે કે સોસાયટી સાથે એગ્રીમેન્ટ ન કર્યો હોવાથી એ ૧૯ જણ ફ્લેટ ધારક નહીં માની બહારની વ્યક્તિ માનવામાં આવી છે. પરિણામે ૧૯ જણે ફ્લેટ અને પૈસાથી હાથ ધોવા પડ્યા છે.

મહારેરાના આદેશમાં જણાવવામાં આવ્યું છે કે ૧૯ જણે માત્ર ડેવલપર સાથે એગ્રીમેન્ટ કર્યું હતું, સોસાયટી સાથે નહીં. એટલે એ ઘર ખરીદાર સોસાયટી સાથે કોઈ સંબંધ નથી ધરાવતા અને જૂના ડેવલપર પાસે હવે કોઈ કાયદેસર અધિકાર નથી.

વ્યક્તિગત ખરીદદાર રેરા નોંધણી રદ કરવાની ફરિયાદ પણ નથી કરી શકતો. હાઈકોર્ટે પણ થોડા દિવસો પહેલા આવો જ આદેશ આપ્યો હોવાથી રીડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં ઘર ખરીદવા માંગતા લોકોએ સાવધ રહેવાની જરૂર છે. ■

# બદલાપુર-કર્જત વચ્ચે ત્રીજી-ચોથી રેલવે લાઈન માટે મંજૂરી, ૫૮૫ ગામ જોડાશે

## ૯,૮૫૮ કરોડ રૂપિયાના ખર્ચે પુણે મેટ્રોના વિસ્તરણને કેબિનેટની મંજૂરી

નવી દિલ્હી: મ્યુનિસિપલ ચૂંટણીઓ પહેલા, કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર પર ભેટોનો વરસાદ શરૂ કરી દીધો છે. બુધવારે કેબિનેટની બેઠકમાં મહારાષ્ટ્રની બે યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્ર સરકારે બુધવારે પુણે મેટ્રો રેલ નેટવર્કના વિસ્તરણ માટે ૯,૮૫૮ કરોડ રૂપિયાના ખર્ચને મંજૂરી આપી છે, એમ દેશના માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટે પુણે મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ-૨ હેઠળ લાઇન ૪ (ખરાડી-હડપસર-સ્વારગેટ-ખડકવાસલા) અને લાઇન ૪અ (નળ સ્ટોપ-વારજે-માણિક બાગ)ને મંજૂરી આપી હતી.

લાઇન ૨અ (વનાઝ-ચાંદની ચોક) અને લાઇન ૨ઇ (રામવાડી-વાઘોલી/વિઠ્ઠલવાડી)ને મંજૂરી આપ્યા પછી, ફેઝ-૨ હેઠળ મંજૂર કરાયેલ આ બીજો મોટો પ્રોજેક્ટ છે.આ ઉપરાંત કેન્દ્ર સરકારે બદલાપુર-કર્જત સેક્શન પર મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટને પણ મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટ (જુઓ પાનું ૪) ▶▶

# એકનાથ શિંદે ફરી મુખ્ય પ્રધાન બનશે?

## રાજ્યના રાજકારણમાં પલટો આવવાનો દાવો

મુંબઈ: રાજ્યમાં હાલમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના પ્રચારને વેગ મળ્યો છે. તમામ પક્ષોના નેતાઓ પ્રચારમાં વ્યસ્ત છે. તેવામાં થોડા દિવસો પહેલા મહાયુતિનો વિવાદ સામે આવ્યો હતો. ત્યારબાદ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દિલ્હીમાં અમિત શાહને મળ્યા હતા. ત્યારબાદ હવે રાજ્યના રાજકીય સમીકરણો બદલાવાની શક્યતા છે. કારણ કે, શિવસેનાના એક પ્રધાને જાહેરમાં નિવેદન આપ્યું છે કે એકનાથ શિંદે ફરીથી મુખ્ય પ્રધાન બનશે.

શિવસેનાના નેતા દાદા ભૂસેએ નંદુરબારમાં પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, જો આજે પણ જનતાને પૂછવામાં આવે કે તેમના મનમાં મુખ્ય પ્રધાન કોણ છે? તો જનતા કહેશે કે એકનાથ શિંદે. મહારાષ્ટ્રે આવો મુખ્ય પ્રધાન ક્યારેય જોયો નથી, આ એક વાસ્તવિકતા છે. આપણે ફરીથી મહારાષ્ટ્રનું નેતૃત્વ એકનાથ શિંદે સાહેબને કરતા જોઈશું. નાયબ (જુઓ પાનું ૪) ▶▶

# આઈઆઈટી-બોમ્બેનું મુંબઈ કરવા મોદીને પત્ર લખીશ: ફડણવીસ

મુંબઈ: ભાજપના કેન્દ્રીય રાજ્ય પ્રધાન જિતેન્દ્ર સિંહના નિવેદન બાદ ઊભા થયેલા વિવાદ પર હવે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, અમારા માટે આ મુંબઈ જ છે, બોમ્બેનું નામ મુંબઈ કરવા પાછળ ભાજપનો મોટો ફાળો છે. તેમણે એમ પણ કહ્યું કે, તેઓ વડાપ્રધાનને આઈઆઈટી બોમ્બેનું નામ આઈઆઈટી-મુંબઈ કરવા માટે વિનંતી કરશે.

કેન્દ્રીય રાજ્ય પ્રધાન જિતેન્દ્ર સિંહે આઈઆઈટી-બૉમ્બેના એક કાર્યક્રમમાં નામ વિશે નિવેદન આપતા કહ્યું હતું કે,

આઈઆઈટી બોમ્બેનું નામ મુંબઈ ન કરાયું તેનો મને સંતોષ છે. ત્યારબાદ મનસેએ આ અંગે આક્રમક વલણ અપનાવીને તેમને જવાબ આપ્યો હતો. હવે મુખ્યપ્રધાને પણ તેના પર પ્રતિક્રિયા આપી છે. રાજ ઠાકરેની ટીકા પર પ્રતિક્રિયા આપતા ફડણવીસે કહ્યું કે, બૉમ્બેનું નામ મુંબઈ કરવા પાછળ સૌથી મોટો ફાળો ભારતીય જનતા પાર્ટીના નેતા રામભાઉ નાઇકનો છે. અમારા માટે તે બોમ્બે નહીં પણ મુંબઈ જ છે. બૉમ્બેના નિશાન ભૂંસાઈ જવા જોઈએ અને બધે મુંબઈ જ હોવું જોઈએ. આઈઆઈટી બૉમ્બેનું નામ આઈઆઈટી મુંબઈ કરવામાં આવે તેવી વિનંતી કરતો પત્ર હું દેશના વડાપ્રધાન અને માનવ સંસાધન પ્રધાનને લખીશ. ■

# સાયન્સ સેન્ટરથી વરલી પ્રોમોનેડ, રેસકોર્સ, પ્લેનેટોરિયમ

## એમએમઆરસી મેટ્રો-થ્રીના સ્ટેશનોને જોડતા સબ-વે બાંધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશને (એમએમઆરસી) કફ પરેડ-બાન્દ્રા-સીપ્ઝ- આરે અંડરગ્રાઉન્ડ મેટ્રો-થ્રીના સ્ટેશનો પર રાહદારીઓ માટે સબ-વે બાંધવાનો નિર્ણય લીધો છે. તેથી સ્ટેશન પર ઉતાર્ય બાદ પ્રવાસીઓ સીધા પોતાના ગંતવ્ય સ્થળ પર સબ-વેના માધ્યમથી સરળતાથી પહોંચી શકશે.

એમએમઆરસીએ મેટ્રો સ્ટેશનથી અમુક અંતર પર આવેલા મહત્ત્વના અને ભીડભાડવાળા સ્થળોને અંડરગ્રાઉન્ડ સબ-વેથી જોડવાનો નિર્ણય લીધો છે, જેમાં પ્રાયોગિક ધોરણે ત્રણ અંડરગ્રાઉન્ડ સબ-વે બાંધવાની છે. સબ-વેનો ડ્રાફ્ટ પ્લાન તૈયાર કરવા માટે પ્રોજેક્ટ કન્સ્લટન્ટ નીમવાની છે, તે માટે મંગળવારે ટેન્ડર બહાર પાડયા હતા. ત્રણ અંડરગ્રાઉન્ડ સબ-વે તૈયાર થયા બાદ બીકેસી મેટ્રો સ્ટેશનથી બીકેસી બુલેટ ટ્રેન સ્ટેશન તો સાયન સેન્ટર સ્ટેશનથી વરલી પ્રોમોનેડ, મહાલક્ષ્મી રેસકોર્સ, નેહરુ સાયન્સ સેન્ટર પહોંચી શકાશે. આ ત્રણ સબ-વેને કારણે પ્રવાસીઓ મેટ્રો સ્ટેશન પર ઉતરીને પ્રવાસીઓ ઈચ્છિત સ્થળે સીધા પહોંચી શકશે. ■

# મુંબઈમાં ૧૧ લાખ ડુપ્લિકેટ મતદારો

## એક મતદારનું નામ તો ૧૦૩ વાર

મુંબઈ: હાલ આખા દેશમાં મતદાર યાદીમાં સુધારાનું કામ ચાલી રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, મતદાર યાદીમાં એક જ વ્યક્તિનું નામ બે-ત્રણ વાર નહીં પરંતુ ૧૦૩ વાર નોંધાયેલું જોવા મળ્યું છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ડ્રાફ્ટ મતદાર યાદીના ડેટા અનુસાર શહેરમાં ૧.૩ કરોડ મતદારો છે. જેમાંથી અંદાજે ૪,૩૩,૦૦૦ લોકોના એકથી વધુ વખત મતદાર યાદીમાં નામ નોંધાયેલા છે. વારંવાર નામ નોંધણી કરાવવાને કારણે ડુપ્લિકેટ મતદારોની કુલ સંખ્યા લગભગ ૧૧ લાખ સુધી પહોંચી ગઈ છે. જોકે વહીવટીતંત્ર પાસે આ સંદર્ભમાં સચોટ માહિતી ન હોવાના કારણે આ ડુપ્લિકેટ નામોમાં દરેક વ્યક્તિનું નામ કેટલી વાર નોંધાયું છે તે સ્પષ્ટ નથી.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને જણાવ્યું છે કે જો કોઈ વ્યક્તિનું નામ યાદીમાં ૧૦૩ વખત હોય તો પણ તે ફક્ત એક જ વાર મતદાન કરી શકે છે. આ નિયમ મતદારની ઓળખ અને મતદાન પ્રક્રિયાની નિષ્પક્ષતાની ખાતરી આપે છે. માહિતી સામે આવી છે કે આ નામ ૨૨૭ વિભાગોમાં નોંધાયેલું છે પરંતુ વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે આ વ્યક્તિ ફક્ત એક જ જગ્યાએ મતદાન કરી શકે છે. ■

# નવી મુંબઈ એરપોર્ટથી ગેટવે ફક્ત ૪૫ મિનિટમાં

## મુંબઈમાં ૨૦૦ કિમીના જળમાર્ગો શરૂ કરવાની યોજના

મુંબઈ: મુંબઈ શહેર ઉત્તર-દક્ષિણ ફેલાયેલું છે અને દક્ષિણ છેડે અરબી સમુદ્રથી ઘેરાયેલું છે. મુંબઈની વસ્તી વધતી રહી હોવાથી તેના પરિવહન માળખા પર બોજ પણ વધતો જાય છે. તેનો ઉકેલ લાવવા માટે છેલ્લાં ઘણા સમયથી રાજ્ય સરકારો જળપરિવહનને પ્રોત્સાહન આપવા અને તેનો વિકાસ કરવા પ્રયત્ન કરી રહી છે. મહારાષ્ટ્ર સરકાર ૧૦ નવા જળમાર્ગનો વિકાસ કરવાની યોજના બનાવી રહી છે જેમાં નવી મુંબઈ (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં આવતા અઠવાડિયે ૨૪ કલાક માટે ૧૫ ટકા પાણીકાપ

મુંબઈ: તાનસા તળાવમાંથી ભાંડુપ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં પાણી પુરવઠો કરનારી પાઈપલાઈન બદલવાનું કામ હાથ ધરવામાં આવવાનું છે. તેથી બુધવાર, ૩ ડિસેમ્બરથી ગુરુવાર ચાર ડિસેમ્બર સુધીના ૨૪ કલાક માટે મુંબઈના કુલ ૧૪ પ્રશાસકીય વોર્ડમાં પાણીપુરવઠામાં ૧૫ ટકા પાણીકાપ લાગુ પડશે.પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ તાનસા બંધમાંથી ભાંડુપ વોટરફિલ્ટરેશન પ્લાન્ટમાં પાણી પુરવઠો કરનારી ૨,૭૫૦ મિલીમીટર વ્યાસની તાનસા પાઈપલાઈનને બદલવાનું કામ મુંબઈ મહાનગરપાલિકાએ હાથમાં લીધું છે.

# મીઠી નદીના વિકાસ કામ માટે ૧૭૦૦ કરોડનાં ટેન્ડર બહાર પાડ્યાં

## આચારસંહિતા લાગુ પડે તે પહેલાં પ્રશાસન એક્શન મોડમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગપાલિકાની ચૂંટણી જાહેર થાય અને આચારસંહિતા લાગુ પડે તે પહેલા પાલિકા પ્રશાસન એક્શન મોડમાં આવી ગઈ છે. છેલ્લા ત્રણ વર્ષથી ટેન્ડર પ્રક્રિયામાં અટવાઈ ગયેલી મીઠી નદીના સફાઈના કામ માટેના ૧,૭૦૦ કરોડ રૂપિયાના ટેન્ડર ફરી બહાર પાડયા હતા. ત્રણથી ચાર કંપની આગળ આવી હતી. તેમાં એક કંપની ફાઈનલ કરીને કામ સોંપવામાં આવ્યું છે. આચારસંહિતા લાગુ પડે તે પહેલા પાલિકા કામ શરૂ કરવા માગે છે.

દર વર્ષે ચોમાસામાં મીઠી નદીમાં આવતા પૂરથી છૂટકારો મેળવવા મીઠી નદીના વિકાસ કામ ચાર તબક્કામાં કરવાનો પ્રોજેક્ટ પાલિકાએ હાથ ધર્યો છે, જેમાં કુર્લાના સીએસએમટી રોડથી માહિમ કૉઝવે દરમ્યાન ત્રીજા તબક્કાનું કામ છેલ્લા ત્રણ વર્ષથી ટેન્ડર પ્રક્રિયામાં અટવાઈ ગયા બાદ છેલ્લે ફરી ટેન્ડર કાઢીને કંપનીને કામ સોંપવામા આવ્યું છે. આ કામ માટે ૧,૭૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ છે અને બહુ જલદી વર્ક ઓર્ડર બહાર પાડીને કામ શરૂ કરવામાં આવવાનું હોવાનું ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

મીઠી નદી પૂર્વ,પશ્ચિમ ઉપનગરની સાથે જ શહેરમાંથી પણ વહે છે. ૨૦૦૫માં થયેલી અતિવૃષ્ટિ અને મીઠી નદીમાં આવેલા પૂર બાદ તેની સફાઈ, તેની ઊંડાઈ અને આજુબાજુના અતિક્રમણને હટાવી દિવાલ બાંધવા જેવા કામ ચાર તબક્કામાં હાથ ધરવામાં આવ્યા છે, જેમાં ત્રીજા તબક્કામાં ભરતીના પાણી ભરાય છે તે વિસ્તારમાં મીઠી નદી અને વાકોલા નદીમાં ઠાલવવામાં આવતા ગંદા પાણી (સ્યુએજ વોટર)ને રોકીને મીઠી નદીના કિનારા પાસે સ્યુએજ લાઈન દ્વારા મુખ્ય સ્યુએજ લાઈનમાં ડાઈવર્ટ કરવાનું કામ, મીઠી નદીની બાકીની ૩૦૦ મીટર લંબાઈના વિસ્તારને પહોળી કરવાની સાથે જ ઊંડી કરવાનું, સુરક્ષા દીવાલ, સર્વિસ રોડ, ૨૫ ફ્લડિંગ ગેટ બાંધવાના કામ કરવામાં આવવાના છે. આ કામ માટે મે, ૨૦૩માં ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા પણ કામ માટે (જુઓ પાનું ૪) ▶▶

# સૈનિકને મળતા લાભ મેળવવા શહીદ અગ્નિવીરની માતાની હાઈ કોર્ટમાં અરજી

મુંબઈ: જમ્મુ-કાશ્મીરમાં ઓપરેશન સિંદૂર દરમિયાન સરહદ પરના ગોળીબારમાં શહીદ થયેલા અગ્નિવીર મુરલી નાઈકની માતાએ લશ્કરના સૈનિકને મળતા લાભથી અગ્નિવીરને વંચિત રાખવાના નિર્ણયને પડકારતી અરજી બોમ્બે હાઈકોર્ટમાં કરી છે.

અગ્નિપથ યોજના મૃત્યુ બાદ મળતા લાભો અંગે અગ્નિવીર અને નિયમિત સૈનિકો વચ્ચે ભેદભાવ રાખવામાં આવ્યો હોવાનો દાવો શહીદની માતા જ્યોતિબાઈ નાઈકની અરજીમાં કરવામાં આવ્યો છે.

પહલગામ આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું ત્યારે પાકિસ્તાની સેનાએ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરીને તીવ્રતાથી હુમલો કર્યો ત્યારે નવમી મેના દિવસે મુરલી નાઈક પૂંછમાં શહીદ થયા હતા.

એડવોકેટ સંદેશ મોરે, હેમંત ઘાડીગાંવકર અને હિતેન્દ્ર ગાંધી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે અગ્નિવીર સમાન ફરજ નિભાવે છે અને નિયમિત સૈનિકોની જેમ જ જોખમોનો સામનો કરતા હોવા છતાં અગ્નિવીરના પરિવારોને લાંબા ગાળાના પેન્શન અને અન્ય લાભોથી વંચિત રાખવામાં આવે છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી અગ્નિપથ યોજનામાં અગ્નિવીરોને સેવા પછીના (જુઓ પાનું ૪) ▶▶

# વાઢવણ બંદર પર નોકરીઓમાં ભૂમિપુત્રોને પ્રાધાન્ય: મુખ્ય પ્રધાન

પાલઘર: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે એવી ખાતરી આપી હતી કે પાલઘર જિલ્લાના વાઢવણ બંદર પ્રોજેક્ટમાં સ્થાનિક રહેવાસીઓ (ભૂમિપુત્રો)ને નોકરીઓ આપવામાં આવશે, અને ચેતવણી આપી હતી કે મેગા સુવિધામાં તેમને 'યોગ્ય રોજગાર'થી વંચિત રાખવાના કોઈપણ પ્રયાસોને સહન કરવામાં આવશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે આ મોટા બંદર પ્રોજેક્ટમાં ૧૦ લાખ નોકરીઓનું સર્જન થશે.

તેઓ પાલઘરના દહાણુ ખાતે ભાજપના ઉમેદવાર ભરત રાજપૂત માટે એક ચૂંટણી રેલીને સંબોધિત કરી રહ્યા હતા, જે મ્યુનિસિપલ કાઉન્સિલના અધ્યક્ષપદ માટે મેદાનમાં છે.

મેં અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે વાઢવણ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી સ્થાનિક લોકોને રોજગાર મળે. અમે ૧૦ લાખ નોકરીઓ બનાવીશું અને તે નોકરીઓ આ ભૂમિના પુત્રો અને પુત્રીઓને જશે, એમ ફડણવીસે કહ્યું હતું. વઢવાણ પોર્ટ પ્રોજેક્ટ લિમિટેડ દ્વારા ૭૬,૨૦૦ કરોડ રૂપિયાના ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટને બે તબક્કામાં વિકસાવવામાં આવી રહ્યો છે. બંદરમાં નવ કન્ટેનર ટર્મિનલ, દરેક ૧,૦૦૦ મીટર લાંબા, ચાર બહુહેતુક બર્થ, જેમાં કોસ્ટલ બર્થ, ચાર લિક્વિડ કાર્ગો બર્થ, એક રો-રો બર્થ અને કોસ્ટ ગાર્ડ બર્થનો સમાવેશ થશે. ■




મુંબઈના ૨૬/૧૧ના આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તથા પોલીસ વડાઓએ પુષ્પાંજલિ અર્પી હતી. (અમય ખરાડે)

# આતંકવાદને જરીકે નહીં સાંખી લેવાની મોદી સરકારની નીતિની દુનિયાએ નોંધ લીધી: અમિત શાહ

મુંબઈ: શાહે જણાવ્યું કે આતંકવાદ સામે મોદી સરકારની ઝીરો ટોલરન્સ નીતિ સ્પષ્ટ છે અને સમગ્ર વિશ્વ ભારતના આતંકવાદ વિરોધી અભિયાનની પ્રશંસા કરી રહ્યું છે અને સંપૂર્ણ સમર્થન આપી રહ્યું છે.

અત્રે નોંધનીય છે કે ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ પાકિસ્તાનથી લશ્કર-એ-તૈયબા(એલઇટી)ના દસ આતંકવાદીઓએ દરિયાઇ માર્ગે મુંબઇમાં પ્રવેશ કર્યો હતો. આતંકવાદીઓએ મુંબઇની ૬૦ કલાક સુધી ઘેરાબંધી દરમિયાન ૧૮ સુરક્ષા કર્મચારીઓ સહિત ૧૬૬ લોકોની હત્યા કરી હતી.

# મહારાષ્ટ્ર પોલીસ મુંબઈ અને મુખ્ય શહેરોમાં ડ્રોનના ઉપયોગ માટે સક્રિય

મુંબઈ: અણધાર્યા આવી પડતા આતંકવાદી હુમલા સામેની તૈયારીના ભાગરૂપે મહારાષ્ટ્ર પોલીસ મુંબઈ સહિત અન્ય અગ્રણી શહેરોમાં સુરક્ષા અને જાપ્તો મજબૂત કરવા માટે ડ્રોનના ઉપયોગની નીતિનો મુસદ્દો તૈયાર કરી રહી હોવાની જાણકારી એક વરિષ્ઠ અધિકારીએ બુધવારે આપી હતી.

પાકિસ્તાનના લશ્કર - એ - તૈયબાના ૧૦ આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા ૨૬/૧૧ આતંકવાદી હુમલાની ૧૭ મી વરસી નિમિત્તે અધિકારીએ જણાવ્યું હતું કે ભાવિ જોખમોનો સજ્જડ સામનો થઈ શકે એ રીતે આધુનિક સાધનો અને મોડર્ન ટેકનોલોજીથી મુંબઈ પોલીસ દળ ખાસ્સું મજબૂત બની ગયું છે.

વધુ વિગત આપતા અધિકારીએ જણાવ્યું હતું કે અગાઉના અહેવાલોમાં ચેતવણી આપવામાં આવી હતી કે ભવિષ્યના આતંકવાદી હુમલામાં અગાઉ ક્યારેય નહીં જોયેલી કે જાણેલી પદ્ધતિનો ઉપયોગ થઈ શકે શકે છે. એ ચેતવણીના પગલે શહેર અને રાજ્ય પોલીસે ટ્રેઈનિંગ વધારી ક્ષમતાને મજબૂત બનાવી કર્મચારીઓને આધુનિક શસ્ત્રો અને ટેકનોલોજીથી સજ્જ કર્યા છે. અદ્યતન ટેકનોલોજી સાથે ક્ષમતા વધારી રાજ્ય પોલીસ, કેન્દ્રીય એજન્સીઓ સાથે, મુંબઈ સહિત અગ્રણી શહેરોની સુરક્ષા અને દેખરેખ માટે ડ્રોન-ઉપયોગની નીતિ પર કામ કરી રહી છે.

અધિકારીએ એમ પણ જણાવ્યું હતું કે ડ્રોનના ઉપયોગની નીતિની બ્લુપ્રિન્ટ રાજ્ય પોલીસના ચુનંદા કમાન્ડો યુનિટ ફોર્સ વન દ્વારા કેન્દ્રીય એજન્સીઓની મદદથી તૈયાર કરવામાં આવી છે. નીતિ અનુસાર ડ્રોન તૈનાત કરવાનો સમય અને સ્થાન પરિસ્થિતિની જરૂરિયાતોના આધારે નક્કી કરવામાં આવશે. ડ્રોન માત્ર મહાનગરોમાં જ નહીં પરંતુ નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં પણ જાપ્તો રાખવામાં મદદ કરશે. (પીટીઆઈ)

# મુંબઈ આતંકી હુમલાની વરસી: શહીદોને શ્રદ્ધાંજલિ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે શહેર પોલીસ હેડક્વાર્ટર ખાતે ૨૦૦૮માં મુંબઈ આતંકી હુમલા દરમિયાન આતંકવાદીઓ સામે લડતા લડતા બલિદાન આપનારા જાંબાઝોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને રાજ્યના પ્રધાન આશિષ શેલારે પણ દક્ષિણ મુંબઈમાં પોલીસ કમિશનર કાર્યાલયના પરિસરમાં શહીદ સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક રશ્મી શુક્લા, મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતી અને અન્ય અધિકારીઓ પણ હાજર હતા. આતંકી હુમલામાં જીવ ગુમાવનારા પોલીસકર્મીઓના પરિવારના સભ્યોએ પણ આ પ્રસંગે શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. ૨૬ નવેમ્બર ૨૦૦૮ના દિવસે પાકિસ્તાનના ૧૦ આતંકવાદીઓએ મુંબઈના અનેક વિસ્તારમાં એક સાથે કરેલા હુમલામાં ૧૬૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૩૦૦થી વધુ ઘાયલ થયા હતા. પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર -એ - તૈયબાના સશસ્ત્ર આતંકવાદીઓ સમુદ્ર માર્ગે શહેરમાં દાખલ થઈ તાજમહલ પેલેસ હોટેલ, ઓબેરોય ટ્રાઇડન્ટ હોટેલ, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) રેલવે સ્ટેશન અને નરીમન હાઉસ સહિત અનેક મહત્ત્વના સ્થળે શ્રેણીબદ્ધ હુમલા કર્યા હતા. આતંકવાદીઓએ નિશાન બનાવ્યા હતા એ સીએસએમટી, કામા અને આલ્બ્લેસ હોસ્પિટલ અને અન્ય સ્થળોએ પણ ઘણા લોકોએ શ્રદ્ધાંજલિ આપી હતી. લાઠી સાથે આતંકવાદીઓનો સજ્જડ મુકાબલો કરનારા આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર તુકારામ ઓંબળેની પ્રતિમા 'પ્રેરણા સ્થળ' પર પણ લોકોએ શ્રદ્ધાંજલિ આપી હતી. ગિરગામ ચોપાટીમાં આતંકવાદી અજમલ કસાબને ઝડપતી વખતે તુકારામ ઓંબળે શહીદ થયા હતા. દરમિયાન, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પણ કહ્યું હતું કે ૨૬/૧૧ મુંબઈના ઇતિહાસમાં કાળો દિવસ હતો. હું શહીદોને સલામ કરું છું અને જે નિર્દોષ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.' (પીટીઆઈ)

# આરપીએફના સેંકડો અધિકારીઓ શૅરબજારમાં ઊંચા વળતરની લાલચમાં ફસાયા

થાણે: થાણે પોલીસની આર્થિક ગુના શાખાએ મહારાષ્ટ્ર, સહીત અન્ય ઘણા રાજ્યોમાં સેંકડો રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) કર્મચારીઓ સાથે છેતરપિંડી કરનારા મોટા શેર રોકાણ કૌભાંડના મુખ્ય સૂત્રધારની ધરપકડ કરી છે. પોલીસ અધિકારીઓના કહેવા પ્રમાણે આરોપી ઓમપ્રકાશ યાદવ (૩૦ વર્ષ) દ્વારા સુરક્ષા દળના લગભગ ૩૫૦ જેટલા કર્મચારીઓ પાસેથી ૪૦ થી ૫૦ કરોડ પડાવ્યા હોવાનો અંદાજ છે. પરંતુ અત્યાર સુધીમાં, ૪૦ આરપીએફ કર્મચારીઓએ સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી છે.

તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, યાદવ ૨૦૨૦ થી ઓનલાઈન ટ્રેડિંગમાં સક્રિય હતો અને શેરબજારના રોકાણ પર અસામાન્ય રીતે ઊંચા વળતરના વચનો આપીને પીડિતોને લલચાવતો હતો. શરૂઆતમાં તે મુંબઈમાં એક ઓફિસમાંથી કામ કરતો હતો અને પછી કલ્યાણના ખડકપાડા વિસ્તારમાં ઓફિસ શરૂ કરી હતી.

# શિયાળો શરૂ થયો છતાં શાકભાજીના ભાવ આસમાને

નવી મુંબઈ: શિયાળો શરૂ થતાં જ, સામાન્ય રીતે, શાકભાજી બજારમાં શાકભાજીની આવક વધવાથી ભાવમાં ઘટાડો થતો હોય છે, પરંતુ આ વર્ષે, હવામાનમાં ફેરફેરાને કારણે પાકને થયેલું નુકસાન અને બજારમાં આવતા માલમાં ઘટાડો થવાથી શાકભાજીના છૂટક તેમજ જથ્થાબંધ ભાવોમાં વધારો થયો છે. એપીએમસી માર્કેટમાં શિયાળાની શરૂઆતમાં સારી ગુણવત્તાવાળા શાકભાજી મોટા પ્રમાણમાં મળી રહે છે. મંગળવારે, એપીએમસી માર્કેટમાં ફ્લાવર ૧૬ થી ૨૦ રૂપિયા પ્રતિ કિલો, કોબી ૧૪ થી ૨૦ રૂપિયા પ્રતિ કિલો, ગુવાર ૭૦ થી ૯૦ રૂપિયા પ્રતિ કિલો, ફણસી ૩૦ થી ૪૦ રૂપિયા પ્રતિ કિલો, ટિંડોળા ૪૦ થી ૫૦ રૂપિયા પ્રતિ કિલો, ભીંડા ૫૫ થી ૬૫ રૂપિયા પ્રતિ કિલો, શિમલા ૫૦ થી ૭૦ રૂપિયા પ્રતિ કિલો અને ટામેટાં ૩૫ થી ૪૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા હતા.

# દિગ્ગજો વગર રમો તો નાક જ કપાય

## વિરાટ, રોહિત, પુજારા, અશ્વિન જેવા અનુભવીઓએ અકાળે નિવૃત્તિ લેવી પડીઃ રહાણે અને મોહમ્મદ શમીની પણ ટીમને મોટી ખોટ વર્તાય છે





ચીફ સિલેક્ટર આગરકર અને હેડ-કોચ ગૌતમ ગંભીર (ડાબે). એક સમય હતો જ્યારે ભારતની ટેસ્ટ ટીમ વિરાટ, રોહિત, પુજારા, રહાણે વગેરે અનુભવીઓથી ભરચક હતી અને ભારત કુલ ૪,૩૩૧ દિવસ દરમ્યાન ૧૮ ટેસ્ટ સિરીઝ રમ્યું અને એ તમામ ૧૮ જીત્યું હતું. ત્યારે ૫૩માંથી ૪૨ ટેસ્ટમાં ભારતનો વિજય થયો હતો.

અજય મોતીવાલા

મુંબઈઃ પાંચ દિવસની ટેસ્ટ-મૅચ હવે ઘણી વખત બેથી અઢી દિવસમાં પૂરી થઈ જતી હોવાથી ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) આ સૌથી જૂના ફૉર્મેટના ભાવિ વિશે ખૂબ ચિંતિત છે અને એનો ઉકેલ લાવવામાં બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) પણ સંકળાયેલું છે એ બહુ સારી વાત કહેવાય, પરંતુ ખુદ ભારતીય ટેસ્ટ ટીમની જ હાલત અત્યારે એવી કે બીસીસીઆઇએ આ સમસ્યા પહેલાં ઉકેલવી જરૂરી છે. છેલ્લા એક વર્ષમાં ત્રણમાંથી બે ટેસ્ટ-સિરીઝમાં આપણો વાઇટવૉશ થઈ જાય એ તો બહુ ખરાબ કહેવાય અને આ સમસ્યા વહેલી તકે ઉકેલાવી જ જોઈએ. જોકે આ બહુ મુશ્કેલ કામ છે, કારણકે હવે તો ભારતની ટેસ્ટ ટીમમાં દિગ્ગજો જેવું કોઈ છે જ નહીં.

યશસ્વી જયસ્વાલ, સાઇ સુદર્શન વગેરે યુવાનિયાઓ અને રિષભ પંત જેવા ટી-૨૦ની માનસિકતાવાળા બૅટ્સમેનોથી હવે આપણે ચલાવી લેવાનું છે. કે. એલ. રાહુલ ઠરેલ મગજવાળો બૅટ્સમૅન ખરો, પરંતુ એટલો બધો પણ અનુભવ નથી કે જૂના જોગીઓમાંથી કોઈનું સ્થાન લઈ શકે.

વિરાટ કોહલી અને રોહિત શર્માએ આ વર્ષની શરૂઆતમાં (ઑસ્ટ્રેલિયામાં ૧-૩ના રકાસ બાદ) અચાનક જ ટેસ્ટ-ક્રિકેટમાંથી વિદાય લીધી હતી. હેડ-કોચ ગૌતમ ગંભીર સાથેના કે ચીફ સિલેક્ટર અજિત આગરકર અને તેની સિલેક્શન કમિટી સાથેના મતભેદને કારણે બન્ને દિગ્ગજે અકાળે ટેસ્ટ-ફૉર્મેટ છોડી દીધું હતું કે શું એ ચર્ચાનો વિષય છે, પરંતુ તેમના જવાથી ટેસ્ટ ટીમને બહુ મોટી ખોટ તો પડી જ છે. કુલ મળીને ૧૩,૫૦૦ ટેસ્ટ-રન કરનાર વિરાટ અને રોહિત (વિરાટના ૯,૨૩૦ રન અને રોહિતના ૪,૩૦૧ રન) જેવા મોટા માથાઓની ટીમમાં ગેરહાજરીમાં ઓપનિંગમાં તથા મિડલ-ઑર્ડરમાં બાજી સંભાળવાની જવાબદારી કોની? કોણ ટીમને સારું સ્ટાર્ટ અપાવી શકે? કે કોણ મિડલ-ઑર્ડરમાં પડકાર ઝીલીને, સમજદારીથી અને ધૈર્યપૂર્વક રમીને રનમશીનને વેગ આપી શકે? એ અત્યારે ચર્ચાના વિષય છે.

એક સમયે રાહુલ દ્રવિડ પછીના બીજા 'ધ વૉલ' તરીકે ઓળખાતા ચેતેશ્વર પુજારાએ ઘણા મહિનાઓ સુધી ટીમમાં કમબૅક માટે આશા રાખી અને છેવટે ત્રણ મહિના પહેલાં (ઑગસ્ટ, ૨૦૨૫માં) રિટાયરમેન્ટ જાહેર કરી દીધું હતું. તેણે પણ ટેસ્ટ-ફૉર્મેટમાં અઢળક (૭,૧૯૫ રન) કર્યા હતા અને તેની ગેરહાજરી પણ ટીમને નડી રહી છે. સ્પિન-લેજન્ડ રવિચન્દ્રન અશ્વિને પણ વહેલી નિવૃત્તિ લેવી પડી હતી.

ઑસ્ટ્રેલિયામાં ભારતને ઐતિહાસિક વિજય અપાવનાર અજિંક્ય રહાણે ટેસ્ટમાં રેગ્યુલર કૅપ્ટન બનવાને લાયક હતો, પરંતુ તેને ટેસ્ટ ટીમમાં પણ ફરી સ્થાન નથી મળ્યું. ચીફ સિલેક્ટર અજિત આગરકર તથા તેની પસંદગીકાર સમિતિ અને હેડ-કોચ ગૌતમ ગંભીર સહિતના ટીમ મૅનેજમેન્ટ વચ્ચે એવું તે શું રંધાઈ રહ્યું છે કે રહાણે જેવા પીઢ અને અનુભવી ખેલાડીની ટીમને ખાસ જરૂર છે છતાં તેને પાછું આવવા ન મળ્યું? ભારતના ક્રિકેટપ્રેમીઓ આ અને આવા બીજા અનેક સવાલો પૂછી શકે એમ છે.

મોહમ્મદ શમીના નામે તો ફિટનેસના મુદ્દે બહુ લાંબુ પ્રકરણ ચાલ્યું છે. માની લઈએ કે ભારતીય ટીમમાં હાલમાં નબળી બૅટિંગ જ સૌથી મોટી ચિંતા છે, પણ જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ પર જ પેસ બોલિંગનો બધો ભાર નાખવા કરતાં ડોમેસ્ટિક ક્રિકેટમાં એક પછી એક મૅચમાં વિકેટો લઈ રહેલા શમીને કેમ ફરી સિલેક્ટ નથી કરવામાં આવતો એનો જવાબ છે કોઈની પાસે? આપણા સ્પિનર્સ (રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, અક્ષર પટેલ વગેરે) સારું પર્ફોર્મ કરી રહ્યા છે, પરંતુ આપણી જ ટર્નિંગ વિકેટો પર આપણા બૅટ્સમેનો સ્પિનર્સ સામે રમવામાં એટલા બધા નબળા છે કે સાઇમન હાર્મર, કેશવ મહારાજ, એઇડન માર્કરમ જેવા ફાવી જાય છે.

આપણા દિગ્ગજ બૅટ્સમેનોની ગેરહાજરીમાં શુભમન ગિલના માથે કૅપ્ટન્સીનો એટલો બધો બોજ નાખી દીધો કે બિચારાની ગરદન જ વળી ગઈ. બીજી રીતે કહીએ તો તેના ગરદનના સ્નાયુઓ ખેંચાઈ ગયા જેને કારણે તેણે સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ-સિરીઝની શરૂઆતમાં જ ટીમની બહાર થઈ જવું પડ્યું અને કૅપ્ટન્સીનો ભાર રિષભ પંત પર આવી ગયો જેમાં તે નબળા નેતૃત્વને કારણે ખુલ્લો પડી ગયો અને તેની બૅટિંગ પર પણ વિપરીત અસર થઈ છે.

વિદેશમાં ભારત તાજેતરમાં ટેસ્ટ મૅચો જીત્યું (ઑસ્ટ્રેલિયામાં એક અને ઇંગ્લૅન્ડમાં બે ટેસ્ટ જીત્યું), પણ ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ અને સાઉથ આફ્રિકા સામે તમામ મૅચો હારી ગયું. ૨૦૨૪ના નવેમ્બરમાં કિવીઓ સામે આપણે ૦-૩થી હાર્યા અને હવે સાઉથ આફ્રિકા સામે ૦-૨થી નાક કપાયું. વિદેશની જ વાત નીકળી છે તો કહેવાનું કે વિદેશી ધરતી પરના ટીમ ઇન્ડિયાના પર્ફોર્મન્સમાં જો શુભમન ગિલના દેખાવની બાદબાકી કરો તો બૅટિંગમાં ટીમ ઇન્ડિયા કંઈ જ ન કહેવાય. અત્યારે હાલત એવી છે કે શરૂઆતમાં વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની બે ફાઇનલ રમી ચૂકેલા ભારતને વર્તમાન સીઝનની ફાઇનલમાં કદાચ ન પણ પહોંચવા મળે.

# શરમજનક સ્થિતિઃ ભારત ડબ્લ્યૂટીસીમાં હવે પાકિસ્તાનથી પણ પાછળ!

દુબઈઃ ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ-સિરીઝમાં ૦-૨ની હારને પગલે ભારત વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ના પૉઇન્ટ્સ-ટેબલમાં પાંચમા નંબર પર પહોંચી ગયું છે. વધુ નવાઈની વાત એ છે કે ભારતીય ટીમ આ લિસ્ટમાં પાકિસ્તાનથી પણ પાછળ છે. ડબ્લ્યૂટીસીની સીઝન બે વર્ષની હોય છે. આ વર્ષે સાઉથ આફ્રિકાએ ફાઇનલમાં ઑસ્ટ્રેલિયાને હરાવીને પહેલી વાર ટેસ્ટ ક્રિકેટનો તાજ જીતી લીધો હતો. વર્તમાન સીઝનની ફાઇનલ ૨૦૨૭માં રમાશે.

ડબ્લ્યૂટીસીમાં બે વખત ફાઇનલમાં પહોંચી ચૂકેલા ભારતને વર્તમાન સીઝનની ફાઇનલમાં પહોંચવા મળશે કે કેમ એમાં શંકા છે. ૨૦૨૫-'૨૭ની સીઝનમાં ભારતીય ટીમ અડધે રસ્તે છે. ૧૮માંથી નવ મૅચ રમાઈ ચૂકી છે અને ટકાવારીની દૃષ્ટિએ ભારત ૪૮.૧૫ ટકા સાથે પાંચમા સ્થાને છે. પાકિસ્તાન ૫૦.૦૦ની ટકાવારી સાથે ચોથા સ્થાને છે.

ઑસ્ટ્રેલિયા ડબ્લ્યૂટીસીના લિસ્ટમાં પ્રથમ સ્થાને, સાઉથ આફ્રિકા બીજા સ્થાને અને શ્રીલંકા ત્રીજા સ્થાને છે. સીઝનને અંતે ટોચની બે ટીમ ફાઇનલમાં પહોંચતી હોય છે. ભારત ઘરઆંગણે છેલ્લા એક વર્ષમાં બીજી વાર વાઇટવૉશથી હાર્યું છે. નવેમ્બર, ૨૦૨૪માં ન્યૂ ઝીલૅન્ડ સામે ભારતનો ૦-૩થી પરાભવ થયો હતો. વર્તમાન ડબ્લ્યૂટીસીમાં સૌથી વધુ નવ ટેસ્ટ ભારતની રમાઈ છે.



### ભારત કેવી રીતે ફાઇનલમાં નહીં જઈ શકે

૨૦૨૧ તથા ૨૦૨૩ની ડબ્લ્યૂટીસીની ફાઇનલમાં ભારતનો અનુક્રમે ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા સામે પરાજય થયો હતો. છેલ્લી બે સીઝન પર નજર કરીએ તો ફાઇનલમાં પહોંચવા કોઈ પણ ટીમની જીતની ટકાવારી ૬૦થી ૬૫ ટકા હોવી જોઈએ. ભારતના હાલમાં બાવન પૉઇન્ટ અને ૪૮.૧૫ની ટકાવારી છે. ભારતે ૬૦.૦૦ ટકા સુધી પહોંચવા ૧૩૦ પૉઇન્ટ સુધી તો પહોંચવું જ પડે. ટીમને એક ટેસ્ટ જીતવા બદલ ૧૨ પૉઇન્ટ અને ડ્રૉ બદલ ૪ પૉઇન્ટ મળે છે. હવે ભારતે બાકીની નવ ટેસ્ટમાંથી વધુ ૭૮ પૉઇન્ટ મેળવવા પડશે. ભારતની હવે પછી ન્યૂ ઝીલૅન્ડ અને શ્રીલંકા સામે બે-બે ટેસ્ટ તેમ જ ઑસ્ટ્રેલિયા સામે (ઘરઆંગણે) પાંચ ટેસ્ટ રમાશે. આ બધુ જોતાં ભારત હવે પછીની નવ ટેસ્ટમાં ૭૮ જેટલા પૉઇન્ટ મેળવશે એ સંભવ નથી લાગતું.



### ભારતે પરાજયમાં રચ્યો વિક્રમઃ સૌથી મોટા ૪૦૮ રનના માર્જિનથી હાર, ૨૧ વર્ષનો કમનસીબ વિક્રમ તૂટ્યો

ગુવાહાટીઃ ભારતનો અહીં ગઈ કાલે છેલ્લી ટેસ્ટમાં વર્લ્ડ ચેમ્પિયન સાઉથ આફ્રિકા સામે ૪૦૮ રનથી પરાજય થયો હતો. ભારતીય ટીમ ૫૪૯ રનના લક્ષ્યાંક સામે માત્ર ૧૪૦ રનમાં આઉટ થઈ ગઈ હતી.

ભારતનો ૯૩ વર્ષના પોતાના ટેસ્ટ ઇતિહાસમાં રનના માર્જિનની દ્રષ્ટિએ આ સૌથી ખરાબ પરાજય છે. ૨૦૦૪માં નાગપુરમાં ઑસ્ટ્રેલિયા સામે ૩૪૨ રનથી થયેલી હાર અત્યાર સુધી ભારતની સૌથી બૂરી હાર હતી, પણ એ ખરાબ રેકૉર્ડ હવે તૂટ્યો છે.

સાઈ સુદર્શન (૧૩૯ બૉલમાં ૧૪ રન) તેમ જ રવીન્દ્ર જાડેજા (૮૭ બૉલમાં ૫૪ રન)એ પ્રવાસી ટીમના બોલર્સને જોરદાર લડત આપી હતી. સ્પિનર સાઇમન હાર્મરે છ વિકેટ તેમ જ કેશવ મહારાજે બે, મુથુસામીએ એક અને યેનસેને એક વિકેટ લીધી હતી.

સાઉથ આફ્રિકાએ ભારતનો આ સિરીઝમાં ૨-૦થી વાઈટવૉશ કર્યો છે. હોમ પિચ પર ભારતનો છેલ્લી ત્રણમાંથી બે શ્રેણીમાં વાઈટવોશ થયો છે. ગયા વર્ષે ન્યૂ ઝીલેન્ડ વિરુદ્ધ ૦-૩થી હાર્યા હતા.

**બવુમા અપરાજિત, બૅટિંગ-બોલિંગમાં કોણ મોખરે**

ટેમ્બા બવુમાની કેપ્ટન્સીમાં સાઉથ આફ્રિકા ટેસ્ટમાં હજીયે અપરાજિત છે. માર્કો યેનસેનને પ્લેયર ઑફ ધ મૅચનો અને હાર્મરને પ્લેયર ઑફ ધ સિરીઝનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. હાર્મરની ૧૭ વિકેટ સિરીઝમાં હાઇએસ્ટ હતી. યેનસેન (૧૨ વિકેટ) બીજા ક્રમે અને રવીન્દ્ર જાડેજા (૧૦ વિકેટ) ત્રીજા ક્રમે હતો. ટ્રિસ્ટેન સ્ટબ્સ ૧૬૩ રન સાથે બૅટ્સમેનોમાં મોખરે હતો. વૉશિંગ્ટન સુંદર (૧૨૪ રન) બીજા નંબરે હતો.

### ડબ્લ્યૂટીસીમાં કોણ કઈ સ્થિતિમાં

| ક્રમ | દેશ | મૅચ | જીત | હાર | ડ્રૉ | પૉઇન્ટ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઑસ્ટ્રેલિયા | ૪ | ૪ | ૦ | ૦ | ૪૮ | ૧૦૦.૦૦ |
| ૨ | સાઉથ આફ્રિકા | ૪ | ૩ | ૧ | ૦ | ૩૬ | ૭૫.૦૦ |
| ૩ | શ્રીલંકા | ૨ | ૧ | ૦ | ૧ | ૧૬ | ૬૬.૬૭ |
| ૪ | પાકિસ્તાન | ૨ | ૧ | ૧ | ૦ | ૧૨ | ૫૦.૦૦ |
| ૫ | ભારત | ૯ | ૪ | ૪ | ૧ | ૫૨ | ૪૮.૧૫ |
| ૬ | ઇંગ્લૅન્ડ | ૬ | ૨ | ૩ | ૧ | ૨૬ | ૩૬.૧૧ |
| ૭ | બાંગ્લાદેશ | ૨ | ૦ | ૧ | ૧ | ૪ | ૧૬.૬૭ |
| ૮ | વેસ્ટ ઇન્ડિઝ | ૫ | ૦ | ૫ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૯ | ન્યૂ ઝીલૅન્ડ | - | - | - | - | - | - |



# સાઉથ આફ્રિકાની આકરી ભાષાથી કુંબલે, ડેલ સ્ટેન અને કૅપ્ટન બવુમા નારાજ

## શુક્રી કૉન્રાડે મંગળવારે કહેલું, 'ભારતીય ખેલાડીઓ લથડિયાં ખાતાં, જમીનમાં નાક રગડતાં થઈ જાય એવી તેમની હાલત અમારે કરવી છે'

ગુવાહાટીઃ ટેસ્ટના વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાના હેડ-કોચ શુક્રી કૉન્રાડે મંગળવારે ગુવાહાટી ટેસ્ટના બીજા દાવમાં ભારતને જીતવા ૫૪૯ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો ત્યાર બાદ ભારતીય ટીમ માટે જે કઠોર શબ્દો વાપર્યા એ સામે સ્પિન-લેજન્ડ અનિલ કુંબલેએ વાંધો ઉઠાવ્યો છે, મીડિયામાં કૉન્રાડની ખબર લઈ નાખતા નિવેદનો આપ્યા છે અને બીજી બાજુ ખુદ સાઉથ આફ્રિકાના કૅપ્ટન ટેમ્બા બવુમાએ પણ પોતાના કોચની આકરી ભાષા વિશે નારાજગી વ્યક્ત કરીને કેટલાક ખુલાસા કરવા પડ્યા છે. ખુદ સાઉથ આફ્રિકાના પેસ બોલિંગ લેજન્ડ ડેલ સ્ટેનને પણ કોચ કૉન્રાડની ટિપ્પણી નથી ગમી. કૅપ્ટન બવુમાએ કહ્યું હતું કે 'હું મૅચમાં વ્યસ્ત હતો એટલે કૉન્રાડની કમેન્ટ મને બુધવારે સવારે જ જાણવા મળી. તેમણે પોતાની કમેન્ટ વિશે સમીક્ષા કરવી પડશે (ભવિષ્યમાં આવું ફરી ન બને એ સંભાળવું પડશે).'

સાઉથ આફ્રિકાએ ૫૪૯ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ ભારત ૧૪૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં પ્રવાસી ટીમનો ૪૦૮ રનથી વિજય થયો હતો. ભારતનો માર્જિનની ગણતરીએ સૌથી ખરાબ પરાજય છે.

સાઉથ આફ્રિકાએ બીજો દાવ ૫/૨૬૦ના સ્કોર પર ડિક્લેર કરીને ભારતને ૫૪૯ રનનો મહાકાય લક્ષ્યાંક આપ્યો ત્યાર બાદ સાઉથ આફ્રિકન કોચ કૉન્રાડે ભારતીય ટીમ વિશે વિવાદાસ્પદ કમેન્ટ કરી હતી. કુંબલેને તેમ જ ખુદ સાઉથ આફ્રિકાના પેસ બોલિંગ લેજન્ડ ડેલ સ્ટેનને કોચ કૉન્રાડની ટિપ્પણી નથી ગમી. કૉન્રાડે મંગળવારે મૅચના ચોથા દિવસની રમત બાદ કહ્યું હતું કે 'અમે ઇચ્છતા હતા કે ભારતીય ખેલાડીઓ મેદાન પર (ફીલ્ડિંગમાં) બને એટલો વધુ સમય વીતાવે. અમે ઇચ્છતા હતા કે તેઓ એટલા બધા થાકી જાય કે તેમણે લથડતાં લથડતાં ચાલવું પડે. હું તો ૧૯૭૬માં ક્લાઇવ લૉઇડની વેસ્ટ ઇન્ડિયન ટીમ સામેની સિરીઝ પહેલાં ઇંગ્લિશ કૅપ્ટન ટૉની ગ્રેગે કરેલી કમેન્ટ પરથી પ્રેરણા લઈને કહી રહ્યો છું. અમે ઇચ્છતા હતા કે ભારતીય ટીમ આ મૅચમાંથી પૂર્ણપણે આઉટ થઈ જાય (જીતવા માટે કે ડ્રૉ કરવા માટે અસમર્થ થઈ જાય). અમે તેમને એટલો મોટો ટાર્ગેટ આપીને ઇશારામાં કહેવા માગતા હતા કે હવે આવો, મંગળવારના એક કલાક અને બુધવારના આખા દિવસની રમતમાં આ ટાર્ગેટ મેળવી બતાવો.'

### ગ્રૉવેલ શબ્દના ઉચ્ચાર પછી ટૉની ગ્રેગે માફી માગેલી

ભારતીય ખેલાડીઓ માટે અંગ્રેજીમાં 'ગ્રૉવેલ' એટલે કે લથડિયા ખાતાં, લાચાર થઈને ઘૂંટણિયે ચાલે અને જમીનમાં નાક રગડતાં થઈ જાય એવી ખરાબ હાલતમાં મૂકાઈ જાય, એવું કહેવાનો કૉન્રાડનો અર્થ હતો. આ 'જી વર્ડ' તરીકે ઓળખાય છે. ક્રિકેટમાં આ શબ્દને રંગભેદી માનવામાં આવે છે. ખુદ સાઉથ આફ્રિકા દાયકાઓ સુધી રંગભેદનો શિકાર થયું હતું અને હવે ખુદ એની ક્રિકેટ ટીમના હેડ-કોચ જ આ અપશબ્દનો પ્રયોગ કરે છે. ૧૯૭૬માં ઇંગ્લૅન્ડના કૅપ્ટન ટૉની ગ્રેગે 'ગ્રૉવેલ' જેવા આકરા શબ્દોનો કૅરિબિયન ટીમ માટે પ્રયોગ કર્યા પછી માફી માગવી પડી હતી. ગ્રેગે એ શબ્દ સિરીઝની પહેલાં વાપર્યો હતો અને પરિણામ એ આવ્યું કે તેમની જ ધરતી પર વેસ્ટ ઇન્ડિઝે ત્યારે ઇંગ્લૅન્ડને ૩-૦થી હરાવ્યું હતું.

### કુંબલેએ કૉન્રાડની કમેન્ટ વિશે શું કહ્યું

અનિલ કુંબલેએ વર્લ્ડ ચૅમ્પિયન ટીમના કોચ કૉન્રાડની ગ્રોવેલ શબ્દની કમેન્ટ વિશે કહ્યું, 'કોઈ સાઉથ આફ્રિકન વ્યક્તિ અને એવી ટીમ જે શિસ્તપાલનની આગ્રહી હોય એવી ટીમ આવા શબ્દનો પ્રયોગ કરશે એવી મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી. તમે જ્યારે શિખર પર હોવ ત્યારે શબ્દોનો ખૂબ સંભાળીને ઉપયોગ કરવો જોઈએ. આ સ્થિતિમાં હોવ ત્યારે વિનમ્રતા હોવી ખૂબ જરૂરી છે. તમે જ્યારે જીતી રહ્યા હોવ ત્યારે સૌથી પહેલાં તો તમારે વિનમ્ર બનવું પડે.'

### ડેલ સ્ટેને કયા શબ્દોમાં નારાજગી બતાવી

સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ડેલ સ્ટેને એક ઇન્ટરવ્યૂમાં કુંબલેના મંતવ્ય સાથે સહમત થતા કહ્યું, 'સાઉથ આફ્રિકાના હેડ-કોચે આવો શબ્દ (ગ્રૉવેલ) વાપરવો જ નહોતો જોઈતો. મને આ જરાય નથી ગમ્યું. તમે જ્યારે પ્રભુત્વ જમાવી રહ્યા હોવ ત્યારે અતિ ઉત્સાહમાં આવીને કંઈ જ ન બોલાય. બોલવામાં ખૂબ સંભાળવું જોઈએ. સૉરી શુક્રી, મને તમારી આ ટિપ્પણી નથી ગમી.'

# બાસ્કેટબૉલની કોર્ટમાં થાંભલા પડ્યા, રાષ્ટ્રીય ખેલાડી સહિત બે ટીનેજરનાં મૃત્યુ

ચંડીગઢઃ હરિયાણામાં બાસ્કેટબૉલની પ્રૅક્ટિસમાં એકસરખી બે ટ્રૅજેડીમાં રાષ્ટ્રીય સ્તરના એક જુનિયર લેવલના ખેલાડી સહિત કુલ બે ટીનેજરના મૃત્યુથી ખળભળાટ મચી ગયો છે. બન્ને અલગ બનાવમાં બાસ્કેટબૉલની કોર્ટમાં લોખંડનો થાંભલો પડતાં બન્ને ખેલાડીનાં મૃત્યુ નીપજ્યાં હતાં. પરિણામે, આ રાજ્યમાં ખેલકૂદને લગતી માળખાકીય સગવડોમાં રહેલી ક્ષતિઓ છતી થઈ ગઈ છે. વિપક્ષોએ ભાજપ-શાસિત રાજ્યમાં ઊહાપોહ મચાવ્યો છે. ભોગ બનેલા કિશોરોના પરિવારના સભ્યો પણ ફરિયાદ સાથે તેમની સાથે જોડાયા છે.

રાષ્ટ્રીય સ્તરની સબ-જુનિયર બાસ્કેટબૉલ સ્પર્ધામાં ભાગ લઈ ચૂકેલા ૧૬ વર્ષના હાર્દિક રાઠીનું મંગળવારે રોહતકમાં મૃત્યુ થયું હતું, જ્યારે તેનાથી એક વર્ષ નાનો અમન સોમવારે આવા જ બનાવમાં મૃત્યુ પામ્યો હતો.

હાર્દિક રાઠી બૉલને બાસ્કેટમાં પધરાવવા જેવો ઊંચો થયો અને બાસ્કેટને તેનો હાથ અડ્યો કે બાસ્કેટ સાથે જોડાયેલો આખો થાંભલો તેની છાતી પર આવી પડ્યો હતો અને એની નીચે તે કચડાઈ ગયો હતો. તેના શરીરના અંદરના ભાગમાં ખૂબ લોહી વહ્યું હતું. હાર્દિકને તરત હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. તેના મોટા ભાઈ ખડક સિંહે પત્રકારોને કહ્યું, 'એ થાંભલાની હાલત એટલી બધી ખરાબ હતી કે સંબંધિત અધિકારીઓનું વારંવાર ધ્યાન દોર્યું હતું છતાં થાંભલો એ જ હાલતમાં હતો.



ખેલાડી હાર્દિક રાઠી

મારો ભાઈ અન્ડર-૧૪ કે અન્ડર-૧૭માંથી એક પણ સ્પર્ધા નહોતો ચૂક્યો. એક દિવસ ભારતની બાસ્કેટબૉલ ટીમનું નેતૃત્વ સંભાળવાનું તેનું સપનું હતું.'

હાર્દિકના મિત્ર રોહિતે કહ્યું કે અમે કેટલાક મિત્રોએ નાનો બ્રેક લીધો, પણ હાર્દિક પ્રૅક્ટિસ કરતો રહ્યો હતો અને ત્યારે આ ટ્રૅજેડી થઈ હતી.'

હરિયાણાના ખેલકૂદ પ્રધાન ગૌરવ ગૌતમે પત્રકારોને કહ્યું હતું કે 'આ કમનસીબ ઘટનાની તપાસ શરૂ થઈ ચૂકી છે. જે કોઈ જવાબદાર હશે તેની સામે કડક પગલાં લેવાશે. અમે ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ ઑફિસરને સસ્પેન્ડ કર્યા છે. આ સ્પોર્ટ્સ નર્સરી પંચાયતના કારભાર હેઠળ હતી.'



રોહતકમાં બાસ્કેટબૉલ કોર્ટમાં તૂટી પડતો થાંભલો.

એ અગાઉ, રવિવારે રોહતકની એક સરકારી સ્કૂલમાં અમન નામના બાસ્કેટબૉલ ખેલાડી પર થાંભલો આવી પડતાં તેનું સોમવારે મૃત્યુ થયું હતું. ઝજ્જાર જિલ્લા સ્પોર્ટ્સ ઑફિસર સતેન્દર કુમારે પીટીઆઇને કહ્યું, 'થાંભલો સારી હાલતમાં નહોતો. કૉંગ્રેસના સાંસદ દીપેન્દર હૂડાએ ગામમાં બે મેદાન તૈયાર કરાવડાવ્યાં હતાં અને ૨૦૨૩માં ૧૧ લાખ રૂપિયા એમપીએલએડીએસમાંથી મંજૂર કરાવ્યા હતા, પરંતુ સંબંધિત અધિકારીઓએ ફંડ દબાવી રાખ્યું અને બાસ્કેટબૉલની કોર્ટનો થાંભલો રિપેર નહોતો કરાવ્યો.'

### રાંચી જતાં પહેલાં અલીબાગની સફરે



મંગળવારે અલીબાગ જવા માટે જેટ્ટી પાસે આવી ગયેલા રોહિત શર્મા અને તેની પત્ની રિતિકા. હવે રોહિત 30મી નવેમ્બરે સાઉથ આફ્રિકા સામે શરૂ થનારી વન-ડે સિરીઝમાં રમશે. પ્રથમ વન-ડે રાંચીમાં રમાશે જેમાં વિરાટ કોહલી પણ રમશે. કે. એલ. રાહુલ વન-ડે ટીમનો કૅપ્ટન છે અને રોહિત-વિરાટ જેવા દિગ્ગજો તેના સુકાનમાં રમશે. (પીટીઆઇ)

### અઝલાન શાહ હૉકીમાં ભારતનો ૪-૩થી વિજય


મલેયેશિયાના ઇપોહમાં બુધવારે ભારતે યજમાન મલયેશિયાને સુલતાન અઝલાન શાહ કપ હૉકી ટૂર્નામેન્ટમાં ૪-૩થી હરાવી દીધું હતું. ભારત વતી સેલ્વમ કાર્તીએ સાતમી મિનિટમાં, સુખજિત સિંહે ૨૧મી મિનિટમાં, અમિત રોહિદાસે ૩૯મી મિનિટમાં અને સંજયે ૫૩મી મિનિટમાં ગોલ કર્યો હતો.

### ઉર્વિલ પટેલની ૧૦ સિક્સર અને ૧૨ ફોર

લખનઊમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં મુંબઈનો બુધવારે રેલવે સામે સાત વિકેટે વિજય થયો હતો. રેલવેએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૮ રન કર્યા હતા જેના જવાબમાં મુંબઈએ ૧૫.૫ ઓવરમાં ત્રણ વિકેટે ૧૫૯ રન કરીને જીત હાંસલ કરી હતી જેમાં અજિંક્ય રહાણેના ૬૨ રન સામેલ હતા. સૂર્યકુમાર યાદવે ૩૦ બૉલમાં ૪૭ રન કરીને બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું. દરમ્યાન અન્ય મૅચમાં ઉર્વિલ પટેલે ૧૦ સિક્સર અને ૧૨ ફોરની મદદથી ૩૭ બૉલમાં અણનમ ૧૧૯ રન કરીને ગુજરાતને સર્વિસીઝ સામે વિજય અપાવ્યો હતો.

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



# ૪૦ વર્ષ પછી કરિઅર શિફ્ટ એટલે?

## 'ગરાસ લૂંટાઈ ગયો' કે પછી 'નવી સફરનો આરંભ'?

આપણા ભારતીય સમાજમાં, ખાસ કરીને પુરુષો માટે, ૪૦ વર્ષની ઉંમર એક નિર્ણાયક પડાવ ગણાય છે. આ ઉંમરે વ્યક્તિ કારકિર્દીમાં સ્થિરતા, આર્થિક સુરક્ષા અને સામાજિક માન મેળવી ચૂક્યો હોય છે. પુરુષની ઓળખ તેના વ્યવસાય, પદ અને તેના દ્વારા કમાયેલા 'ગરાસ' (સંપત્તિ અને સ્થિરતા) સાથે ગાઢ રીતે સંકળાયેલી હોય છે. ત્યારે જો આ ઉંમરે કોઈ પુરુષને નોકરી ગુમાવવી પડે અથવા પોતાની મરજીથી કારકિર્દી બદલવી પડે તો તુરંત એક પ્રશ્ન ઊભો થાય છે:

શું તેનો 'ગરાસ લૂંટાઈ ગયો'? શું આ ફેરફાર તેના જીવન પર કોઈ ગંભીર નકારાત્મક અસર કરશે? વાસ્તવમાં, આ એક પડકારરૂપ પરિવર્તન હોવા છતાં, તે પાયામાંથી લૂંટાઈ જવાની સ્થિતિ નથી, પરંતુ નવા યુગમાં નવા કૌશલ્ય સાથે અનુકૂલન સાધવાની અને વ્યક્તિગત સંતોષ શોધવાની તક છે.

સૌથી પહેલા તો, ૪૦ વર્ષ પછી કરિઅર શિફ્ટ કરવું એ હવે કોઈ અસામાન્ય ઘટના રહી નથી. ટેક્નોલોજીના ઝડપી વિકાસ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના વધતા પ્રભાવ અને ગ્લોબલ ઇકોનોમીમાં આવતા બદલાવોને કારણે લાંબા સમય સુધી એક જ ક્ષેત્રમાં ટકી રહેવું મુશ્કેલ બની રહ્યું છે. ભૂતકાળમાં જ્યાં ૪૦ વર્ષની ઉંમર કારકિર્દીનો મધ્યાહ્ન ગણાતી ત્યાં હવે તેને 'સેકન્ડ ઇનિંગ્સ'ની તૈયારી તરીકે જોવામાં આવે છે.

જો કોઈ પુરુષે ફરજિયાતપણે-પોતાની નામરજીથી નોકરી બદલવી પડે તો સૌથી મોટો ફરક 'આર્થિક સુરક્ષા' પર પડે છે. ૪૦ની ઉંમરે સામાન્ય રીતે બાળકોની શિક્ષણ ફી, હોમ લોન અને માતા-પિતાની જવાબદારીઓ ચરમસીમાએ હોય છે. નવી કરિઅર શિફ્ટમાં શરૂઆતમાં આવક ઘટી શકે છે અથવા શૂન્ય પણ થઈ શકે છે, જે પરિવાર માટે તણાવ પેદા કરે છે. જોકે, આ આર્થિક પડકાર 'ગરાસ લૂંટાઈ ગયો' એમ સાબિત કરતો નથી, પણ 'ગરાસ'ને થોડા સમય માટે 'રી-ઇન્વેસ્ટમેન્ટ મોડ'માં મૂકી દે છે. આ ઉંમરે પુરુષ પાસે વર્ષોનો અનુભવ, વિશાળ પ્રોફેશનલ નેટવર્ક અને નાણાકીય વ્યવસ્થાપનનો પાયો હોય છે, જે યુવાન કરિઅર શરૂ કરનાર પાસે હોતો નથી. આ અનુભવ મૂડી તરીકે કામ કરે છે.

બીજો મોટો ફરક સામાજિક અને માનસિક સ્તરે જોવા મળે છે. પુરુષો માટે તેમનો વ્યવસાય તેમની ઓળખનો મોટો હિસ્સો હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ વર્ષોથી મેળવેલા પદ અને ટાઇટલને ગુમાવીને એક નવા ક્ષેત્રમાં શિખાઉ (Beginner) તરીકે શરૂઆત કરે છે ત્યારે આત્મસન્માન પર ચોક્કસ અસર પડે છે. 'લોકો શું કહેશે' તેવું દબાણ, મિત્રો અને સંબંધીઓના સફળ જીવન સાથેની સરખામણી, અને પોતાની જાત પરની શંકા માનસિક તણાવ વધારે છે. આ તબક્કે, પત્ની અને પરિવારનો માનસિક ટેકો સૌથી મહત્ત્વનો બની રહે છે. જો આ તણાવને યોગ્ય રીતે મેનેજ ન કરવામાં આવે તો તે ગુસ્સો, હતાશા કે કૌટુંબિક વિખવાદમાં પરિણમી શકે છે. જોકે, આવા પડકારની બીજી બાજુ પણ છે, જે તેને 'ગરાસ લૂંટાઈ ગયો'ની લાગણીમાંથી 'નવા નિર્માણ' તરફ લઈ જાય છે. ૪૦ વર્ષ પછી કરિઅર શિફ્ટનો નિર્ણય મોટાભાગે વ્યક્તિને 'અર્થપૂર્ણ કાર્ય' તરફ દોરી જાય છે. જીવનના આ તબક્કે, ઘણા પુરુષો માત્ર પૈસા કમાવવાને બદલે એવું કામ કરવા માગે છે જે તેમને આંતરિક સંતોષ આપે. આ સમયે તેમના શોખને તે વ્યવસાયમાં પરિવર્તિત કરી શકે છે, કન્સલ્ટન્સી અથવા મેન્ટરિંગ શરૂ કરી શકે છે અથવા તો કોઈ સામાજિક કાર્ય સાથે જોડાઈ શકે છે.

આ શિફ્ટ વ્યક્તિગત વિકાસ માટે પણ જરૂરી છે. નવી કરિઅર અપનાવવી એટલે નવાં કૌશલ્ય શીખવા, નવી ટેક્નોલોજી સાથે અનુકૂલન સાધવું અને 'વિદ્યાર્થી' માનસિકતા અપનાવવી. આ પ્રક્રિયા વ્યક્તિની સ્થિતિસ્થાપકતા (Resilience) વધારે છે અને તેને આધુનિક વિશ્વમાં વધુ સક્ષમ બનાવે છે. આનાથી તે માત્ર વ્યાવસાયિક રીતે જ નહીં, પણ વ્યક્તિગત રીતે પણ વધુ પરિપક્વ અને આત્મવિશ્વાસુ બને છે.

ઈનશોર્ટ, ૪૦ વર્ષ પછી કરિઅર શિફ્ટ એ એક મોટો ફેરફાર છે, પરંતુ તે 'ગરાસ લૂંટાઈ ગયો' જેવી આપત્તિ નથી. હા, આર્થિક અને માનસિક તણાવ ચોક્કસપણે થાય છે, પરંતુ જો આ પડકારને ડહાપણ અને અનુભવના આધારે સ્વીકારવામાં આવે તો તે વ્યક્તિને લાંબા ગાળે વધુ સંતોષ આપી શકે છે. પુરુષે યાદ રાખવું જોઈએ કે તેનો સાચો 'ગરાસ' તેની સંપત્તિ નહીં, પણ તેનો અનુભવ, તેનું નેટવર્ક, તેનું જ્ઞાન અને તેના પરિવારનો સાથ છે. આ મૂડી ક્યારેય લૂંટાતી નથી- તે માત્ર એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં 'રી-ડિપ્લોય' થાય છે-

પુનઃ સ્થાપિત થાય છે , જે આ નવી સફરને વધુ સાર્થક બનાવી શકે છે. ■



# ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## બાળકો માગે એ થોડું અપાય ...

ડિયર હની,

દરેક ઘરમાં એક ચર્ચા જરૂર છે કે, એમના સંતાનો એમનું માનતા નથી. કોઈને કોઈ ચીજ માટે જીદ પકડે છે. સ્વચ્છંદી બનતા જાય છે. અમારા હાથમાં રહ્યા નથી, વિગેરે વિગેરે ... વાત સવા ખોટી પણ નથી, પણ આ જે લક્ષણ બતાવ્યાં એનું કારણ શું છે અને નિવારણ શું છે? એ દિશામાં મા-બાપ ઓછું વિચારે છે. જાણીતા લેખિકા, સાંસદ અને સૌથી વિશેષ તો મજાના સ્ટોરીટેલર સુધા મૂર્તિએ પાંચ દાયકાની લેખન કારકિર્દીમાં તેમનું ૫૦મું પુસ્તક બહાર પાડ્યું એ પ્રસંગે કેટલીક વાતો કરી એ કાને ધરવા જેવી છે.

એ કહે છે, તમારે તમારાં બાળકો સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવવો જોઈએ. વળી, આજના બાળકોમાં ધીરજ હોતી નથી. તેમને ત્વરિત સંતોષ જોઈએ છે અને માતા-પિતા તેમને જે જોઈએ તે દરેક બાબતમાં સંમત થઈ જાય છે. તે જે પણ માગે તે તે તરત જ આપશો નહીં, નહીં તો ત્વરિત સંતોષની તે આદત વધી જશે. એ સાઈકલ માગશે અને તમે તેમને કાર આપશો. તે સાધારણ કાર માગશે અને તમે તેમને મર્સિડીઝ બેન્ઝ આપશો. ...ના, આવું ન કરો. એમની અપેક્ષાઓ પર હંમેશાં કાબૂ રાખો. જ્યારે સંતાન કંઈક માગે, ત્યારે કહો: 'આપણે લઈશું પણ ચાલો એક વર્ષ પછી જોઈએ...' તેમને ધીરજ શીખવવાનો આ બીજો રસ્તો છે.

આ સંદર્ભે તને એક હળવી વાત કરું. મારા એક મિત્ર જ્યારે પણ એના મોટાભાઈ પાસે કોઈ ડીમાંડ કરે તો મોટાભાઈ કહે 'આવતી દિવાળીએ લઈશું.' મારી મિત્ર કહે : 'નવું, સ્માર્ટ ટીવી લઈએ..' તો મોટાભાઈ એમ જ કહે કે, 'આવતી દિવાળીએ વાત...' મિત્ર એમ કહે કે, આપણી કાર જૂની છે હવે એસ યુવી લઈએ. બધા સાથે જઈ શકીએ. મોટાભાઈનો જવાબ નક્કી જ હોય : 'આવતી દિવાળીએ...' પણ એ કઈ દિવાળી એનો ખુલાસો કરતા નહીં. કદાચ આ જવાબમાં પણ સુધા મૂર્તિ જેવો અર્થ છે.

આજે મા-બાપ બાળક જીદ કરે એટલે એ તુરંત લઇ દે છે. ઘણીવાર તો આર્થિક રીતે એ પોસાય એમ ના હોય તો પણ લઇ દે છે.

તને યાદ હશે કે, આપણી દીકરીએ મોબાઈલ ફોન માટે જીદ કરી હતી, પણ મેં કહેલું કે, હમણાં નહીં. ધોરણ બાર પાસ કર્યું પછી જ એને મોબાઈલ અપાવ્યો હતો. આજે તો પાંચમા સાતમા ધોરણમાં ભણતા છોકરા કે છોકરી પાસે લેટેસ્ટ મોબાઈલ હોય છે. એના પર ગેમ રમવામાં ઝાઝો સમય વિતાવે છે. ધનવાન મા- બાપ હોય તો મોંઘા ગેઝેટ અપાવે છે. પછી બાળક બગડે છે અને પછી એ જ મા- બાપ ફરિયાદ કરે છે કે, બાળક કહ્યામાં નથી.


બીજું કે, મા-બાપ બાળકો પર દબાણ બહુ લાવે છે. સુધા મૂર્તિ કહે છે, જો બાળકનો પહેલો નંબર ન આવે, તો દુનિયાનો અંત નથી આવી જતો. બીજા રેન્ક સાથે પણ લોકો જીવી શકે છે. કોઈ રેન્ક વિના પણ માણસ જીવી શકે છે. માતા-પિતાએ સમજવું જોઈએ કે બાળકે સારું પ્રદર્શન કેમ નથી કર્યું. બાળકને તે વિષયમાં રસ ન પણ હોય, બાળક તે વિષય શીખવા માટે સક્ષમ ન પણ હોય અથવા શિક્ષક અસરકારક ન હોય, વગેરે.

મા-બાપે બાળકમાં આત્મવિશ્વાસ લાવવાની કોશિશ કરવી જોઈએ. જીવનમાં મુશ્કેલીઓ આવશે, પણ આપણે તેનાથી હારી શકીએ નહીં. આ એવા પાઠ છે જે આપણે બાળકોને આપવા જોઈએ પણ ઘણીવાર નથી આપતા. આ વાત સાવ સાચી છે. ફરી દીકરીનો કિસ્સો યાદ આવે છે. એને ધોરણ ૧૨માં અપેક્ષા પ્રમાણે માર્ક્સ નહોતા આવ્યા. ત્યારે ય અમે કહેલું કે, બેટા, ચિંતા નહિ. હવે આગળ શું કરવું છે એ નક્કી કર. અને સીએ માટે એને પ્રયત્ન કરવો હતો. એના ક્લાસ શરૂ કર્યા. પહેલી પરીક્ષા આપી અને નાપાસ થઇ. મેં કહેલું કે, હજુ એક ટ્રાય દેવી હોય આપ. એ રડતી હતી. આખરે એણે નક્કી કર્યું કે, સીએ નથી કરવું. ઇન્ટિરીયર ડિઝાઈનિંગ કરવું છે અને મેં હા ભણી. અને એ સારા માર્ક્સ સાથે પાસ થઇ.

બાળક શું ઈચ્છે છે એ એને ય ખબર નથી હોતી. એનામાં કઈ બાબતે પેશન છે. ક્યા ક્ષેત્રમાં એ સારો દેખાવ કરી શકશે એની દિશા એને આપવી પડે છે. બીજાએ આ કર્યું કે બીજાએ આ લીધું એટલે એ જ કરવું એવી બાળકોની જીદ સંતોષવી ના જોઈએ. એમાંથી જ સમસ્યા પેદા થાય છે. બાળક પછી નિષ્ફળ જાય કે અમુક ચીજોની આદત પડી જાય પછી મા- બાપ જ એની ફરિયાદ કરવા લાગે છે. મોટાભાઈનો દીકરો બહાર ભણતો હતો. એની ફીની વ્યવસ્થા કઈ રીતે થતી હતી એ એને ખબર ન્હોતી.

કોલેજમાં એના કોઈ મિત્રે મોંઘું બાઈક લીધું અને ભત્રીજાને પણ એ લેવાનું મન થયું. એણે ભાઈને વાત કરી અને ભાઈએ મને વાત કરી ત્યારે મારે ભત્રીજાને કહેવું પડ્યું કે, ભાઈ અત્યારે એ બાઈક ખરીદવાની તારી ઉંમર નથી અને જરૂરિયાત પણ નથી. તને ખબર છે કે, તારા પિતા તારી ફીનો બંદોબસ્ત કઈ રીતે કરે છે? પછી ભત્રીજો માની ગયો હતો. આ રીતે બાળકને સમજાવવું જોઈએ ... એ માગે એ આપી દેવાનું બંધ કરવું જોઈએ.

તારો બન્ની




# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## પૈસા નહીં પ્યાર ચાહિએ

તાજેતરમાં સોશ્યલ મીડિયા પર અનાયાસે એક વાર્તા વાંચી. એ વાર્તામાં એક પિતાએ પોતાના પુત્ર પર કેસ કર્યો. તેની ફરિયાદ હતી કે મારો પુત્ર મને પૈસા આપતો નથી. મારે પૈસા જોઈએ છે. કોર્ટમાં કેસની સુનાવણી થઈ. જજ સાહેબ પૂછ્યું, ''તમે શું કરો છો?''

''મારો પોતાનો વ્યવસાય છે'' પેલા પિતાએ કહ્યું.

''તમારો પોતાનો વ્યવસાય છે, તો કમાણી પણ થતી જ હશે.''

''જી, જજ સાહેબ સારામાં સારી કમાણી થાય છે.''

''તો પછી તમારા પુત્ર પાસેથી પૈસા લેવાની શું જરૂર છે?'' જજ સાહેબે પૂછ્યું.

''વૃદ્ધવસ્થામાં માતા-પિતાને પૈસા આપવાની પુત્રની ફરજ છે અને પુત્ર પાસેથી પૈસા લેવાનો મા-બાપનો હક્ક છે. તો મને મારો હક્ક મળવો જોઈએ'' પિતાએ કહ્યું. પિતાની વાત સાંભળીને જજ સાહેબે પુત્રને બોલાવ્યો અને કહ્યું, ''તમે તમારા પિતાને પૈસા કેમ આપતા નથી? તેમને પૈસા જોઈએ છે.''

''મારા પિતાને પૈસા જોઈએ છે? મારા ડેડ પાસે તો બહુ પૈસા છે એમને વળી પૈસાની શું જરૂર પડી? છતાં ડેડને પૈસા જોઈતા હોય તો તેઓ માંગે તેટલા પૈસા આપવા તૈયાર છું.'' પુત્ર બોલ્યા.

''બોલો, વડીલ તમારે દર મહિને કેટલા રૂપિયા જોઈએ છે?'' જજ સાહેબે પૂછ્યું.

''દર મહિને મને સો રૂપિયા જોઈએ છે.'' પિતાએ કહ્યું.

''ફક્ત સો રૂપિયા માટે તમે કેસ ફાઈ કર્યો?'' જજ સાહેબે પૂછ્યું.

''આગળની વાત સાંભળજો જજસાહેબ દર મહિને સો રૂપિયા મારા પુત્રએ પોતાની પત્ની અને પુત્ર સાથે મારા ઘેર આવવાનું અને સાંજનું જમણ સાથે લેવાનું એવી મારી શરત છે. દર મહિનાની એકથી પાંચ તારીખ સુધીમાં સો રૂપિયા લઈને મારો પુત્ર સપરિવાર મારે ત્યાં આવી જવો જોઈએ.'' પિતાએ કહ્યું.

''આ કેવી વાત અને કેવી શરત છે ડેડ?'' પુત્રએ પૂછ્યું.

''હા, મારો પણ આ જ સવાલ છે.'' જજ સાહેબે કહ્યું.

''જજ સાહેબ તમારા બંનેના સવાલના જવાબમાં હું એટલું જણાવીશ કે મારે પૈસાની કંઈ જરૂર નથી. મને મારો પુત્ર બહુ વહાલો છે અને પૌત્ર તો પુત્ર કરતાંયે વધુ વહાલો છે. રૂપિયા કરતા વ્યાજ વધારે વહાલું હોય એ તો સૌ જાણે છે. પણ મારો પુત્ર હવે મોટો થઈ ગયો છે. સાહેબ બની ગયો છે. ભાઈસાહેબને મને મળવાનો સમય જ રહેતો નથી. જજ સાહેબ તમે માનશો છેલ્લા છ મહિનાથી આ દીકરો અને માબાપને મળવા આવ્યો નથી. એની મા દીકરાની રોજ રાહ જુએ છે. દીકરાને ભાવતી વાનગીઓ રાંધે છે, પણ છેલ્લી ઘડીએ દીકરાનો ફોન આવી જાય છે કે નહીં આવી શકાય, અગત્યની મીટિંગ આવી ગઈ છે. રજાના દિવસે તે પોતાના પરિવારને લઈને મિત્રો સાથે પિકનીક-પાર્ટી કરે છે પણ મા-બાપને મળવાનો સમય કાઢી શકતો નથી. તેથી જજ સાહેબ હવે કોર્ટનો ઓર્ડર આપો કે તેણે દર મહિને એકથી પાંચ તારીખ સુધીમાં મને સો રૂપિયા આપવા માટે સપરિવાર મારા ઘરે આવવું.'' બોલતા બોલતા પિતાની આંખમાં આંસુ આવી ગયા. પિતાની હાલત જોઈને દીકરો પિતાને ગળે વળગ્યો અને રડી પડ્યો. રડતા રડતા બોલ્યો,'' સૉરી, પપ્પા હવે આવું નહીં થાય. મહિનામાં એક નહીં બે-ત્રણ વાર તમને મળવા આવીશ?

સોશ્યલ મીડિયામાં વાંચેલી વાર્તાને થોડા ફેરફાર સાથે મારાં શબ્દોમાં લખી છે. પણ આખીયે વાર્તાનો સાર એ છે કે વૃદ્ધ માતા-પિતાને સંતાનોના પૈસામાં રસ નથી. એમને સંતાન પાસેથી પ્રેમ જોઈએ છે. સંતાનોનું સાંનિધ્ય જોઈ છે.

છેલ્લા બે-ત્રણ હપ્તામાં વડીલોને ઘણાં સલાહ-સૂચન કર્યા છે તો આ વખતે યુવાનોને કાંઈક કહેવું છે. તમારા માતા-પિતા માટે સમય કાઢજો. વૃદ્ધ મા-બાપ હવે બોનસના વર્ષ જીવી રહ્યા છે. ગમે ત્યારે અલવિદા કરી દેશે. તેઓ જશે ને પછી બહુ અફસોસ થશે. પછી માતાપિતા યાદ આવશે. પસ્તાવો થશે માતાપિતા હતા ત્યારે તેમની સાથે સમય પસાર કર્યો નહીં. તેમની વાતો સાંભળી નહીં. માતાપિતા બિચારા કેવી રાહ જોઈને બેસતા હતા. તેઓ રહે નહીં ત્યારે પસ્તાવો શું કામનો? અબ પછતાયે ક્યા હોય જબ ચિડિયા ચુગ ગઈ ખેત કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે માતાપિતાની હાજરીમાં જ એમની સંભાળ રાખો, એમની વાત સાંભળો. તેઓ હશે તો તમારા માથા પર તેમનો પ્રેમાળ હાથ ફરશે. તેમના ગયા પછી કોણ માથે હાથ ફેરવશે? કોણ તમારી રાહ જોશે? કોણ તમારી ચિંતા કરશે?

પુત્રવધૂઓએ પણ એ ધ્યાન રાખવાનું કે પોતાનો પતિ તેના માતાપિતા માટે સમય આપે. મારી એક સહેલી મને પોતાની વાત કરતા કહેતી, ''અમે મારા સાસુ-સસરા સાથે રહીએ છીએ. મારા પતિ ઑફિસથી આવીને ફ્રેશ થયા પછી તરત મારા સાસુ-સસરાના રૂમમાં જાય અડધો એક કલાક તેમની સાથે વાતચીત કરે. તેમની તબિયત વિષે વાત કરે, ડૉક્ટરે શું કહ્યું તે જાણે, સગાં સંબંધીઓ વિષે પૂછપરછ કરે. માતાપિતાને મળ્યા પછી જ તેઓ મારી સાથે વાત કરે:''

''તને ખરાબ ન લાગે કે આવીને તરત માબાપ પાસે બેસી જાય છે.'' હું પૂછતી.

''ના, રેના જરાય ખરાબ ન લાગે. મને તો બહુ જ ગમે. મારા પતિ જ્યારે તેના માતાપિતા સાથે બેઠાં હોય ત્યારે માતા-પિતાના ચહેરા પર જે સ્મિત હોય છે, બોખા મોઢે જે રીતે હસતા હોય છે તે જોઈને મને તો તેમનામાં ઈશ્વરના દર્શન થાય છે, વળી, એક બીજી વાત કહું? જે માણસ પોતાના માતાપિતાની આટલી દરકાર કરે છે, આટલી સંભાળ રાખે છે તે માણસ પોતાની પત્ની અને બાળકોની પણ દરકાર કરશે જ એટલું ખાત્રીપૂર્વક કહી શકાય.''

આ વાત લખવાનો આશય એટલો જ છે કે દરેક યુવતીએ આ સમજવાનું છે કે પોતાનો પતિ કોઈનો પુત્ર છે. તેના માતાપિતાએ તેને કેટલી તકલીફ વેઠીને ઉછેર્યો છે. તેના માટે કેટલો સમય આપ્યો છે. તો હવે પુત્રની ફરજ છે કે માતાપિતાને સમય આપે, પૈસાની જરૂર હોય તો પૈસા આપે, સંભાળ રાખવાની જરૂર હોય તો સંભાળ રાખે. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો
તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-
દરરોજ કશું અનોખું!

# લાડકી

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# પૂરી સગવડ ને આદર સાથે ફરી એક વાર હું બોમ્બે ટોકિઝ સાથે જોડાઈ

(ભાગ: ૫)

***નામ: મુમતાઝ જહાન દહેલવી (મધુબાલા)***
***સમય: ૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૯***
***સ્થળ: બ્રિચ કેન્ડી હોસ્પિટલ, મુંબઈ***
***ઉંમર: ૩૬ વર્ષ***

૧૪ ફેબ્રુઆરી, મારો ૩૬મો જન્મદિવસ હતો. મારી તબિયત ખૂબ ખરાબ હતી. અબ્બુ મારા ઓરડામાં આવ્યા. ઊભા રહ્યા. એ કંઈ બોલ્યા નહીં, પણ એમની આંખોમાં દેખાતું હતું કે, એમને મારી આ હાલત જોઈને ક્યાંક અપરાધી હોવાનો ભાવ થતો હશે! સાત વર્ષની ઉંમરથી શરૂ કરીને ૩૬ વર્ષ સુધી મેં સતત કામ કર્યું... ૧૯૪૨માં ‘બસંત’થી શરૂ કરીને ૧૯૬૪માં રજૂ થયેલી ફિલ્મ ‘શરાબી’ સુધી રવિવાર કે રજા જોયા વગર રોજ સવારે નવ વાગ્યે મારી ગાડી સ્ટુડિયોના ગેટમાં પ્રવેશતી રહી. ૧૯૫૪માં ‘બહુત દિન હુએ’ (સાઉથનું પ્રોડક્શન) ના શુટિંગમાં સવારે ઊઠીને બ્રશ કરતી વખતે મને લોહીની ઉલ્ટી થઈ, એ દિવસથી આજ સુધી મારી તબિયત રોજ થોડી થોડી લથડતી ગઈ... ગયે અઠવાડિયે-૧૪મી ફેબ્રુઆરીએ પહેલીવાર મેં અબ્બુની આંખમાં પ્રેમ જોયો. આ સ્નેહ, પ્રેમ કે પ્રશંસા જોવા માટે હું તરસી ગઈ હતી, પરંતુ એમના પઠાણ ઉછેરના સંસ્કાર હોય કે પછી સ્ત્રીઓ સાથે અમુક જ રીતે વર્તાય એવી એમની રૂઢિચુસ્ત માન્યતા હશે, પરંતુ અબ્બુએ અમ્મી કે મારી બહેનો સાથે કોઈ દિવસ વહાલથી-સ્નેહથી કે સમજણપૂર્વક વાત કરી નથી. એમને ફક્ત હુકમ આપતા આવડતું. પૂછવાનું એમના સ્વભાવમાં નહોતું-એ પોતાનો નિર્ણય કરતા અને જણાવી દેતા. બાબત કોઈપણ હોય, એમણે કરેલો નિર્ણય અમારા ઘરમાં છેલ્લો શબ્દ બની રહેતો. મારી કમાણીના પૈસા વાપરતા પહેલાં મારે એમની રજા લેવી પડતી. મને ફક્ત હાથખર્ચી મળતી-ને એમાં પણ એકાદ વાર તો એ ચોક્કસ સંભળાવતા, ‘સ્ટુડિયો સુધી ગાડીમાં જવા-આવવા સિવાય તારે ખર્ચો શું છે? સારા કપડાં ખરીદીને કંઈ ફાયદો નથી-તારે તો સ્ટુડિયોમાં સિનેમાના જ કપડાં પહેરવાના છે...’ હું એમને કહી ન શકતી કે, ‘આ મારી કમાણીના પૈસા છે.’ આટલી સફળતા અને સ્ટારડમ પછી પણ હું અબ્બુની સાથે વાત કરતા ગભરાતી! કદાચ એ જ કારણ હતું કે, હું એમને કદી મારા મનની વાત કહી જ ન શકી...

હજી સુધી મારી પાસે એવી કોઈ ફિલ્મ નહોતી આવી જેને માટે લોકો મને સદીઓ સુધી યાદ રાખે... હું પણ એક સારી સ્ક્રિપ્ટ કરવા ઉત્સુક હતી. એ ગાળામાં સૈયદ અમીર હૈદર કમાલ નામના એક કવિ અને સંવાદ લેખકનું નામ બહુ ચર્ચામાં હતું. એમણે ‘મુસાફિર’ નામની એક સ્ક્રિપ્ટ લખી જે બોમ્બે ટોકિઝને ગમી તો ખરી, પરંતુ એમણે એમાં ફેરફાર કરવાની તૈયારી બતાવી નહીં એટલે સ્ક્રિપ્ટ પડતી મૂકવામાં આવી. સોહરાબ મોદીની ફિલ્મ ‘જેલર’ અને ‘પુકાર’ના સંવાદ ખૂબ વખણાયા. એક જાણીતા પત્રકાર ખ્વાજા અહેમદ અબ્બાસે આગ્રહ કરીને એમની એક સ્ક્રિપ્ટ અશોક કુમારને સંભળાવી. પુનર્જન્મ હોવા છતાં આ કથા રહસ્ય કથા હતી. અંધવિશ્વાસને સપોર્ટ કરતી કથા નહોતી, તેમ છતાં કોસ્મિક કનેક્શનની સરસ વાત અહીં રજૂ કરવામાં આવી હતી. બોમ્બે ટોકિઝ, જેમણે હૈદર કમાલની સ્ક્રિપ્ટ રીજેક્ટ કરી હતી એમની જ સાથે ફરી એક વાર કામ કરવાનું નક્કી થયું. હવે એ જ દિગ્દર્શન કરવાના હતા. અશોક કુમારે પણ એવો આગ્રહ રાખ્યો કે, દિગ્દર્શન બીજું કોઈ નહીં, કમાલ જ કરે, પરંતુ સૈયદ અમીર હૈદર કમાલ જેવું લાંબુ નામ એક દિગ્દર્શક માટે યોગ્ય નહીં રહે એવું ધારીને અશોક કુમારે કહ્યું, ‘તમે મૂળ અમરોહાના છો?’ હૈદર કમાલે હા પાડી એટલે અશોક કુમારે કહ્યું, ‘અહીં અમારે ત્યાં ઘણા શાયર એમના ગામના નામ સાથે પોતાનું નામ લખે છે. જેમ કે, મજરૂહ સુલ્તાનપુરી, સાહિર લુધિયાનવી... તમે પણ તમારું નામ કમાલ અમરોહી રાખો.’ તો ફાઈનલી નક્કી થયું કે, ફિલ્મમાં દિગ્દર્શન કમાલ સાહેબ કરશે અને એમનું નામ કમાલ અમરોહી રહેશે. એ વખતે આ રોલ માટે સુરૈયાને પસંદ કરવામાં આવ્યાં હતાં, પરંતુ કમાલ અમરોહીએ દિગ્દર્શક તરીકે સુરૈયાજીને રીજેક્ટ કર્યા. એમને કોઈ નિર્દોષ દેખાતી છતાં અતિશય ખૂબસૂરત છોકરીની તલાશ


મધુબાલા

હતી. એ વખતે એક ફિલ્મી મેગેઝિન નીકળતું, ‘ફિલ્મ ઈન્ડિયા’... એના તંત્રી હતા, બાબુરાવ પટેલ. એ હંમેશાં મારા વખાણ કરતા. મારી દરેક ફિલ્મનો રિવ્યૂ લખતા ‘ફિલ્મ ઈન્ડિયા’ એના સમયનું ખૂબ જાણીતું અને લોકપ્રિય મેગેઝિન હતું. બાબુરાવ પટેલ અને કમાલ અમરોહી ખૂબ સારા મિત્રો હતા. બાબુરાવજીને ખબર પડી કે, કમાલ અમરોહી હીરોઈન શોધે છે, એટલે એક દિવસ એ કમાલ અમરોહીને લઈને સીધા અમારા બાંદ્રાના ઘરે આવી પહોંચ્યા. હું સાવ સાદા સલવાર કમીઝમાં હતી-મેકઅપ વગર. મને જોઈને કમાલજીએ એ જ વખતે નક્કી કરી લીધું કે, એમની નવી ફિલ્મ ‘મહલ’ની હીરોઈન તો હું જ હોઈશ. જોકે, બોમ્બે ટોકિઝ સાથે મારા અબ્બુએ સંબંધ બગાડેલા એટલે દેવિકારાણી આ વિશે થોડા અચકાતાં હતાં. જોકે, અશોક કુમાર વચ્ચે પડ્યા અને એમણે આખી વાતને બહુ સરસ રીતે ઉકેલી કાઢી, પરંતુ વાત પતી નહોતી. ‘કામિની’ના પાત્ર માટેનો કોસ્ચ્યુમ અને મેકઅપ કરીને જ્યારે મારો સ્ક્રીનટેસ્ટ લેવામાં આવ્યો ત્યારે ફોટા એટલા ખરાબ હતા કે, કમાલ અમરોહી પોતે જ નિરાશ થઈ ગયા. અશોક કુમારે તપાસ કરી ત્યારે ખબર પડી કે, જાણી જોઈને ફોટા ખરાબ પાડવામાં આવ્યા હતા જેથી કમાલ અમરોહી જ મને રીજેક્ટ કરી દે. અંતે, અશોક કુમારે જાતે હાજર રહીને સ્ક્રીનટેસ્ટની પ્રક્રિયા પૂરી કરાવી અને જે ફોટા આવ્યા એ જોઈને સૌ ચકિત થઈ ગયા. ‘મહલ’નું શુટિંગ શરૂ થઈ ગયું...

મોટાભાગના સીન રાત્રે શુટ કરવામાં આવતા. બોમ્બે ટોકિઝમાં રાતના આઠ વાગ્યે મારી ગાડી દાખલ થતી. મારે માટે ખાસ મેકઅપ રૂમ બનાવવામાં આવ્યો જેમાં હું ઊંઘી શકું. એ જમાનામાં એર કન્ડિશનિંગ મશીન ખૂબ મોંઘાં આવતાં, પરંતુ દેવિકારાણીએ જાતે વિદેશથી મશીન મંગાવીને મારા રૂમમાં ફીટ કરાવ્યું. પૂરી સગવડ અને આદર સાથે ફરી એક વાર હું બોમ્બે ટોકિઝ સાથે જોડાઈ.

વાર્તા પુનર્જનમ અને રહસ્યમય હતી એટલે અમે સહુ અમસ્તા પણ એ જ મૂડમાં રહેતા. એક દિવસ રાત્રે સાડા અગિયાર વાગ્યે મને સીન માટે સ્પોટ બોય બોલાવવા આવ્યો. હું બહાર નીકળતી હતી ત્યારે મારા રૂમની સામેથી એક કાળો લાંબા વાળવાળો માણસ ભયાનક ઝભ્ભો પહેરીને ધસી આવ્યો. એ ગાંડાની જેમ નાચવા લાગ્યો. હું ચીસો પાડવા લાગી અને બેભાન થઈ ગઈ. લોકો ભેગા થઈ ગયા. મને પાણી છાંટીને હોશમાં લાવવામાં આવી ત્યારે ખબર પડી કે એ માણસ તો અશોક કુમારનો નાનો ભાઈ આભાસકુમાર ગાંગુલી હતો. એ દિવસે કોઈને ખબર નહોતી કે, એ તોફાની બારકસ, ભયાનક માણસ એક દિવસ મારો પતિ બનશે અને આખી દુનિયા એના અવાજની દીવાની થશે. (પછીથી આપણે સહુ એને કિશોર કુમારના નામે ઓળખતા થયા...) એ કલકત્તાથી આવ્યો હતો. મુંબઈમાં કામ શોધતો હતો. અશોક કુમારને અસ્થમા હતો એટલે રાતના શુટિંગમાં એ ભાઈની કાળજી રાખવા એની સાથે આવતો... પરંતુ, એણે જે હરકત કરી એ પછી એને સેટ પર લાવવાનું બંધ કરવામાં આવ્યું. થોડા દિવસ પછી માફી માગીને એ પાછો આવ્યો. મજાની વાત એ હતી કે, સેટ પર મને સૌથી વધારે મજા એની જ સાથે આવતી. એ મારા જેવો જ હતો. સૌને હસાવતો, તોફાની, બાલિશ હરકતો કરતો. સેટનું વાતાવરણ જીવંત રાખતો.

‘મહલ’ રિલીઝ થઈ અને સુપરહિટ થઈ ગઈ. કમાલ અમરોહી એ ગ્રેડના દિગ્દર્શક બની ગયા ને હું, ફરી એક વાર અદભુત સફળતા સાથે એ ગ્રેડની હીરોઈનોમાં ગણાવા લાગી. ફિલ્મનાં ગીતો સુપરહીટ થયા અને ફિલ્મી દુનિયાને એક નવો અવાજ મળ્યો, લતા મંગેશકર!

આજે વિચારું છું ત્યારે સમજાય છે કે, માણસના નસીબમાં જે લખ્યું હોય એને કોઈ બદલી શકતું નથી. કિશોર કુમારને હું કેટલાય લાંબા સમયથી ઓળખતી હતી, પરંતુ એમના તરફ મને કોઈ આકર્ષણ થયું નહીં. અમે ખૂબ સારા મિત્રો બની ગયાં, પરંતુ પ્રેમ તો એ વ્યક્તિ સાથે થયો જેની સાથે મારું જીવન કદી જોડાઈ શક્યું નહીં...

(ક્રમશઃ)■

## લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# ચિલ... માય દાદી , ચિલ...!



શું તમારા માથાના વાળ ઊતરે છે? શું તમને અકાળે (ભર યુવાનીમાં) ટાલ પડવા માંડી છે? શું તમારી વાળ અંગેની ચિંતાને કારણે રાતોની ઊંઘ વેરણછેરણ થઈ ગઈ છે? બરાડા પાડી

પાડીને પોતાની રેમેડી (વાળની દવા) સહુથી શ્રેષ્ઠ છે એવું સહુના મનમાં ઠસાવી દેવા માટે

એફ બી કે ઇન્સ્ટાગ્રામ ઉપર રીતસરની હરીફાઈ જામી છે. પહેલાં રેડિયો કે ટીવી ઉપર આ હરીફાઈ

ચાલતી હતી. પણ હવે તો મોબાઇલ દ્વારા નાના-મોટા અને ઘરડાથી લઈ એકેએક માણસના

મગજ સુધી આવી વેચાણ હરીફાઈના હથોડા માથા ઉપર વાગે છે.

ખાટલે પડેલી દાદીએ મોબાઇલ બંધ કરતાં કહ્યું,:

‘વહુ બેટા, જરા વરિયાળી, મેથી, અને જીરું એક એક ચમચી જેટલાં પલાળી રાખ અને સવારે ગરમ કરીને મને એ પાણી પીવા માટે આપજે. મૂઓ આ યુરિક એસિડ પીછો નથી છોડતો...’

ત્યાં કમુબા મોબાઇલમાં રીલ જોતાં જોતાં પ્રવેશ્યાં. આખું ઘર સાંભળે એવા અવાજે, ‘અહીં જ તમારી ભૂલ થાય છે. જાણ્યા વગર ઊંટવૈદું કદી કરશો નહીં. જરા ચેતો. અમારી આયુર્વેદિક જડીબુટ્ટી તમારા ગમે એટલા જૂના યુરિક એસિડને જડમૂળમાંથી ઉખેડીને ફેંકી દેશે. બાકી આજકાલની ફાલતુ રેમેડી તમારા શરીરને નુકસાન પહોંચાડી શકે છે.’

‘વહુ બેટા, બધું પલાળી દીધું કે બાકી છે?’

‘બાકી છે બા.’

‘તો જરા થોભજે. આ કમરીના મોબાઇલમાં કંઈક જુદું જ કહે છે...’

ત્યાં નાનકો પ્રવેશ્યો અને બોલ્યો, ‘દાદી, તને યુરિક એસિડ પજવે છે ને? તો લે, આ જોઈ લે.’

દાદી અને કમુબા નાનકાના માબાઇલમાં જોવા લાગ્યાં. તો એમાં કોઈ ત્રીજી વિક્રેતા બરાડા પાડતી હતીઃ

‘ચેતી જજો. પછી મને કહેતા નહીં કે મેં તમને ચેતવ્યાં નહોતાં. મારી ફરજ છે કે મારા (લાઇક ને શેર કરનારા મૂરખાઓને) એવા મિત્રોને ચેતવવાની કે જેને માત્ર મારા રામબાણ ઇલાજ પર જ વિશ્વાસ છે. અરે! કેટલાક છડેચોક તમને છેતરે છે. પણ હું મારા મિત્રોને સાદી, સરળ અને સસ્તી રેમેડીથી એક વીકની અંદર અંદર હરતાં ફરતાં કરી દઈશ. (બસ, પહેલાં લાઇક - શેર કરી દો. પછી હું તમને મૂરખ બનાવીને નિરાંતે સૂઈ જાઉં છું.) હા તો મિત્રો, એક ચમચી જીરું, એક ચમચી મેથી અને એક ચમચી હળદર પાણીમાં પલાળી સવારે ઉકાળીને પી જાવ. બસ, પછી યુરિક એસિડ કેવો પૂંછડી દબાવીને છૂ થઈ જાય છે! મિત્રો, હું તમારે માટે ઘરેલુ દવાનું રાત રાત જાગીને સંશોધન કરું છું. તો આપ મારા માટે આટલું તો કરી જ શકો ને. જલદી મારો વીડિયો સબસ્ક્રાઇબ કરો. શેર અને લાઇક કરો. તમે આટલું કરીને મને પ્રોત્સાહિત જરૂર કરશો જ એની મને ખાતરી છે...’

‘કમરી, આમાં ખાલી હળદર વધારાની છે. બાકી કઈ નવું નથી. છેલ્લા એક મહિનાથી આ ફોનવાળો મને યુરિક એસિડના જ રીલ મોકલ્યા કરે છે. તે આ મોબાઇલને ક્યાંથી ખબર પડે કે મને યુરિક એસિડની વ્યાધિ છે!’

નાનકાએ એનો ફોન લેતાં દાદીને કહ્યુંઃ ‘દાદી, તમે એકવાર ડિસ્કો ડાન્સ જોવા લાગશો, તો પછી ડાન્સના જ વીડિયો આવતા રહેશે. તમારે ડાન્સ જોવા છે?’

દાદી શરમાતાં શરમાતાં બોલ્યાંઃ ‘મૂઆ, તારા દાદા હોત તો ડાન્સ જોતે હો ને કરતે હો.’

વહુ બેટા, હવે એક કામ કર. તું પેલી મેથી, જીરું, વરિયાળીની સાથે હળદર નાખીને બેઉ રેમેડી

મિક્સ કરીને પલાળી દે. ચારેચાર વસ્તુ હાનિકારક તો નથી જ. કંઈક તો લાભ થશે જ ને?’

ત્યાં તો મોબાઇલમાં ફરી ટક ટક એવો અવાજ આવ્યો કે દાદીમાએ મોબાઇલ ખોલ્યો. કમુબા મોટેથી ગુસ્સામાં બોલ્યાંઃ ‘ આ તમારી દાદીને મોબાઇલ જોતાં શું આવડી ગયો કે આખો દિવસ ટક ટક થયું નથી કે મોબાઇલ ખોલ્યો નથી!’

ત્યાં તો દાદી પણ બરાડતાં હોય એમ બોલ્યાંઃ ‘આ નાનકાએ તો આપણા ફોટા રીલમાં મૂકી દીધા! જો, જલદી જો. કમરી, આ તારો નાનકો કંઈ બોલવાનો લાગે છે.’

કમુબહેન અને વહુરાણી પણ આવીને ગોઠવાઈ ગયાં. ત્યાં નાનકો બોલ્યોઃ ‘ચેતવાના હોય તો ચેતી જજો. રેમેડી તો બધા બતાવશે. ફાલતુ દવાઓ પણ બજારમાં બહુ મળવાની છે. પણ જ્યાં સુધી પુરાવો ન મળે ત્યાં સુધી કોઈ દવા ખરીદશો નહીં. બસ, પુરાવો જોઈતો હોય કે કઈ દવાથી કોણ એકદમ સારું થઈ ગયું છે, તે હું આપને મારા નવા એપિસોડમાં બતાવીશ...

મારાં ૯૫ વર્ષના દાદીમાને પોતાની બનાવેલી દવાથી કઈ રીતે યુરિક એસિડ મટી ગયો એ જોવા માટે રાહ જુઓ. મારા હવે પછીના વીડિયોમાં મારી દાદીએ બનાવેલ દવા અને યુરિક એસિડ મટતાં જ કઈ રીતે પગ દોડતા થઈ ગયા એ જોવાનું ભૂલશો નહીં. અને હા, મારી ચેનલને શેર, લાઇક અને સબસ્ક્રાઇબ કરવાનું ભૂલશો નહીં. તો નવા એપિસોડમાં જોવા મળશે

આ નાનકાની દાદીનો પૌરાણિક પ્રયોગ અને લાજવાબ દવા!’ (ભૂલતાં પહેલાં લાઇક અને શેર કરી દો જલદી.... ઇતના તો દાદીમા કો બનતા હૈ.)

‘નાનકા, મૂઆ, આ શું કર્યું? જીવતે જીવત મારી નાખવાનો કે શુ?’

‘અરે દાદી, માય સ્વીટ હાર્ટ! જો જરા જો, એક હજાર લાઇક અને પાંચસો શેર...! ઓ માય ગોડ દાદી! યુ આર બીકમ સ્ટાર. સુપર ડુપર હીરોઈન! એન્ડ યુ ડોન્ટ વરી. રેમેડી તૈયાર હે ઔર નયા વીડિયો ભી. ઔર પ્રોફિટ હોગા વહ આધા આધા... ચિલ, માય દાદી ચિલ...!■

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# આકર્ષણના લપસણાં માર્ગની આગવી મૈત્રી તરફ દોટ

આજનો દિવસ શ્રીજા માટે સામાન્ય કરતાં થોડો અલગ ઉગ્યો. આગલી રાત્રે મમ્મી-પપ્પા સાથે કરેલી વાતો પછી એને આ સવાર વધુ સમજણ ભરી, વધુ લાગણીસભર અને વધુ તાજીમાજી લાગી. રૂમમાંથી બહાર આવીને પણ એના ચહેરા પર સ્મિત અને આંખોમાં અનોખી ચમક હતી.

સ્વાતિએ રસોડામાંથી એ જોયું, દીકરીને તૈયાર થતાં, જાત વિશે થોડી વધુ સભાન થતાં નિહાળી એટલે નાસ્તાની પ્લેટ પીરસતાં હળવી મજાક કરી લીધી :

‘આજે કંઈ ખાસ છે કે?’

‘ના, મમ્મી’. શ્રીજાનું મરક-મરક થતું મોં પરાણે ખીજવાયું હોય એવા હાસ્ય સાથે એ બોલીઃ

‘કંઈ નથી, પણ થોડું વ્યવસ્થિત તો તૈયાર થવું પડે ને!’

સ્વાતિ એના માથા પર હાથ પસવારી રસોડા તરફ જતા આનંદિત થઈ ઊઠી. દીકરીમાં આવી નાની-નાની સભાનતા આવવી, હાવભાવ બદલાવવા કે પછી એ ખુલ્લા મને વાતો કરે એવી રાહ તો પોતે ક્યારની જોઈ રહેલી. જેનો અંત આવ્યો હતો ગઈકાલ સાંજે. જ્યારે શ્રીજાએ ખુલ્લા મને ઈશાન તરફ અનુભવાય રહેલા આકર્ષણની વાત કરેલી.

આ તરફ શ્રીજાએ સ્કૂલમાં આજે વધુ આત્મવિશ્વાસથી ડગ માંડ્યા. ગઈ રાતે મમ્મી-પપ્પા સાથેની વાત મનને હળવું કરી ગઈ હતી એટલે આજે ડર નહોતો. જોકે આછો ગભરાટ અને થોડી અમસ્તી એક્સાઈટમેન્ટ હજુ એનો પીછો છોડવા રાજી નહોતી.

ઈશાન સાથે આંખ મળતાંવેંત એણે આત્મવિશ્વાસથી વેવ કર્યું. ખચકાટ વગર ઈશાન પણ સામે વેવ કરી એની તરફ આગળ વધ્યો. ‘Hey,’ ઈશાને હાથ લહેરાવ્યો.

‘Hi,’ શ્રીજાએ સ્મિત સાથે જવાબ આપ્યો.

‘કાલે, તે NBAની ફાઈનલ જોઈ?


‘ના, મેં મુવી જોયું.’

‘ઓહહો, એમ?’

‘યસ, અન્ડરસ્ટેન્ડિંગ ટીન લાઈફ યુ નો.’ શ્રીજા સહેજ ખભ્ભા ઉલાળતાં બોલી. જવાબમાં ઈશાન હસ્યો :

‘વાઉ, ધેટ્સ સાઉન્ડ ડીપ.’ સામે શ્રીજા પણ મલકાઈ ઊઠી :

‘ના હવે..ડીપ તો શું, પણ જસ્ટ અ પાર્ટ ઓફ ગ્રોઈંગ અપ.’



‘ યસ, બ્રો... ’ કહી ઈશાને ચાલતી પકડી. શ્રીજાને આજનો આ સંવાદ સરળ લાગ્યો. ઈશાનને શ્રીજા થોડી વધ સહજ લાગી, પણ ટીનએજ વાત હોય અને કોઈ ડ્રામા વગર પૂરી થાય ખરાં! શ્રીજાની સહજતા ત્યાં સુધી ટકી જ્યાં સુધી સ્કૂલમાં એ અફવા ના ફેલાઈ કે ઈશાન અને પ્રિયા કેન્ટિનમાં કલાકથી સાથે બેઠાં છે.

પત્યું . શ્રીજાના મૂડની પથારી ફરી ગઈ. અચાનક એ ધમધમ કરતી પહોંચી ઈશાન પાસે. એકદમ કડક અવાજે પૂછ્યુંઃ

‘ આર યુ ગાય્ઝ ડેટિંગ? તને પ્રિયા ગમે છે? ’

ઈશાન તો ચોંકી ગયો : ‘શું? ના.. અમે લોકો જસ્ટ મેથ્સ પ્રોજેક્ટની વાતો કરતા હતા. ’

હવે શ્રીજા છોભીલી પડી. એક ક્ષણ પહેલાં રાડકી થયેલી શ્રીજા નરમઘેંસ થઈ ગઈ. ભોંઠપ, શરમ અને ગામ ગોકીરો થયાના અહેસાસે એને રીતસર ગૂંગળાવી મારી.

‘આઈ એમ સોરી યાર, મેં ઓવર રીએક્ટ કર્યું.’ એણે અફસોસ વ્યક્ત કર્યો. ઈશાન હસ્યોઃ

‘એનો મતલબ કે તને પરવાં છે, પણ રિલેક્સ ઓકે! આપણે ફ્રેન્ડ્સ છીએ. અને મને ગમે છે કે તું મારી સાથે છો.’

ઈશાનના શબ્દોમાં એક પ્રકારની નિર્દોષતા હતી. કોઈ પ્રોમિસ નહીં, કોઈ રોમાન્સનો ભાર નહીં. મિત્રતા અને આકર્ષણ વચ્ચે ઝૂલી રહેલા બે તરુણ હૃદય ઘર તરફ વળ્યા.

ઘેર પહોંચતાવેંત શ્રીજાએ સોફા પર પડતું મુક્યું.

સમીરે પૂછ્યું, ‘બેટા , ક્લાસમાં આજે હવામાન કેવું હતું? ભાવનાઓનું વાવાઝોડું કે લાગણીઓનો હળવો પવન?’

સ્વાતિ હસી પડીઃ ‘સમીર, છોકરીની ફીલિંગ્સ કોઈ મીટરોલોજી નથી. સમજ્યો ને?’

શ્રીજાએ તકિયાથી મારતાં કહ્યું, પપ્પા! યુ આર ઈમ્પોસિબલ, પણ મારે આજે શું થયું એ કહેવું છે.. ‘ . સમીરના મનમાં ગર્વ થયો. ટીનએજ દીકરીને સામેથી કોઈ વાત શેર કરવી હોય એ તો જેકપોટ ગણાય.

શ્રીજાએ આખી ઘટના કહી. સ્વાતિએ નરમાઈથી કહ્યું,

‘જોયું, વાતચીત કરી લેવાથી વહેમો દૂર કરી શકાય છે. તને જે લાગ્યું એ કહ્યું. બસ, હવે એની વાત પર વિશ્વાસ રાખવાનો. એમ સીધાં કોઈ કન્કલ્યુઝન પર કૂદકો નહીં મારવાનો’ .

સમીર એની પાસે જતાં બોલ્યો : ’ જો બેટા, લાગણીઓ હોવી કે ફીલિંગ્સ થવી ખૂબ નોર્મલ છે, પણ લાઈફને મોટા કેનવાસ પર જોવાની આદત પાડજે તો વધુ ચોખ્ખું જોઈ શકીશ. અને હા, અપડેટ આપતી રહેજે. અમે પણ તારી આ અટ્રેકશન સિરીઝના એપિસોડ્સ એન્જોય કરીએ છીએ.’

મીઠો ઝગડો, ખીલખીલાટ હાસ્ય, નિસ્વાર્થ પ્રેમ. શ્રીજા માટે એક પરફેક્ટ ફેમિલી પિક્ચર ઊભું થઈ રહ્યું. હજુ ગઈકાલ સુધી શ્રીજા એકતરફી આકર્ષણને કારણે જાત તરફ બેધ્યાન બનેલી. આજે એ સ્વસ્થ, સંતુલિત અને સરળ બનતી ગઈ. દિવસો પસાર થતાં ગયાં. શ્રીજા અને ઈશાન વચ્ચે મિત્રતા રચાતી ચાલી. ભણવામાં ધ્યાન વધ્યું. ઘરમાં મુક્તપણે વાતચીત વધી. સમીર-સ્વાતિ શ્રીજાના ટીનએજ તોફાનોને હસતા-રમતા દિશાસૂચન કરવાનું શીખી ગયાં.

એક સાંજે સ્વાતિએ સમીરને કહ્યું :

‘જે બદલાવ આપણે શ્રીજામાં જોઈ રહ્યા છીએ ને એની તમામ ક્રેડિટ આપણે લીધે નથી. શ્રીજા એ આપણી સમક્ષ જાતને ખોલી અને જાતે આ સ્વસ્થતા પસંદ કરી છે.’

સમીરે હાથ પકડી જવાબ આપ્યોઃ

‘હા. કારણકે, એને ખ્યાલ હતો કે આપણી સાથે એની લાગણીઓ સુરક્ષિત છે.’

બહાર હવામાં નરમ પવન વહેતો હતો. ઘરની અંદર વિશ્વાસ, પ્રેમ અને સમજણની સુગંધ છવાઈ હતી. શ્રીજા પોતાના રૂમમાં ડાયરી લખતી હતી :

‘મોટાં થવાની મજા આવે છે. થોડું સ્કેરી લાગે,

પણ આઈ હેવ માય બેકબોન્સ. માય પેરેન્ટ્સ. ટીનએજ સંતાન માતા-પિતા સાથે શાતા અનુભવે એનાથી રૂડું શું હોય!’ ■

# વિજ્ઞાન મહિલાઓનો વિષય નથી, એ ભ્રાંતિને ભેદનાર આ લાડકીને ઓળખો છો?

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com



ભારત દેશમાં સદીઓથી ઋષિઓની જેમજ ઋષિકાઓ પણ પૂજ્ય હતી. એ બધાં તેજસ્વી, જ્ઞાની, પરાક્રમી હતાં. વેદોમાં પણ તેમનો ઉલ્લેખ છે, છતાં એક વરવી વાસ્તવિકતા રહી છે કે એ જ ભારતમાં એક એવો અંધકારભર્યો કાળ આવ્યો જ્યારે સ્ત્રીઓને શિક્ષણ પણ મળવું મુશ્કેલ બન્યું હતું. જોકે હિંમત હાર્યા વિના અનેક મહિલાઓએ સંઘર્ષ કર્યો અને વિજયી બનીને ન માત્ર પોતાનું, પણ દેશનું સન્માન વધાર્યું. આવી જ એક લાડકી એટલે ડો. કમલા સોહોની.

કમલા સોહોનીના સંઘર્ષે મહિલાઓની ભાવિ પેઢી માટે શિક્ષણનો એ દરવાજો ખોલ્યો, જ્યાં તેમના માટે વર્ષો સુધી નો-એન્ટ્રીનું બોર્ડ ઝૂલતું હતું. કમલા સોહોનીનો જન્મ ૧૯૧૧માં ઈન્દોરમાં એક ઉચ્ચ શિક્ષિત પરિવારમાં થયો હતો. પિતા, નારાયણ ભાગવત, અને તેના કાકા, માધવરાવ ભાગવત, બંને બેંગ્લોરની પ્રતિષ્ઠિત ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ (હવે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ) માંથી સ્નાતક થનારા પ્રથમ રસાયણશાસ્ત્રના વિદ્યાર્થીઓમાંના હતા.

નાની કમલા એ વડીલોનો વિજ્ઞાન પ્રત્યેના પ્રેમને જોઈને મોટી થઈ. તેથી જ્યારે તેણે રસાયણશાસ્ત્રનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું ત્યારે તેના પરિવારમાં કોઈને આશ્ચર્ય થયું નહીં. તે એક તેજસ્વી વિદ્યાર્થી હતી. શાળાનો અભ્યાસ પોતાના વર્ગમાં ટોચ પર રહીને પૂર્ણ કર્યા પછી આ મહેનતુ છોકરીએ તેના પિતા - કાકા જેવો જ માર્ગ અપનાવ્યો - તેણે બોમ્બે પ્રેસિડેન્સી કોલેજમાં બીએસસી (ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર) ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો. સ્નાતક કક્ષાએ પણ કમલાનું શૈક્ષણિક પ્રદર્શન સર્વોત્તમ રહ્યું. તેના બેચમાં સૌથી વધુ સ્કોર મેળવનાર વિદ્યાર્થિની કમલા હતી. ત્યારબાદ કમલાએ 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ' માં રિસર્ચ ફેલોશિપ માટે અરજી કરી. આ સફળ વૈજ્ઞાનિક બનવાના તેના સ્વપ્નનું એક મહત્ત્વપૂર્ણ પગલું હતું. તે સમયે, આઇઆઇએસસીનું નેતૃત્વ પ્રો. સી. વી. રામન (ભૌતિકશાસ્ત્રમાં પ્રથમ એશિયન નોબેલ પુરસ્કાર વિજેતા) દ્વારા કરવામાં આવતું હતું અને તે વૈજ્ઞાનિક અભ્યાસ માટે દેશની શ્રેષ્ઠ સંસ્થા માનવામાં આવતી હતી.

જોકે, તત્કાલીન ડિરેક્ટર પ્રો. સી. વી. રામને તેની અરજી નામંજૂર કરી દીધી, કારણ કે એ સમયે મહિલાઓને સંશોધન કરવા માટે પૂરતી સક્ષમ માનવામાં આવતી નહોતી! આ કમલા માટે આઘાતજનક હતું. 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ' જેવી આધુનિક અને ભવિષ્યવાદી સંસ્થામાં આવી વિચારધારા હશે તેવી કલ્પના તેને ક્યાંથી હોય? તેમાં પણ નનૈયો ભણનારા પ્રો. સી. વી. રામન જેવા સમર્થ વૈજ્ઞાનિક હતા! એમનો એક જ જવાબ રહેતો કે 'હું મારી સંસ્થામાં કોઈ છોકરીને લેવાનો નથી!'

જોકે, કમલા પોતાના સ્વપ્નની આટલી નજીક આવીને જતું કરવાની તેની તૈયારી નહોતી. તે ડો. રામનને મળી કમલાએ પડકાર ફેંક્યો કે પોતે અભ્યાસક્રમ ડિસ્ટિંકશન સાથે પૂર્ણ કરશે!

શરૂઆતમાં ડો. રમણે તેની વિનંતી અવગણી. પછી કમલાએ ગાંધીજીનું શસ્ત્ર અજમાવ્યું અને પ્રો. રામનના કાર્યાલયની બહાર ' સત્યાગ્રહ ' કરીને અસ્વીકારનો જવાબ માંગ્યો . પ્રો. રામન નકારવાનું એવું કોઈ મજબૂત કારણ આપી શકે તેમ નહોતા, આખરે તેમણે નમતું જોખ્યું. એ કમલાને પ્રવેશ આપવા તૈયાર થયા, પણ ચોક્કસ શરતો સાથે, જેમકે કમલાને નિયમિત વિદ્યાર્થી તરીકે પ્રવેશ આપવામાં આવશે નહીં....પહેલા વર્ષ દરમિયાન પ્રોબેશન પર રાખવામાં આવશે.

અને જ્યાં સુધી સી.વી. રમન પોતે તેની ગુણવત્તાથી સંતુષ્ટ ન થાય ત્યાં સુધી તેના કાર્યને સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવશે નહીં... .કમલાએ

તેના ગાઇડની સૂચના મુજબ તેને મોડી રાત સુધી કરવું પડશે ....

આ શરતો વિચિત્ર અને એક પ્રતિભાશાળી મહિલા માટે અપમાનજનક હતી. તેમ છતાં જે અવસર મળતો હતો તે કમલા જવા દેવા નહોતી માંગતી એટલે તેણે શરતોનો સ્વીકાર કર્યો. બાદમાં ભારતીય મહિલા વૈજ્ઞાનિક સંગઠન દ્વારા આયોજિત એક સન્માન સમારોહ દરમિયાન, તેમણે જાહેરમાં કહ્યુંઃ

'પ્રો. રામન એક મહાન વૈજ્ઞાનિક ખરા, છતાં, એ સંકુચિત માનસિકતા ધરાવતા હતા. હું ક્યારેય ભૂલી નહીં શકું કે તેમણે ફક્ત એક સ્ત્રી હોવાને કારણે મારી સાથે જે વર્તન કર્યું. આ મારા માટે ખૂબ જ અપમાનજનક હતું. તે સમયે સ્ત્રીઓ પ્રત્યેનો પૂર્વગ્રહ ખૂબ જ ખરાબ હતો. જો કોઈ નોબેલ પુરસ્કાર વિજેતા પણ આ રીતે વર્તે તો શું અપેક્ષા રાખી શકાય?!'

ભારતમાં સૂક્ષ્મજીવવિજ્ઞાન સંશોધનના પ્રણેતાઓમાંના એક, એવા શ્રીનિવાસય્યા કમલાના માર્ગદર્શક હતા, એ એક કડક અને વિદ્યાર્થીઓ પાસેથી ભારે મહેનતની અપેક્ષા રાખનાર શિક્ષક હતા. તેમના હેઠળ, કમલાએ દૂધ, કઠોળ અને કઠોળમાં રહેલા પ્રોટીન પર કામ કર્યું (એક વિષય જેનો ભારતમાં પોષણ પ્રથાઓ માટે મહત્ત્વપૂર્ણ પ્રભાવ હતો). કમલાના સમર્પણ અને સંશોધન કૌશલ્યથી પ્રો. રમણ એટલા પ્રભાવિત થયા, કે ૧૯૩૬માં કમલાએ એમએસસીની ડિગ્રી ડિસ્ટિંક્શન સાથે પૂર્ણ કર્યાના એક વર્ષ પછી, પ્રો. રમણે મહિલાઓને આઈઆઈએસસીમાં પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો.

ત્યારબાદ કમલાને યુકેની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ફ્રેડરિક જી. હોપકિન્સ પ્રયોગશાળામાં કામ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું. તેણે

જૈવિક કુદરતી વિજ્ઞાન ટ્રિપોસ પર અભ્યાસ કર્યો. તે પછી છોડની પેશીઓનો અભ્યાસ કર્યો. આ અને બટાકા પરની કમલાની થિસિસ ૧૪ મહિનામાં પૂર્ણ થઇ અને માત્ર ૪૦ પાનાની હતી, જે સામાન્ય રીતે ખૂબ લાંબા પીએચડી સબમિશનથી અલગ હતી.

તેને અમેરિકાની શ્રેષ્ઠ ફાર્માસ્યુટીકલ કંપનીઓ તરફથી આકર્ષક પગારની નોકરીઓની ઓફર આવી. પણ કમલા મહાત્મા ગાંધીની પ્રશંસક હતી. દેશ માટે કંઈક કરી છૂટવા તે ભારત પરત આવ્યાં.

દિલ્હીની લેડી હાર્ડિંગ મેડિકલ કોલેજમાં ટૂંકા સમય માટે કામ કર્યા પછી, કમલા કુન્નુરમાં ન્યુટ્રિશન રિસર્ચ લેબમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે જોડાયાં, જ્યાં તેમણે પોષણમાં વિટામિન્સની ભૂમિકા પર સંશોધન કર્યું. આ સમયની આસપાસ, કમલાએ એમ. વી. સોહોની સાથે લગ્ન કર્યા, અને ૧૯૪૭માં મુંબઈ રહેવા ગયાં, જ્યાં રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં જોડાયાં. આ સમયગાળા દરમિયાન, કમલા અને તેમના વિદ્યાર્થીઓએ ભારતમાં આર્થિક રીતે વંચિત વર્ગના લોકો દ્વારા મોટાભાગે ખાવામાં આવતા ખાદ્ય પદાર્થોના ત્રણ જૂથો પર મહત્ત્વપૂર્ણ સંશોધન કર્યું. ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદના સૂચન પર કમલાએ તાડનાં ફળોમાંથી કાઢવામાં આવતા રસ પર કામ કર્યું. એમનાં કાર્ય માટે તેમને રાષ્ટ્રપતિ પુરસ્કારથી નવાજવામાં આવ્યાં હતાં.

આમ એક એક મહિલા પોતાની મહેનત અને લગનથી દેશ અને દુનિયા માટે કેટલા મહત્ત્વપૂર્ણ સોપાનો સર કરી શકે છે. અડગ નિશ્ચય, આત્મવિશ્વાસથી રૂઢિવાદી પ્રથાઓને સન્માનમાં બદલી શકે છે, તે કમલા સોહોનીએ સાબિત કરી બતાવ્યું. ■

# શાલના વિવિધ પ્રકાર... તેને કેવી રીતે સ્ટાઇલ કરશો

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com



શિયાળો શરૂ થાય એટલે વોર્ડરોબમાં સૌથી પહેલું સ્મરણ કરાવતા ફેશન આઇટમોમાંનું એક છે શાલ. શાલ માત્ર ગરમી આપવા પૂરતી જ નહી, પરંતુ એક આકર્ષક ફેશન સ્ટેટમેન્ટ તરીકે પણ જાણીતી છે. ભારતીય પરંપરા હોય કે મોડર્ન વેસ્ટર્ન લુક દરેક સાથે શાલ એક ખાસ અદા ઉમેરે છે. બજારમાં આજે અનેક પ્રકારની શાલ ઉપલબ્ધ છે, જેમના ફેબ્રિક, ડિઝાઇન, વજન અને વપરાશ પ્રમાણે સ્ટાઇલિંગ પણ અલગ અલગ હોય છે. ચાલો જાણીએ શાલના સૌથી લોકપ્રિય પ્રકારો અને તેને કેવી રીતે સ્ટાઇલ કરી શકાય.

## ફુલકારી શાલ

પંજાબી ફુલકારી તેના રંગીન એમ્બ્રોઇડરી કામ માટે પ્રસિદ્ધ છે. તે યંગ ગર્લ્સ અને ટ્રેંડ-લવર્સ માટે એક સ્ટાઈલિશ વિકલ્પ છે. ફુલકારીમાં લાઈટ બેઝ પર બ્રાઈટ કલરથી કામ કરવામાં આવે છે. ફુલકારીને પસંદ કરવાવાળો વર્ગ ખૂબ જ લિમિટેડ છે. જેમને ફેશન સેન્સ હોય તેમની પાસે જ ફુલકારી શાલ હોય છે.

### કેવી રીતે સ્ટાઇલ કરવું?

* સિંપલ પ્લેઇન સૂટ પર કલરફુલ ફુલકારી શાલ હાઇલાઇટ કરી શકાય.
* જેકેટ અથવા ડેનિમ સાથે ફ્રી-મિસ્ટ સ્ટાઇલ કરીને ઈન્ડો-વેસ્ટર્ન લુક આપો.

## કોટન શાલ

દૈનિક વપરાશ માટે કોટન શાલ ખૂબ આરામદાયક અને લાઇટવેઇટ હોય છે. રોજિંદા ઓફિસ લુક માટે યોગ્ય છે. આ કોટન શાલ તમે કોઈપણ આઉટફિટ સાથે મીક્સ એન્ડ મેચ કરી શકો. કોટન શાલ મેઈનટેન કરવા માટે પણ ખૂબ જ સહેલી છે અને મારકેટમાં ખૂબ જ આસાનીથી મળે છે.

### કેવી રીતે સ્ટાઇલ કરવું?

* પ્રિન્ટેડ કોટન કુરતા સાથે સિમ્પલ ગળામાં રેપ કરો.
* જિન્સ અને કુર્તી લુક માટે એક સાઇડ નોટ બાંધીને ટ્રેન્ડી ટચ આપી શકાય.

## વૂલન શાલ

શિયાળામાં વુલન શાલ સૌથી વધુ ઉપયોગમાં આવે છે. ગરમ રાખવા સાથે લૂકને સોફ્ટ અને કોઝી બનાવે છે. વુલન શાલ લગભગ બધી જ મહિલાઓ પાસે હોય છે.

### કેવી રીતે સ્ટાઇલ કરવું?

* ટર્ટલ-નેક ટોપ પર આગળથી ક્રોસ કરીને પાછળ બાંધી દો.
* લાંબા કોટ ઉપર વુલન શાલ ખુલ્લો રાખો એક ક્લાસી લુક માટે.

## સ્ટોલ શાલ (લાઇટ સ્ટોલ)

આજકાલ આ સ્ટોલ યુવતીઓમાં ખૂબ જ લોકપ્રિય છે. હળવા ફેબ્રિકના સ્ટોલ સીઝન-ફ્રેન્ડલી છે. સ્ટોલ એટલે શાલનું નાનું સ્વરૂપ. એટલે કે, લંબાઈ અને પહોળાઈ શાલ કરતા નાની. તમારી બોડીને અનુરૂપ તમે તેને કેવી રીતે સ્ટાઇલ કરવું?

* વેસ્ટર્ન ટોપ સાથે લૂપ સ્ટાઇલ.
* સાડી સાથે નજીક સ્ટાઈલ ખભા પર રાખીને મોડર્ન ટ્રેડિશનલ લુક આપો.

## પાસ્મીના શાલ

પાસ્મીના શાલ તેની નરમાશ, હળવાશ અને રોયલ દેખાવ માટે જાણીતી છે. જે મહિલાઓ શાલની શોખીન છે તેઓ પાસે પાસ્મીના શાલનું કલેકશન હોય છે. ખાસ પ્રસંગે પહેરવાની આ શાલ દરેક આઉટફિટને એલિગન્ટ બનાવે છે. શાલ ભલે ઉપરથી પહેરવાનું વસ્ત્ર છે પરંતુ શાલની ગરિમા જળવાઈ રહે તેવો ડ્રેસ કે સાડી પહેરવી. પાસ્મીના શાલ મોટેભાગે બધા જ આઉટફીટ સાથે સારી લાગે છે.

### કેવી રીતે સ્ટાઇલ કરવું?

* સાડી સાથે સાઇડ પર એક ખભા ઉપર હળવેથી મૂકીને સ્ટાઇલ કરી શકાય.
* ઇવેનિંગ ગાઉન અથવા લોંગ ડ્રેસ સાથે ફ્રી-સ્ટાઇલ ડ્રેપ કરી શકાય.
* ફોર્મલ કોટન કુરતા સાથે ફોલ્ડ કરીને ગળામાં એક સિમ્પલ લૂપ નાખી શકાય.

## કાશ્મીરી શાલ (સોઝની, કાની વર્ક)

કાશ્મીરના કાની અને સોઝની કામવાળા શાલ ભારે દેખાતા હોવા છતાં બહુ સોફ્ટ હોય છે. એ ખૂબ રોયલ લુક આપે છે. આ શાલમાં કામ ઘણું હોવાથી પ્લેન ડ્રેસ પર વધારે સારી લાગી શકે.

### કેવી રીતે સ્ટાઇલ કરવી?

* ફેસ્ટિવ સાડી અથવા લેહેંગા સાથે ખુલ્લો રાખો જેથી વણાટ દેખાય.
* પ્લેન કુરતા સેટ સાથે ઓવર-શાલ સ્ટાઇલ કરો જેથી શાલનું કામ હાઇલાઇટ થાય.

## કંજા કમ શાલ

દક્ષિણ ભારતીય કંજા કમ સિલ્ક શોલ ઘણીવાર સાડી સાથે મેચિંગ માટે પહેરાય છે. તેની ચમક અને બોર્ડર ખૂબ સુંદર હોય છે.

### કેવી રીતે સ્ટાઇલ કરવું?

* સિલ્ક સાડી સાથે કોન્ટ્રાસ્ટ કલરનો શાલ, સાડીના પલ્લુ સાથે બાંધેલો.
* લગ્નપ્રસંગે ડ્રેપ સ્ટાઇલમાં શાલ કમર પર બાંધી શકાય.

## હિમાચલી શાલ

હિમાચલ પ્રદેશના શાલ ખાસ કરીને પેટર્ન અને કલર કોમ્બિનેશન માટે જાણીતા છે. તેઓ બહુ વોર્મ હોય છે. આ શાલ તમે સ્ટાઈલ માટે ન લઈ શકો કારણકે, આ શાલ પહેરવાથી ગરમાટો લાગે છે. તેથી ખાસ કરીને શિયાળામાં જ પહેરવી.

### કેવી રીતે સ્ટાઇલ કરવું?

* ઓવર-સ્વેટર લુક માટે ફ્રી ડ્રેપ.
* વુલન ડ્રેસ અથવા પ્લેઇન સૂટ સાથે સ્ટેટમેન્ટ સ્ટાઇલ.

## નેટ અથવા શીફોન શાલ

લાઇટવેઇટ અને પાર્ટી-લુક માટે નેટ શાલ બહુ ઉપયોગી. ખાસ કરીને વેડિંગ સીઝનમાં.

### કેવી રીતે સ્ટાઇલ કરવું?

* લેહેંગા સાથે ઓરેન્જ-સ્ટાઇલ ડ્રેપ.
* ગાઉન સાથે ગ્લિટર નેટ શાલ સાઇડ-ડ્રેપ રાખો.

શોલ સ્ટાઇલ કરતી વખતે નાના ટીપ્સ

* તમારા આઉટફિટનો કલર અને શાલનો ટોન મેચ હોય તો લુક વધારે એલિગન્ટ લાગે.
* ભારે વર્કવાળો શાલ પહેરો તો આઉટફિટ સિમ્પલ રાખવો.
* ઓફિસ માટે લાઇટ વેઇટ શાલ પસંદ કરો.
* પાર્ટી અને ફેસ્ટિવ સીઝનમાં એમ્બ્રોઇડરી અથવા સિલ્ક શાલ વધુ સુંદર લાગે છે.

શાલ એ એવી ફેશન આઇટમ છે જે દરેક ઉંમરની મહિલાને ગમે અને દરેક ડ્રેસમાં ગ્લેમર ઉમેરે. એક સહી શાલ તમારા લુકને સિમ્પલથી સોફિસ્ટિકેટેડ બનાવી શકે છે. તો આ શિયાળે તમે કયો શાલ ટ્રાય કરવા જઈ રહ્યા છો? ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# યોગ દ્વારા નવપલ્લવિત થતી બેડરૂમ લાઈફ



મુંબઈ સમાચાર અખબારમાં દર ગુરુવારે પ્રગટ થતી લાડકી પૂર્તિની વ્હાલી વાચક બહેન-દીકરીઓ!

- શું તમારી પર્સનલ લાઈફ સખળડખળ ચાલી રહી છે તો તમે યોગક્રિયાઓ દ્વારા શરીર અને મનને સ્વસ્થ બનાવીને તમારી બેડરૂમ લાઈફને ઈઝી બનાવી શકો છો.

- યોગાસનો દ્વારા તમે તમારી 'લાઈફ'ને 'રિચાર્જ' કરી શકો છો.

- બેડરૂમ લાઈફમાં પ્રવત્ત થવા માટે જરૂરી છે કે તમે શારીરિક તથા માનસિક રીતે સ્વસ્થ હો, કારણ કે હેલ્ધી શરીરના કારણે જ

* ધર્મ,
* અર્થ,
* કામ જેવાં કાર્યો પૂરાં થાય છે.
* જેટલા તમે હેલ્ધી અને ફિટ હશો એટલી તમારી બેડરૂમ લાઈફ સરળ રહેશે.

- યોગ માનસિક રીતે તો સ્વસ્થ બનાવે છે, સાથે સાથે શરીરની કાર્યક્ષમતા પણ વધારે છે.

- યોગથી માનસિક શાંતિ મળે છે અને મન એ કામ શક્તિનું નિયંત્રક તથા સંચાલક હોવાથી સ્વસ્થ શરીર અને મન દ્વારા જ સાચા અર્થમાં જાતીય જીવનનો સાચો આનંદ મેળવી શકાય છે.

- શરીરનો મધ્ય ભાગ કામઊર્જા સાથે સંકળાયેલો છે. જો શરીરનો આ ભાગ વ્યવસ્થિત રીતે વિકસિત ન થયો હોય તો તમે જાતીય સુખ માણવામાં તકલીફ અનુભવો છો.

* સૂર્ય નમસ્કાર,
* ભૂજંગાસન,
* પવન મુક્તાસન જેવાં અનેક આસનો છે જેની અસર શરીરના મધ્ય ભાગ પર પડે છે.

- યોગનાં વિવિધ આસનોથી શરીરનાં અંગો સુદૃઢ બને છે ને તેનાથી 'હેલ્ધી' રીતે 'પ્રવૃત્ત' રહેવાની શક્તિ વધે છે. આ બાબતો માટે વૈજ્ઞાનિક સંશોધનો પણ થયેલાં છે.

- સેક્સોલૉજિસ્ટ પણ એવું માને છે કે,

* યોગાસન કરવાથી સ્ત્રીઓના હૃદયના ધબકારા તથા લોહીના પ્રવાહમાં વધારો થાય છે.
* પુરુષો માટે પણ યોગાસન કોઈ વરદાન કરતાં ઓછાં નથી.
* યોગાસન કરવાથી વ્યક્તિ માનસિક રીતે તો મજબૂત થાય છે, ઉપરાંત તેનું મન પણ સ્થિર થાય છે.

- શરીરમાં આવેલી ગ્લેન્યુલર સિસ્ટમ એટલે કે ગ્રંથિઓની કાર્ય કરવાની પ્રણાલીને જાણવી જરૂરી છે.

* જુદી જુદી ગ્રંથિઓનો શરીરને ઉત્તેજિત કરવામાં મહત્ત્વનો ફાળો હોય છે જેને એન્ડોફાઈન ગ્લેંડસ કહેવાય છે માટે એ જરૂરી છે કે તમારા શરીરની આ ગ્રંથિઓ સ્વસ્થ રહે.

- કેટલાંક યોગાસનો કરવાથી શરીર એકદમ ચૂસ્ત રહે છે તો સાથે સાથે કેટલીક યોગિક મુદ્રાઓના કારણે શરીરની 'શક્તિ'માં વધારો થાય છે.

* ચક્રાસન,
* મહામુદ્રા,
* અશ્વિની મુદ્રા
* મૂળબંધ વગેરે મુદ્રાઓ શરીરની કામેચ્છાને જાગૃત કરે છે.

- સાથે સાથે

* શીઘ્રપતન,
* વધારે પડતા રક્તસ્ત્રાવ તથા
* મેનોપોઝના પ્રોબ્લેમમાં મદદરૂપ થાય છે
* જે સ્ત્રીઓ ફિઝિડ હોવાનું અનુભવે છે તેને પણ યોગાસન કરવાથી ફાયદો થાય છે.

- પુરુષોમાં પ્રોસ્ટેટ ગ્રંથિ વધી જવી, એ ઉપરાંત નપુંસકતા જેવી પરિસ્થિતિને રોકવા પણ યોગ લાભકારક છે.

- લાડકી પૂર્તિને નિયમિત વાંચતી વ્હાલી બહેનો!

- યોગની અસર આપણા શારીરિક, માનસિક સ્વાસ્થ્ય પર પણ પડતી હોઈ. કેટલાંક સરળ યોગાસનોથી સચોટ ઈલાજો દર્શાવતા આસનો વિશે આવતા અંકના બીજા અને છેલ્લા ભાગમાં રોશની નાખીશું. ■

# ભાયખલાના પ્રાણી સંગ્રહાલયમાં શક્તિ વાઘનું મૃત્યુ: આઠ દિવસ સુધી પાલિકા પ્રશાસન મૃત્યુ બાબતે મૌન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભાયખલાના વીરમાતા જીજાબાઈ ભોસલે બોટનિકલ ઉદ્યાન અને પ્રાણી સંગ્રહાલય ખાતે ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૦ના સિદ્ધાર્થ ગાર્ડન અને પ્રાણી સંગ્રહાલય, છત્રપતિ સંભાજીનગરમાંથી અન્ય રોયલ બંગાળ ટાઈગર કરિશ્મા સાથે લાવવામાં આવેલા રોયલ બંગાળ ટાઈગર શક્તિનું ૧૭ નવેમ્બર, ૨૦૨૫ના મૃત્યુ થયું છે. પાણી સંગ્રહાલયના અધિકારીએ જણાવ્યું હતું કે શક્તિનું બપોરના ૧૨.૧૫ વાગે ૯.૬ વર્ષની ઉંમરે ન્યૂમોનિયા થયા બાદ તેની શ્વાસ લેવાની સિસ્ટમ બંધ થવાથી તેનું મૃત્યુ થયું હતું.

ભાયખલાના પ્રાણીબાગમાં નાના બાળકો સહિત તમામ વર્ગના પર્યટકોમાં શક્તિ અને કરિશ્મા માનીતા હતા. આ રોયલ બંગાળ વાઘની જોડીને એક્સચેન્જમાં લાવવામાં આવી હતી. પ્રાણી સંગ્રહાલયના ડાયરેક્ટર ડૉ.સંજય ત્રિપાઠીએ જણાવ્યું હતું કે શક્તિનું મૃત્યુ એક આઘાત સમાન છે, કારણકે શક્તિ માંદો હોય તેવા કોઈ લક્ષણો તેનામાં જણાયા નહોતા. શનિવાર, ૧૫ નવેમ્બરના તેણે અન્ન ગ્રહણ કર્યું નહોતું. તેથી તેને ડૉક્ટરના નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યો હતો. તેમ જ પાણીમાં દવા નાખીને તેને આપવામાં આવી હતી. ૧૬ નવેમ્બર, રવિવારના તેણે મરઘાનું થોડું માંસ અને પાણી લીધું હતું ત્યારબાદ તેને ઉલટીઓ શરૂ થઈ ગઈ હતી. સોમવાર, ૧૭ નવેમ્બરના તેને તપાસ કરવા માટે પાંજરામાં લઈ રહ્યા હતા ત્યારે તે અચાનક તેને આંચકો આવ્યો હતો અને બપોરના સવા બાર વાગે તેનું મૃત્યુ થયું હતું. આ અગાઉ તેનામાં કોઈ પણ પ્રકારની બીમારીના લક્ષણો જણાયા નહોતા.

પોસ્ટમાર્ટમના પ્રાથમિક અહેવાલ મુજબ શક્તિનું મૃત્યુ ન્યૂમોનિયા થઈને શ્વસન ક્રિયા બંધ (પાયોગ્રૅન્યુલોમૅટસ ન્યૂમોનિયા) થઈ જવાથી થયું છે. પોસ્ટમાર્ટમનો વિગતવાર અહેવાલ આવ્યા બાદ મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે. પોસ્ટમાર્ટમ ટીશ્યુ સેમ્પલ પણ વધુ વિશ્લેષણ માટે નાગપુરમાં વાઈલ્ડલાઈફ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટરમાં મોકલવામાં આવ્યા છે અને તેના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. પ્રાણી સંગ્રહાલયના પ્રોટોકોલ મુજબ વાઘના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. નિયમ મુજબ વાઘના મૃત્યુની વિગતવાર માહિતી ૧૮ નવેમ્બરના રોજ સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી અને મહારાષ્ટ્ર ઝૂ ઓથોરિટીને ઈમેઈલ દ્વારા મોકલવામાં આવી છે.■

# ‘મારા દસ પીએ છે, દરેકના ઘરમાં શું થઈ રહ્યું છે એની મને શું ખબર?’

## પીએની પત્નીના મૃત્યુની નિષ્પક્ષ તપાસની પંકજા મુંડેની ખાતરી

બીડ: પોતાના અંગત સહાયક (પર્સનલ આસિસ્ટન્ટ)ની પત્નીની કથિત આત્મહત્યાની તપાસ કરી રહેલી પોલીસ કોઈને પણ છાવરશે નહીં એવી ખાતરી મહારાષ્ટ્રનાં પ્રધાન પંકજા મુંડેએ આપી છે.

પંકજા મુંડે મંગળવારે રાત્રે બીડ જિલ્લાના પીંપલનેર ગામમાં મૃત્યુ પામેલાં ડો. ગૌરી પાલવેના પરિવારના સભ્યોને મળ્યા હતા. મુંબઈમાં પોતાના નિવાસ્થાને ગળા ફાંસો ખાઈ લટકેલી અવસ્થામાં ડો. ગૌરી પાલવે મળી આવ્યા બાદ તેમના પતિ અનંત ગર્જેની ધરપકડ કરવામાં આવી હતી.

મુંબઈની પાલિકા સંચાલિત કેઈએમ હોસ્પિટલમાં ડેન્ટિસ્ટ તરીકે કાર્યરત ૨૮ વર્ષનાં ડોક્ટર પાલવેએ લગ્નના લગભગ ૧૦ મહિના પછી ઘરેલુ વિવાદને કારણે શનિવારે વરલી સ્થિત તેમના ફ્લેટમાં ફાંસો ખાઈ લીધો હતો. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર પાલવેના પિતાની ફરિયાદના આધારે વરલી પોલીસે પંકજા મુંડેના અંગત સહાયક ગર્જે અને તેના બે સંબંધીઓ વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ નોંધ્યો હતો.

પતિએ ત્રાસ આપી ગૌરીને પરેશાન કરી હોવાનો આરોપ પાલવેના પરિવારના સભ્યોએ કર્યો છે. પ્રધાને પરિવારના સભ્યોને જણાવ્યું હતું કે તેમને પાલવેના જીવનમાં વૈવાહિક વિખવાદનો કોઈ અણસાર નહોતો મળ્યો. પોતે તપાસમાં દખલ નહીં કરે અને કોઈને પણ છાવરવાની કોશિશ નહીં કરે એવી ખાતરી તેમણે આપી હતી. પંકજા મુંડેએ વધુમાં એમ પણ જણાવ્યું હતું કે ’મારી પાસે દસ પીએ છે. દરેકના ઘરમાં શું થઈ રહ્યું છે એની મને કેવી રીતે ખબર પડે? ગણેશ ઉત્સવ દરમિયાન આ દંપતી (ગર્જે અને તેની પત્ની) મારા ઘરે આવ્યા ત્યારે ખુશ દેખાતા હતા. મને કશું અજુગતું નહોતું લાગ્યું.’ (પીટીઆઈ) ■

# ભિવંડીમાં કપડાનાં ગોદામમાં આગ

થાણે: ભીવંડીના કાલ્હેર વિસ્તારમાં મંગળવારે રાતે એક કાપડના ગોદામમાં આગ લાગી હતી. ૧૧ કલાક પછી આ આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. ભિવંડી મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયર બ્રિગેડે આગમાં કોઈ જાનહાનિ ન થઈ હોવાની માહિતી આપી હતી.

કાલ્હેરના બાંગર નગર વિસ્તારમાં રાજલક્ષ્મી કોમ્પ્લેક્સમાં આવેલા કાપડના ગોદામમાં મંગળવારે રાતે ૮ વાગ્યાની આસપાસ અચાનક આગ લાગી હતી. ગોદામમાં કપડા હોવાને કારણે થોડી જ ક્ષણોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. ભિવંડી મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયર વિભાગને ઘટનાની માહિતી મળ્યા બાદ ભિવંડી, નવી મુંબઈ, થાણે, કલ્યાણ-ડોમ્બિવલી અને ઉલ્હાસનગર ફાયર વિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પાણીના ટેન્કરો ઘટનાસ્થળે લાવવામાં આવ્યા હતા. લગભગ ૧૧ કલાક પછી આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. આગમાં કોઈ અકસ્માત થયો નથી. જોકે, વેરહાઉસને વ્યાપક નુકસાન થયું હોવાની માહિતી ભિવંડી મ્યુનિસિપલ કોર્પોરેશન ફાયર વિભાગે આપી હતી. ■

# જન્મદિનની જોખમી ઉજવણી: કેક કાપ્યા પછી પેટ્રોલ રેડી બર્થડે બૉયને સળગાવ્યો

મુંબઈ: કુર્લામાં બનેલી આંચકાજનક ઘટનામાં મિત્રોએ જન્મદિનની ઉજવણી જોખમી રીતે કરીને કેક કાપ્યા પછી પેટ્રોલ રેડી બર્થડે બૉયને સળગાવી દીધો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી પાંચેય મિત્રની ધરપકડ કરી હતી.

વિનોબા ભાવે નગર પોલીસમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર કુર્લા પશ્ચિમના કિરોલ રોડ પરની સોસાયટીમાં રહેતો અને માટુંગાની કૉલેજમાં બેચલર ઑફ એકાઉન્ટિંગ ફાઈનાન્સના બીજા વર્ષમાં ભણતો અબુલ રહમાન મકસૂદ આલમ ખાન (૨૧) મિત્રોના કારસ્તાનથી ગંભીર રીતે દાઝ્યો હતો. સારવાર માટે તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

મંગળવારે અબુલનો જન્મદિન હોવાથી મિત્રોએ સોમવારની રાતે ૧૨ વાગ્યે મિત્રોએ ઉજવણી કરવાનું નક્કી કર્યું હતું. આ માટે સોસાયટીના ગ્રાઉન્ડ ફ્લોર પર અબુલને બોલાવવામાં આવ્યો હતો. મિત્રો તેના માટે કેક પણ લાવ્યા હતા.

ફરિયાદમાં જણાવાયું હતું કે કેક કાપ્યા પછી મિત્રોએ અબુલ સાથે મારઝૂડ કરી તેના પર પથ્થર ફેંક્યા હતા. બાદમાં એક મિત્ર અયાઝ મલિક સ્કૂટીમાંથી પેટ્રોલ ભરેલી બૉટલ લઈ આવ્યો હતો. બીજા મિત્ર અશરફ મલિકે પેટ્રોલ અબુલના શરીર પર રેડ્યું હતું. આવું ન કરો કહીને અબુલે ત્યાંથી ભાગવાનો પ્રયત્ન કરતાં એક મિત્રએ લાઈટરથી આગ ચાંપી હતી.

પેટ્રોલને કારણે અબુલનો શર્ટ સળગી ઊઠ્યો હતો. મદદ માટે બૂમો પાડી અબુલ ભાગતો સોસાયટીના નળ નજીક પહોંચ્યો હતો. તેણે પોતાના શરીર પર પાણી રેડી આગ ઓલવી હતી. આ દરમિયાન તેના મિત્રો રફુચક્કર થઈ ગયા હતા. આગને કારણે અબુલના માથાના વાળ બળી ગયા હતા, જ્યારે કાન, ચહેરા, હાથ અને છાતી પર તે ગંભીર રીજે દાઝ્યો હતો. આ પ્રકરણે પોલીસે અયાઝ, અશરફ સહિત કાસિમ ચૌધરી, હુઝૈફા ખાન, અને શરીફ શેખ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ■

# માતા અને પડોશીએ દેહવેપારમાં ધકેલ્યાનો સગીરાનો આક્ષેપ

મુંબઈ: માતા અને પડોશમાં રહેતા અંકલે દેહવેપારમાં ધકેલી હોવાનો આક્ષેપ ઘાટકોપરમાં રહેતી દસમા ધોરણની વિદ્યાર્થિનીએ કરતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. સગીરાની સ્કૂલ ટીચરે નોંધાવેલી ફરિયાદને આધારે ઘાટકોપર પોલીસે મંગળવારની રાતે ગુનો નોંધ્યો હતો. સગીરાએ આક્ષેપ કર્યો હતો કે નાણાં કમાવા માટે માતા અને પડોશમાં રહેતા અંકલ એપ્રિલ મહિનાથી દેહવેપાર માટે તેના પર દબાણ કરતાં હતાં.

સતત અપાતા ત્રાસથી કંટાળીને સગીરા તેના ફ્રેન્ડ સાથે ક્લાસ ટીચર પાસે ગઈ હતી અને આપવીતી જણાવી હતી. સગીરાએ ક્લાસ ટીચરને કહ્યું હતું કે એક વાર તો તે ઘરેથી નાસી ગઈ હતી અને ત્રણ દિવસ સુધી ફ્રેન્ડના ઘરે રહી હતી. જોકે તે ઘરે પાછી ફરી ત્યારે દેહવેપાર માટે તેના પર પાછું દબાણ કરવામાં આવ્યું હતું. સગીરાની વાત સાંભળી ટીચરને આંચકો લાગ્યો હતો. તેણે શાળાના સત્તાવાળાઓને આ અંગે જાણ કરી હતી અને પછી મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ફરિયાદને આધારે પોલીસે સગીરાની માતા અને પડોશી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)■

# અહિલ્યાનગરમાં કૉંગ્રેસના જિલ્લાધ્યક્ષની અપહરણ બાદ બેરહેમીથી મારપીટ

મુંબઈ: અહિલ્યાનગરમાં ભરરસ્તેથી કૉંગ્રેસના જિલ્લાધ્યક્ષ સચિન ગુજરનું અપહરણ કર્યા બાદ નિર્જન સ્થળે લઇ જઇને તેમની બેરહેમીથી મારપીટ કરવામાં આવી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

સચિન ગુજર સવારે સાત વાગ્યાની આસપાસ મોર્નિંગ વૉક માટે ઘરેથી નીકળ્યા હતા. સચિન ગુજર પગપાળા જઇ રહ્યા હતા ત્યારે કાર તેની નજીક આવીને થોભી હતી. કારમાંથી ઊતરેલા શખસોએ ગુજરની મારપીટ કરી હતી અને તેમને બળજબરીથી કારમાં બેસાડ્યા હતા.

ઉત્તર-મધ્ય મુંબઈનાં સાંસદ અને મુંબઈ કૉંગ્રેસના અધ્યક્ષા વર્ષા ગાયકવાડે અપહરણનો વીડિયો સોશિયલ મીડિયા પર શૅર કર્યો હતો અને પોલીસ તથા રાજ્ય સરકાર સામે નારાજગી વ્યક્ત કરી હતી. વર્ષા ગાયકવાડે ફેસબૂક પોસ્ટમાં લખ્યું હતું કે રાજ્યની પોલીસ શું સૂઇ રહી છે?

અહિલ્યાનગર ખાતેના કૉંગ્રેસના જિલ્લાધ્યક્ષ સચિન ગુજરનું આજે સવારે અપહરણ કરીને તેમની મારપીટ કરવામાં આવતી હોય તો રાજ્યમાં કાયદો-વ્યવસ્થા નથી એ સ્પષ્ટ છે. ગૃહ પ્રધાન હવે તો જવાબદારી લેવાના છો કે? ■

# દહિસરની બિલ્ડિંગમાં આગ: કોઈ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દહિસર (પૂર્વ)માં આનંદ નગર રોડ પર બીએમસી ફૂડ માર્કેટ સામે આવેલી ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની એમએસ બિલ્ડિંગમાં બુધવારે બપોરના પોણા ત્રણ વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ બિલ્ડિંગના બીજા માળા પર આગ લાગી હતી. જોકે આગ મામૂલી હોવાથી ૨૫ મિનિટમાં બુઝાવીને તેને નિયંત્રણમાં લાવવામાં આવી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ■

# બોગસ પાસપોર્ટની મદદથી ઓમાન જતી મહિલા ઍરપોર્ટ પર પકડાઈ

મુંબઈ: બોગસ ભારતીય પાસપોર્ટની મદદથી ઓમાન જઈ રહેલી નેપાળી મહિલાની મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર ધરપકડ કરવામાં આવી હતી.

મસ્કતની ફ્લાઈટ પકડવા માટે મહિલા છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પરના ઈમિગ્રેશન કાઉન્ટર પર ગઈ હતી. તેણે પોતાની ઓળખ કાજલ તરીકે આપી ભારતીય પાસપોર્ટ બતાવ્યો હતો. પાસપોર્ટમાં મહિલાનું જન્મસ્થળ હિમાચલ પ્રદેશના નોહરા નોંધવામાં આવ્યું હતું, એવું સહાર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

જોકે ચહેરા પરથી મહિલા નેપાળી હોવાનું જણાતાં ઈમિગ્રેશન અધિકારીને શંકા ગઈ હતી. પરિણામે સત્તાવાળાઓએ ખાતરી કરવા મહિલાની પૂછપરછ કરી હતી. પૂછપરછમાં મહિલાએ કબૂલ્યું હતું કે તે ભારતીય નહીં, નેપાળી નાગરિક છે. અધિકારીએ જણાવ્યું હતું કે વધુ પૂછપરછમાં મહિલાએ તેનું ખરું નામ કાજલ લામા હોવાનું કહ્યું હતું. તે નેપાળના પારસા જિલ્લાની વતની હોવાનું પણ મહિલાએ કબૂલ્યું હતું. મહિલાએ પોલીસને જણાવ્યું હતું કે વર્ષો પહેલાં તેના વડીલો નેપાળથી હિમાચલ પ્રદેશ આવીને વસ્યા હતા. આ પૃષ્ઠભૂમિનો ઉપયોગ કરી તેણે હિમાચલના બનાવટી સરનામા પર આધાર કાર્ડ, પેન કાર્ડ અને બોના ફાઈડ સર્ટિફિકેટ મેળવ્યાં હતાં. પછી શિમલાની પાસપોર્ટ ઑફિસમાંથી તેણે ભારતીય પાસપોર્ટ પ્રાપ્ત કર્યો હતો. પૂછપરછમાં મહિલાની હકીકત જાણ્યા પછી સહાર પોલીસમાં ફરિયાદ કરાઈ હતી. ઈમિગ્રેશન અધિકારીની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધી મહિલાની ધરપકડ કરી હતી. (પીટીઆઈ)■

# મહિલાની હત્યા બાદ મૃતદેહ સૂટકેસમાં ભરીને ખાડીમાં ફેંક્યો: લિવ-ઇન પાર્ટનરની ધરપકડ

થાણે: થાણે જિલ્લામાં ખાડી નજીક સૂટકેસમાંથી મળી આવેલા ૨૨ વર્ષની મહિલાના મૃતદેહનો કેસ પોલીસે ૨૪ કલાકમાં ઉકેલી કાઢીને લિવ-ઇન પાર્ટનરની ધરપકડ કરી હતી. મહિલાની હત્યા બાદ આરોપીએ મૃતદેહને આખો દિવસ ઘરમાં રાખી મૂક્યો હતો, પણ દુર્ગંધ આવવાની શરૂ થતાં મોડી રાતે તેને બ્રિજ પરથી ખાડીમાં ફેંકી દીધો હતો.

શિળ-ડાયઘર પોલીસે હત્યાના કેસમાં ધરપકડ કરેલા લિવ-ઇન પાર્ટરની ઓળખ વિનોદ શ્રીનિવાસ વિશ્વકર્મા (૫૦) તરીકે થઇ હતી. કોર્ટે આરોપીને પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે.

થાણે જિલ્લાના પલાવા વિસ્તાર નજીક ખાડી કિનારે ૨૪ નવેમ્બરે સૂટકેસમાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતાં પોલીસને જાણ કરાઇ હતી. મૃતકના કાંડા પર ‘પીવીએસ’ શબ્દોનું ટેટૂ મળી આવ્યું હતું. મૃતદેહ ફૂલેલો તેમ જ કોહવાયેલો હોવાથી તેને હોસ્પિટલમાં મોકલ્યા બાદ પોલીસે આ પ્રકરમે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

દરમિયાન ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોમાંના સીસીટીવી કેમેરાના ફૂટેજ તથા સોશિયલ મીડિયા પરથી માહિતી એકઠી કર્યા બાદ તેને આધારે પોલીસ આરોપી વિનોદ શ્રીનિવાસ વિશ્વકર્મા સુધી પહોંચી હતી. વિનોદને તાબામાં લઇને પોલીસે કરેલી પછપરછમાં મૃત મહિલાનું નામ પ્રિયંકા વિશ્વકર્મા હોવાનું જાણવા મળ્યું હતું. વિનોદે તેની હત્યા કરી હોવાની કબૂલાત કર્યા બાદ પોલીસે તેની ધરપકડ કરાઇ હતી. ■

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| ઘટ | છૂટાછેડા |
| ઘટિકા | એકમ |
| ઘટસ્ફોટ | ચંદરવો |
| ઘટાટોપ | ઘડી |
| ઘટક | ઘડો |

## ઓળખાણ પડી?

વિમેન્સ વર્લ્ડ કપ ક્રિકેટ સ્પર્ધામાં વિકેટકીપિંગ ઉપરાંત બેટર તરીકે ફટકાબાજી કરી મહત્ત્વનું યોગદાન આપનારી ખેલાડીની ઓળખાણ પડી?

અ ) રાધા યાદવ
બ ) પૂજા વસ્ત્રકાર
ક) ક્રાંતિ ગૌડ
ડ) રિચા ઘોષ




## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અં | ત | ૨ રા | ૩ લ | | ૪ અ | ૫ ફ | લા | ૬ તૂ | ૭ ન |
| તિ | | ૮ વ | કી | | | ત | | ૯ રો | ગ |
| ૧૦ મ | ૧૧ સા | ણ | | ૧૨ અ | ૧૩ ચા | ન | ૧૪ ક | | ૨ |
| ૧૫ ચા | મ | | ૧૬ વિ | વા | હ | | ડ | | ચ |
| ૧૭ ત્રા | ગા | | ૧૮ વા | ચ | ક | | ૧૯ પ | ૨૦ સા | ર્યા |
| | ૨૧ ન | ૨૨ જ | દિ | ક | | ૨૩ બિ | | હ | |
| ૨૪ અ | | ૨૫ મા | ત | | ૨૬ સ | ૨ | ૨૭ બ | સ | ૨૮ ૨ |
| ૨૯ વ | ૨ | ત | | ૩૦ સ | મા | હા | ૨ | | ફ |
| ન | | ખા | | ૩૧ મ | ન | | ફી | | કા |
| ૩૨ વા | સ | ના | ગ્ર | સ્ત | | ૩૩ લી | લું | છ | મ |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ૪ | | | ૫ | ૬ |
| ૭ | | | ૮ | | | | ૯ | | |
| | | ૧૦ | | | | ૧૧ | | | |
| ૧૨ | ૧૩ | | | | | ૧૪ | | | |
| | ૧૫ | | | | | | | ૧૬ | |
| ૧૭ | | | ૧૮ | | ૧૯ | | | ૨૦ | |
| ૨૧ | | | | | | | ૨૨ | | |
| ૨૩ | | | | ૨૪ | | | ૨૫ | ૨૬ | |
| | | | ૨૭ | | | | ૨૮ | | |
| ૨૯ | | | | | | ૩૦ | | | |

**આડી ચાવી**

(૧) અમીર, જાગીરદાર (૩)
(૩) અવાજ (હિ.) (૩)
(૫) માનવીના ..... ને નંદવામાં વાર શી? (૨)
(૭) એક પ્રકારનું પાશ્ચત્મ સંગીત (૨)
(૮) કાછિયો, વાણિયો (૩)
(૧૦) મળવું મુશ્કેલ (૩,૩,૨)
(૧૨) રહેનાર (૩)
(૧૪) મુસાફરીમાં સાથે જોઈએ (૨)
(૧૫) બધો, અનુકૂળ (૨)
(૧૬) છૂંદણું, ટપકું (૨)
(૧૭) સાહેબ (૨)
(૧૮) સૃષ્ટિ, સર્જન (૪)
(૨૦) સિંહાસન (૨) જો. છૂ.
(૨૧) ..... રહીએ એકમેકના-ગુ. નાટક (૨)
(૨૩) રસનો જ્ઞાતા (૩)
(૨૪) બીમારીમાં પીવાય (૨)
(૨૫) કઠણ, આકરું, કાચું (૩)
(૨૭) વાનરરાજ વાલીએ એને હરાવેલો (૩)
(૨૮) તમે વાતમાં ..... ના મૂકો (૩)
(૨૯) બાણ ચલાવવાં તે (૪)
(૩૦) પ્રખર, કડક, મુશ્કેલ (૩)

**ઊભી ચાવી**

(૧) નિઝામ રાજ્યનો મુસલમાન સિપાહી (૪)
(૨) અંગ્રેજીમાં છે (અં) (૨)
(૩) પૃથ્વી ઉપરથી દેખાતું આકાશ (૬)
(૪) ઊતરતી કોટિનું (અનુ. અભિપ્રેત) (૩)
(૬) જ્યાં સુધી ચંદ્ર-સૂર્ય હોય ત્યાં સુધી (૩,૨,૪)
(૮) અમદાવાદી મિત્ર (૨)
(૯) અમસ્તું (૩)
(૧૦) અંદાજ, અડસટ્ટો (૩)
(૧૧) સંસ્કૃતમાં બે પંક્તિનું કાવ્ય (૪)
(૧૩) હિસાબ રાખનાર (જો. છૂ.)
(૧૬) મન ..... તો કથરોટમેં ગંગા (૨)
(૧૭) અમદાવાદની નદી (૫)
(૧૮) ઘાસ (૨)
(૧૯) ખેડૂતની સ્ત્રી (૪)
(૨૨) તકરાર, કજિયો (૪)
(૨૪) ફરિયાદ (૨)
(૨૬) શિવજીને ચડાવો (૩)
(૨૭) સંગમાં ....., આપણે એકબીજાના (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના એકમાત્ર સગા કાકાના સસરાની એકમાત્ર પુત્રીના સાસુ એ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) માસી બ) દાદી ક) નાની ડ) ફોઈ

## જાણવા જેવું

શક્તિ ત્રણ પ્રકારની છે: ( ૧ ) ક્રિયાશક્તિ ( પ્રાણાયામ ), ( ૨ ) ઈચ્છાશક્તિ ( મનોમય ) અને ( ૩) જ્ઞાનશક્તિ ( વિજ્ઞાનમય ). બીજા મતે તે ઘણા પ્રકારની છે. જેમ કે, (૧) સ્મરણશક્તિ, (૨) ઈચ્છાશક્તિ, (૩) યાંત્રિકશક્તિ, (૪) વિદ્યુતશક્તિ, (૫) જલશક્તિ, (૬) વાયુશક્તિ, (૭) બાષ્પશક્તિ અને (૮) અશ્વશક્તિ. સામર્થ્ય, બળ, જોર, તાકાત એના પર્યાયવાચી શબ્દો છે.

## સુડોકુ-૯૧૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | ૨ | | |
| ૪ | | ૩ | | | | | | ૯ |
| | | | | ૨ | ૯ | | ૭ | ૧ |
| | | ૮ | | | ૩ | | ૧ | |
| ૭ | | | ૬ | | ૧ | | | ૪ |
| | ૧ | | ૫ | | | ૮ | | |
| ૩ | ૮ | | ૪ | ૭ | | | | |
| ૯ | | | | | | ૭ | | ૫ |
| | | ૨ | | | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૧૫૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૫ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ | ૧ |
| ૭ | ૪ | ૨ | ૩ | ૧ | ૬ | ૮ | ૯ | ૫ |
| ૧ | ૩ | ૯ | ૮ | ૭ | ૫ | ૪ | ૨ | ૬ |
| ૯ | ૧ | ૩ | ૫ | ૪ | ૮ | ૭ | ૬ | ૨ |
| ૪ | ૫ | ૮ | ૨ | ૬ | ૭ | ૧ | ૩ | ૯ |
| ૬ | ૨ | ૭ | ૧ | ૯ | ૩ | ૫ | ૮ | ૪ |
| ૫ | ૮ | ૧ | ૯ | ૩ | ૨ | ૬ | ૪ | ૭ |
| ૨ | ૭ | ૪ | ૬ | ૮ | ૧ | ૯ | ૫ | ૩ |
| ૩ | ૯ | ૬ | ૭ | ૫ | ૪ | ૨ | ૧ | ૮ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક સરસ મજાની નાસ્તાની આઈટમ સંતાઈ બેઠી છે એ શોધી કાઢો જોઉં. આવી રીતે સતત સબવે ફરતા રહેશો તો થાકીને લોથ થઈ જશો.

## નોંધી રાખો

મિત્ર-શત્રુની આવનજાવન થતી રહે છે, પણ જો મહેનત નામના મિત્રની સોબતમાં રહેશો તો નિષ્ફળતા નામના શત્રુનો ભય નહીં સતાવે.

## માઈન્ડ ગેમ

તેહઝીબ માટે પ્રખ્યાત લખનઊ શહેર ઉત્તર પ્રદેશમાં આવેલું છે. એ જ નામનો અંગ્રેજી સ્પેલિંગ (Lucknow) ધરાવતું શહેર કયા દેશમાં છે?

અ) નોર્વે બ) ઓસ્ટ્રેલિયા
ક) સ્વીડન ડ) નાઈજીરિયા

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ગોડ | સ્વાદિષ્ટ |
| ગોંદ | ગુંદર |
| ગોંડસ | રૂપાળું |
| ગોંધળ | છબરડો |
| ગોઠણે | થીજવું |

ગુજરાત મોરી મોરી રે: નાની

ઓળખાણ પડી?: સાઉથ આફ્રિકા

માઈન્ડ ગેમ: મધ્ય પ્રદેશ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: વન

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) કિશોર કુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) જયવંત પદમશી ચિખલ (૧૩) પુષ્પા પટેઉલ (૧૪) લજિતા ખોના (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) મહેશ સંઘવી (૧૯) મહેશ દોશી (૨૦) ભરત કજરિયા (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) ભાવના કર્વે (૨૪) તાહેર ઔરંગાબાદવાલા (૨૫) શીરીન ઔરંગાબાદવાલા (૨૬) પ્રવીણ વોરા (૨૭) કિરીટ છેડા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કમલ માતલિયા (૩૦) અરવિંદ કામદાર (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિલાશ અંબાણી (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) વિપીન શાહ (૩૫) નૂતન વિપીન શાહ (૩૬) અંજુ ટોલિયા (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) પુષ્પા ખોના (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) નિતીન જયંતિલાલ બજરિયા (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) ગીતા ઉદ્દેશી (૫૦) પ્રતિમા પમાણી (૫૧) ભામિની સંપટ (૫૨) વિણા સંપટ

# ફેડરલ દ્વારા રેટકટનો આશાવાદ સપાટી પર આવતા સેન્સેક્સ ૧૦૨૨ પૉઈન્ટ ઉછળ્યો, નિફ્ટીએ ૩૨૦ પૉઈન્ટની તેજી સાથે ૨૫,૨૦૦ની સપાટી પાર કરી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૯-૧૦ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા સપાટી પર આવતા વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જોવા મળતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ ચાર સત્રની મંદીને બ્રેક લાગી હતી, જેમાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૦૨૨.૫૦ પૉઈન્ટના ઉછાળા સાથે ૮૫,૬૦૦ની સપાટી પાર કરી ગયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીએ ૩૨૦.૫૦ પૉઈન્ટની તેજી સાથે ૨૬,૨૦૦ની સપાટી કુદાવી હતી. જોકે, ઈન્ટ્રા ડે દરમિયાન સેન્સેક્સમાં ૧૦૫૭.૧૮ પૉઈન્ટની અને નિફ્ટીમાં ૩૩૦.૩૫ પૉઈન્ટની તેજી જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૪,૫૮૭.૦૧ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૪,૫૦૩.૪૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૫,૬૪૪.૧૯ અને નીચામાં ૮૪,૪૭૮.૧૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧.૨૧ ટકા અથવા તો ૧૦૨૨.૫૦ના સુધારા સાથે ૮૫,૬૦૯.૫૧ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૮૮૪.૮૦ના બંધ સામે ૨૫,૮૪૨.૯૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫,૮૪૨.૯૫ અને ઉપરમાં ૨૬,૨૧૫.૧૫ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૧.૨૪ ટકા વધીને ૨૬,૨૦૫.૩૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

ગઈકાલે અમેરિકાના સપ્ટેમ્બર મહિનાના રિટેલ વેચાણનાં અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સની જાહેરાતમાં માગ શાંત પડવાની સાથે ફુગાવો પણ શાંત પડે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનતાં વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક સ્તરે પણ લગભગ તમામ ક્ષેત્રના શૅરોમાં રોકાણકારોની લેવાલીને ટેકે આકર્ષક રેલી જોવા મળી હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટેક કંપની એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પૉન્મુડી આરએ જણાવ્યું હતું. વધુમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૮૫.૩૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના અહેવાલે તેજીને ટેકો પૂરો પાડ્યો હતો. એકંદરે વૈશ્વિક સ્તરે ફેડરલના રેટકટનો આશાવાદ, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં ઘટાડો અને રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધ વિરામના વધી




રહેલા આશાવાદને કારણે આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળે તેવી શક્યતાને કારણે બજારના સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. તે જ પ્રમાણે રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે અમેરિકી ફેડરલ રિઝર્વ ડિસેમ્બરમાં રેટકટ કરે તેવા આશાવાદ સાથે આગામી મહિનાના આરંભે રિઝર્વ બૅન્ક પણ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સપાટી પર આવતાં તેજીને ઈંધણ મળ્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર બીએસઈ ખાતે કુલ ૪૩૨૫ શૅરમાં કામકાજ થયા હતા. જેમાંથી ૨૭૨૧ શૅરના ભાવ વધીને ૧૪૫૩ શૅરના ભાવ ઘટીને અને ૧૫૧ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૧૧ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૭૦ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. જોકે, આજે છ શૅરોમાં નીચલી સર્કિટ લાગી હતી. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર ભારતી એરટેલમાં ૧.૫૬ ટકાનો અને એશિયન પેઈન્ટસમાં ૦.૦૩ ટકાનો ઘટાડો આવ્યો હતો. આ સિવાયના તમામ ૨૮ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા. જેમાં સૌથી વધુ ૨.૬૩ ટકાનો સુધારો બજાજ ફિનસર્વમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે બજાજ ફાઈનાન્સમાં ૨.૫૨ ટકાનો, ટાટા સ્ટીલમાં ૨.૦૪ ટકાનો, રિલાયન્સમાં ૧.૯૯ ટકાનો, ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સમાં ૧.૯૨ ટકાનો અને એક્સિસ બૅન્કમાં ૧.૯૧ ટકાનો સુધારો આવ્યો હતો. તે જ પ્રમાણે આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી માત્ર છ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે ૪૪ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા.

વધુમાં આજે બીએસઈ ખાતે મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૩૨ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૨૩ ટકાનો ઉછાળો આવ્યો હતો. તેમ જ આજે બીએસઈ ખાતેના તમામ સેક્ટોરિયલ ઈન્ડેક્સ પૈકી માત્ર ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાયના તમામ ઈન્ડેક્સ વધીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્યત્વે મેટલ ઈન્ડેક્સમાં ૨.૦૮ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સમાં ૧.૮૧ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૧.૬૮ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૬૫ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૧.૬૩ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૧.૫૯ ટકાનો અને કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૧.૫૮ ટકાનો ઉછાળો આવ્યો હતો.

આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ અને હૉંગકૉંગનો હૅંગસૅંગ અનુક્રમે ૨.૬૭ ટકા, ૧.૮૫ ટકા અને ૦.૧૩ ટકાના સુધારા સાથે બંધ રહ્યો હતો, જ્યારે શાંઘાઈના એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હતું. તેમ જ મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. તેમ જ આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૩ ટકા વધીને બેરલદીઠ ૬૨.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

## સાંકડી વધઘટે અથડાઈને ડૉલર સામે રૂપિયોમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ છતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા બાઉન્સબૅકને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલની જ ૮૯.૨૨ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૨૨ના બંધ સામે સાધારણ નરમાઈ સાથે ૮૯.૨૪ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૯.૨૮ અને ઉપરમાં ૮૯.૧૭ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના ભાવ ટૂ ભાવ ૮૯.૨૨ની સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ અને વૈશ્વિક બજાર સામેના જોખમો હળવા થવાની શક્યતાને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળી શકે છે તેમ છતાં માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની માગ સુધારો મર્યાદિત રાખી શકે, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે ડૉલર સામે રૂપિયો ૮૯થી ૮૯.૫૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૨ ટકા વધીને ૯૯.૭૦ આસપાસ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧૩ ટકા ઘટીને બેરલદીઠ ૬૨.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૧૦૨૨.૫૦ પૉઈન્ટ અને ૩૨૦.૫૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હતા. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૭૮૫.૩૨ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનાં અહેવાલ હતા.

### રેટકટનો આશાવાદ પ્રબળ બનતાં વૈશ્વિક સોનું બે સપ્તાહની ટોચ નજીક

## શુદ્ધ સોનું ₹ ૯૬૨ વધીને ફરી ૧.૨૬ લાખની પાર, ચાંદી વધુ ₹ ૨૭૦૫ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે અમેરિકાના જાહેર થયેલા આર્થિક ડેટાઓએ આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વધુ પ્રબળ બનાવતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવ એક ટકા જેટલા ઉછળીને બે સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ચાંદીના ભાવમાં બે ટકાની તેજી જોવા મળી હતી. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૭૦૫નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫૮થી ૯૬૨ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાના ભાવ ફરી રૂ. ૧.૨૬ લાખની સપાટી વટાવી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૭૦૫ના ચમકારા સાથે રૂ. ૧,૫૯,૦૨૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ રહ્યું હતું અને હાજરમાં વેરારહિત ધોરણે



૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫૮ વધીને રૂ. ૧,૨૫,૫૭૬ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૯૬૨ વધીને રૂ. ૧,૨૬,૦૮૧ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી પાંખી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


આજે ફેડરલ રિઝર્વનાં વ્યાજદરમાં કપાતના આશાવાદ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ એક ટકા ઉછળીને બે સપ્તાહની ઊંચી ઔંસદીઠ ૪૧૭૨.૧૮ ડૉલર આસપાસની સપાટીએ અને વાયદામાં ભાવ ૦.૭ ટકા વધીને ૪૧૬૮.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે બે ટકા ઉછળીને ઔંસદીઠ ૫૨.૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

બજાર વર્તુળોના રેટકટના આશાવાદે રોકાણકારોની સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં લેવાલીને ટેકે તેજીનું વલણ જોવા મળ્યું હોવાનું યુબીએસના વિશ્લેષક ગિઓવન્ની સ્ટુનોવોએ જણાવતાં ઉમેર્યું હતું કે રેટકટની શક્યતાને ધ્યાનમાં લેતા આ વર્ષના અંત સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૪૨૦૦ ડૉલર સુધી અને આગામી વર્ષે ભાવ વધીને ૪૫૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા છે.

નોંધનીય બાબત એ છે કે ગત સપ્ટેમ્બર મહિનામાં અમેરિકા ખાતે રિટેલ વેચાણમાં બજારની અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ થઈ હતી, જ્યારે પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ અંદાજ મુજબનો રહ્યો હોવાના અહેવાલ હતા. એકંદરે અત્યાર સુધીમાં જાહેર થયેલા અમેરિકાના આર્થિક ડેટાઓ ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં હળવી નાણાનીતિ અપનાવે તેવા સંકેતો આપી રહ્યા હોવાથી આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી ડિસેમ્બર મહિનામાં રેટકટની ૮૩ ટકા શક્યતા જોઈ રહ્યા છે, જે ગત સપ્તાહે ૩૦ ટકા હતી.

વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વના આગામી અધ્યક્ષ તરીકે વ્હાઈટ હાઉસના આર્થિક સલાહકાર કેવિન હેઝેટની નિયુક્તિ થાય તેવા અહેવાલો વહેતા થયા હોવાને કારણે પણ સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સ્ટોકિસ્ટોની અવિરત લેવાલીએ ધાતુમાં આગળ ધપતો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારો આગળ ધપ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીન અને નિકલની આગેવાની હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બાવીસ સુધીનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે એકમાત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ખપપૂરતા કામકાજે લીડ ઈન્ગોટ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બાવીસ વધીને રૂ. ૩૪૪૯, રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૩૫ અને રૂ. છ વધીને રૂ. ૧૦૪૬ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન અને નિકલની આગેવાની હેઠળ કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેનિસલ્સ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૬૩ અને રૂ. ૯૩૯, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૯૫૨, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૬૫૮, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૯૧૫ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૩૧૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે અન્ય ધાતુઓ જેમાં છૂટાછવાયા કામકાજોને ટેકે ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૫૯૩, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના રૂ. ૨૧૫ અને લીડ ઈન્ગોટ્સના કિલોદીઠ રૂ. ૧૮૪ના મથાળે ટકેલાં રહ્યાં હતાં.

### મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

## ડિસેમ્બરના મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ.૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૫૦થી ૩૭૮૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. જોકે, આજે મિડિયમ ગ્રેડની ખાંડમાં ખપપૂરતી માગ રહેતાં ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે અનાજ અને જાહેર વિતરણ મંત્રાલયે આગામી ડિસેમ્બર મહિનાના મુક્ત વેચાણ માટે બાવીસ લાખ ટન ખાંડનો ક્વૉટા જાહેર કર્યો હોવાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૦૨થી ૩૯૬૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં એકંદરે માગ નિરસ રહેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૬૦થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયા હતા.



## પાંખાં કામકાજો વચ્ચે આયાતી તેલમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૨ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૨ રિંગિટ વધી આવ્યાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આયાતી તેલના ભાવમાં નરમાઈ જોવા મળી હતી, જેમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૫ અને આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચ વધી આવ્યા હતા. જોકે, આજે છૂટાછવાયા કામકાજે દેશી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૨, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦થી ૧૨૪૩ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ રહ્યા હતા. જોકે આજે વેપારનો અભાવ હતો. તેમ જ ઈમામીની સોયા રિફાઈન્ડના નવેમ્બરના સોદાઓમાં બાયબૅકમાં રૂ. ૧૨૧૦ના મથાળે લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા.

આજે ગુજરાતમાં ગોંડલ અને રાજકોટ મથકે મગફળીની કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ અનુક્રમે ૭૦,૦૦૦ અને ૪૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૪૦૦માં થયાના અહેવાલ હતા. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, સિંગતેલના રૂ. ૧૫૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સરસવના રૂ. ૧૫૩૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫માં ટકેલા ધોરણે થયા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

(તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)




ભાવનગરમાં કવિ દુલા ભાયા કાગ (કાગબાપુ)ની ૧૨૨મી જન્મજયંતિના પાવન અવસરે મંગળવારે ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમ ખાતે કાગ વંદના નામે ભવ્ય લોકડાયરો યોજાયો હતો. કવિશ્રી દુલા કાગ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા આ સાંસ્કૃતિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કચ્છમાં ઊંચા એક્યુઆઈ સાથેના ધૂંધળા માહોલ વચ્ચે નલિયામાં ૧૨ ડિગ્રી સે.લઘુતમ તાપમાનઃ અન્યત્ર ઠંડીથી આંશિક રાહત

## વોલ્કેનિક ક્લાઉડની અસર ઓસર્યા બાદ હાડ થીજાવતી ઠંડીનો રાઉન્ડ થથરાવશે

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ પશ્ચિમ બંગાળની ખાડીમાં સર્જાયેલી મોસમી ગડબડીના પગલે ગુજરાતમાં કમોસમી માવઠાંની ચિંતાજનક શક્યતા ઊભી થઇ છે તેવામાં ગત રવિવારે આફ્રિકાના ખંડના ઇથોપિયા ખાતેના જ્વાળામુખીમાં અંદાજે ૧૦,૦૦૦ વર્ષ બાદ થયેલા પ્રચંડ વિસ્ફોટ બાદ તેની ઝેરી રાખનો ધુમાડો રાતા સમુદ્રથી અરબી સમુદ્ર થઈને ગુજરાતના આકાશ પરથી પસાર થતાં રાજ્યના મોટાભાગના મથકોની જેમ છવાયેલા ધૂંધળા માહોલ વચ્ચે કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયાને બાદ કરતાં ભુજ, ગાંધીધામ અને કંડલામાં લઘુતમ તાપમાનનો પારો એકથી બે ડિગ્રી સે.જેટલો ઊંચકાતાં ઠંડીનો ચમકારો હળવો થયો છે.

ભુજમાં રાત્રિનું લઘુતમ તાપમાન ગઈકાલની તુલનાએ થોડું ઊંચકાઈને ૧૫.૪ ડિગ્રીએ પહોંચ્યું છે. તો, બંદરીય કંડલા ખાતે ૧૮ ડિગ્રી અને કંડલા હવાઈ મથક,ગળપાદર ખાતે ન્યુનતમ તાપમાનનો પારો ઊંચકાઈને ૧૯ ડિગ્રી સેલ્સિયસ પર ઉપર ચઢ્યો છે. જો કે, નલિયામાં ન્યુનતમ તાપમાનનો પારો ૧૨ ડિગ્રી સેલ્સિયસ પર સ્થિર થઇ જતાં અહીં ઠંડીની ચમક વર્તાઈ રહી છે જ્યારે બીજી તરફ વોલ્કેનિક ક્લાઉડની અસર હેઠળ ઊંચા એક્યુઆઈ સાથે ભુજ, અંજાર, ગાંધીધામ, મુંદરા, માંડવી સહિતના કચ્છના મોટાભાગનાં મથકોએ વાતાવરણ ધૂંધળું રહેવા પામ્યું છે. બપોરના બે વાગ્યે પણ જાણે સાંજના ચાર વાગ્યા હોય તેવો આભાસ લોકોને થયો હતો.

# સામખિયાળીમાં ત્રણ સંતાનોની માતાએ, જયારે બળદિયામાં યુવકે ગળેફાંસો ખાઈ, આત્મહત્યા કરી લેતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના સામખિયાળી ગામ ખાતેના શાંતિનગર પ્લોટ વિસ્તારમાં રહેનાર સીમાબેન ખોડા કોળી (ઉં.વ.૩૨) નામના મહિલાએ જ્યારે ભુજ તાલુકાના બળદિયા ગામે રહેતા ૪૫ વર્ષીય પરેશ વાલજીભાઈ લોંચાએ ગળેટુંપો ખાઈ, આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો પ્રમાણે, સામખિયાળીમાં રહેતાં, ત્રણ સંતાનોનાં માતા એવા સીમાબેન ઘર પાસેના તેમના ખેતરમાં આવેલાં વૃક્ષમાં સાડી બાંધી, અજ્ઞાત કારણોસર ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ગત મંગળવારે ઢળતી બપોરના અરસામાં બનેલા આ બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, ભુજ તાલુકાના બળદિયા ગામના પરેશ લોંચા નામના યુવકે ગત મોડી રાત્રીના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો લગાવી મોતનો માર્ગ અપનાવી લેતાં માનકૂવા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કોડાય નજીકથી ૧.૯૩ કરોડના ડ્રગ્સ સાથે ગુજરાત એટીએસે પકડાયેલા માંડવીના ત્રણ યુવકને ૨૦ વર્ષનો સખ્ત કારાવાસ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ આજથી ૬ વર્ષ પૂર્વે ૧ કરોડ ૯૩ લાખની આંતરરાષ્ટ્રીય બજાર કિંમતના બે કિલોગ્રામથી વધારે માત્રાના માદક પદાર્થ બ્રાઉન સુગર-હેરોઈન સાથે ગુજરાતના ત્રાસવાદ વિરોધી દળે પકડેલા કચ્છના બંદરીય માંડવીના ત્રણ યુવકોને ભુજની વિશેષ અદાલતે ૨૦ વર્ષની સખ્ત કેદ સાથે બે લાખ રૂપિયાનો દંડ ફટકારતો ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો.

ગત ૨૮-૦૭-૨૦૧૯ના રોજ પૂર્વ બાતમીના આધારે અમદાવાદ ખાતેના ત્રાસવાદ વિરોધી દળના તત્કાલીન પી.આઈ વી.આર.મલ્હોત્રા અને તેમની ટુકડીએ માંડવીના કોડાય ત્રણ રસ્તા પરથી મોટરસાઇકલ પર ડ્રગ્સને વેંચાણ અર્થે ભુજ તરફ જઈ રહેલા નાદીર હુસેન ઉર્ફે રાજા અબ્દુલ સત્તાર સમેજા (રહે. જબલેશ્વર કોલોની, માંડવી) અને કાઠડા ગામના ઉમર હુસેન વાઘેરને ૯૬.૯૦ લાખના ૯૭૬ ગ્રામ બ્રાઉન સુગર સાથે ઝડપી પાડ્યા હતા.

ત્યારબાદ ગુનાની તપાસ ચલાવી રહેલા એટીએસના તત્કાલીન પી.આઈ એચ.પી. પાલિયા દ્વારા હાથ ધરવામાં આવેલી પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, માંડવીના નિર્જન સમુદ્રકાંઠેથી બિનવારસુ અવસ્થામાં મળી આવેલા આ માદક પદાર્થના જથ્થાને તેમને ઈમરાન અબ્દુલ કાદર મણિયાર (રહે. છાપરા શેરી, કે.ટી. શાહ રોડ, માંડવી)એ વેચવા આપ્યો હતો. આ જાણકારી મળ્યા બાદ એટીએસે ઈમરાન કાદરની ધરપકડ કરી, તેની માસી અફસાના મણિયારના ઘરમાં છાપો મારીને વધુ ૯૬ લાખ ૫૦ હજાર રૂપિયાની કિંમતનું ૯૬૫ ગ્રામ હેરોઇન જપ્ત કર્યું હતું.

ભુજની નામદાર વિશેષ અદાલતના સ્પેશિયલ જજ વિરાટ બુધ્ધે ત્રણે આરોપીઓને એનડીપીએસ એક્ટની વિવિધ કલમો હેઠળ દોષી ઠેરવીને વીસ-વીસ વર્ષની સખ્ત કેદ સાથે બે-બે લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

# ભાવનગરમાં પૈસાની લેતી દેતી બાબતે મિત્ર સહિતના ચાર શખ્સો છરીના ઘા ઝીંકી હત્યા કરી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગરઃ શહેરમાં હત્યાના બનાવો સતત વધી રહી હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં હજુ ત્રિપલ મર્ડર કેસના પડઘા શમ્યા નથી, ત્યાં જ કરચલીયા પરા વિસ્તારમાં વધુ એક લોહિયાળ ખેલ ખેલાયો છે. જેમાં સામાન્ય પૈસાની લેતી-દેતી મામલે ચાર મિત્રોએ ભેગા મળીને પોતાના જ મિત્રની કરપીણ હત્યા કરી નાખી હતી.

ખૂનના આ બનાવની વિગતો એવી છે કે ભાવનગર શહેરના કરચલીયાપરા, રૂખડિયા હનુમાન મંદિર પાછળ અને પોપટનગર રામાપીરના મંદિર પાછળ રહેતા કોળી યુવાન મોહિત ઉર્ફે એમ.કે. બટુકભાઈ ટેભાણીને તેમના મિત્ર કાનજી ઉર્ફે કાનો કાળૂભાઈ બારૈયા સાથે પૈસાની લેતી-દેતી બાબતે વહેવાર હતો. આ બાબતને લઈ બંને વચ્ચે મનદુઃખ ચાલતું હતું.ત્યારે ગઈ મોડી મોહિત પોપટનગર જવાના રસ્તે હતા. ત્યારે પૈસાની ઉઘરાણી બાબતે તેમનો સામનો ચાર શખ્સો સાથે થયો હતો. જેમાં બોલાચાલી ઉગ્ર બનતા વાત વણસી હતી. ઉશ્કેરાયેલા ચારેય શખ્સોએ મોહિતભાઈને ગાળો આપી, ઢીકા-પાટુનો માર માર્યો હતો અને ત્યારબાદ છરીના ઘા ઝીંકી દીધા હતા.

જીવલેણ હુમલા બાદ મોહિતભાઈ લોહીલુહાણ હાલતમાં રસ્તા પર જ ઢળી પડ્યા હતા અને આરોપીઓ તેમને તડપતો મૂકીને ફરાર થઈ ગયા હતા. આ અંગે ૧૦૮ને જાણ કરવામાં આવતા તેમને તાત્કાલિક ભાવનગરની સર ટી. હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે કાનજી ઉર્ફે કાનો કાળૂભાઈ બારૈયા (રહે. કરચલીયા પરા, ધનાનગર), કિશન ઉર્ફે કાળો કોથમરી (રહે. ખેડુતવાસ, ભાવનગર), રામ ઉર્ફે કાળીયો (રહે. ઉલાસ રૂવાપરી રોડ, ભાવનગર) અને આર્યન બારૈયા (રહે. ટેકરી ચોક પાસે, ભાવનગર) સહિત ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવ સંદર્ભે મૃતકના કાકા મહેશભાઈ બટુકભાઈ ટેભાણીએ ગંગાજળિયા પોલીસ મથકમાં ચારેય આરોપીઓ વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# કચ્છી ગીત સંગીત અને કચ્છી લોકવાદ્યોના કલાકારો માટે સુવર્ણ યુગ શરૂ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છી ગીત સંગીત અને કચ્છી લોકવાદ્યોના કલાકારો માટે હવે જાણે સુવર્ણ યુગ શરૂ થઇ ચુક્યો છે. કચ્છના ભાતીગળ પ્રદેશ ધોરડો ખાતે શ્વેત રણમાં વર્ષ ૨૦૦૫થી શિયાળા દરમ્યાન યોજાઈ રહેલા રણોત્સવ બાદ આવા કલાકારોની માગ દેશભરમાં વધી ગઈ છે અને હવે કચ્છમાં પણ આવા કલાકારો વર્ષભર વ્યસ્ત રહે છે. ભાતીગળ બન્ની પ્રદેશમાં સવાયા કચ્છી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન સમા રણોત્સવનો પ્રારંભ થયા બાદ હવે એક સમય સૂકા રણપ્રદેશ તરીકે ઓળખાતા કચ્છમાં પણ હવે વર્ષભર સહેલાણીઓ આવતાં રહે છે અને ઢગલાબંધ હોલીડે રિસોર્ટ્સ ધમધમતાં થયાં છે.

બન્ની પ્રદેશના ગોરેવાલી, હોડકો, ધોરડો, ભીરંડિયારા તેમજ ખાવડા પંથકના કુરન સહિતના ગામોમાં રહેતા ૧૦૦ જેટલા કચ્છી લોકવાદ્યોના કલાકારોને હાલે વાત કરવાની પણ ફુરસદ જ નથી. બુધા વેલા મારવાડા નામના આવા એક કલાકારના જણાવ્યા પ્રમાણે ઘડો (માટલું), ગમેલા (ગાયોને નીરણ કરવાનું વાસણ), ચંગ, ખડતાલ જેવા કચ્છી વાદ્યોનાં અદ્‌ભુત ધ્વનિ દુનિયાથી કદાચ અજાણ હતો પણ કચ્છના બન્ની વિસ્તારના હજારો ઢોર-ઢાંખર આ ધ્વનિથી પરિચિત રહ્યા છે. સીમાડામાં ચરિયાણ માટે ગયેલી ગાય-ભેંસ મોરચંગનો અવાજ સાંભળે કે તરત જ પોતાના માલિક પાસે પહોંચી આવે છે. આ પ્રાચીન વાદ્યોમાં જોડિયા પાવાનો સંગ મળતાં કચ્છી લોક સંગીત ધીમે ધીમે સાત સમંદર પર પહોંચ્યું છે. પહેલા કલાકારો આવા વાદ્યો સાથે કચ્છી



આરાધી વાણી, કચ્છી લોકગીત, સિંધી કાફી અને લોકગીત ગાતા તેમજ તેની ધૂન પણ વગાડતા પણ હવે સમયની સાથે-સાથે કચ્છી વાદ્યો અને લોકગીતોમાં બોલિવૂડની ફિલ્મોના ગીતો વગાડતા થયા છે. બુધાભાઈ મારવાડા ઈચ્છે છે કે કચ્છી લોકસંગીત અને લોકવાદ્યોના કલાકારોને ક્યાંક બોલિવૂડ-હોલિવૂડમાં નામના મળે. તેમણે જણાવ્યું હતું કે, હેલ્લારો નામની ગુજરાતી ફિલ્મ, સંજય ભણશાલીની રામલીલા હિન્દી ફિલ્મ રિલીઝ થયા બાદ કચ્છી ઢોલ અને ઢોલકવાદકોનો રોલ બોલિવૂડ સુધી પહોંચ્યો છે.

હવે કચ્છના આવા કલાકારોને દેશના સંખ્યાબંધ શહેરો જેવા કે, ગાંધીનગર,વડોદરા,રાજકોટ, મુંબઈ, મદ્રાસ, ભોપાલ તેમજ બિલાસપુર જેવા શહેરોમાં કચ્છી કલાકારોને તેમની કલાના કામણ પાથરવાના 'ઓર્ડર' મળી રહ્યા છે.

આ કલાકારોના જણાવ્યા પ્રમાણે, તેમની આર્થિક હાલત હવે પહેલાની સરખામણીમાં ખૂબ જ સુધરી ગઈ છે. વધુ આનંદની વાત એ છે કે, આ કલાકારો આવી પ્રવૃત્તિની સાથે સાથે પોતાની વંશ પરંપરાગત રોજી રોટીને ભૂલ્યા નથી અને પોતાના પશુપાલન વ્યવસાયને જાળવી રાખ્યો છે.

અમારા પશુધનને ચરિયાણ માટે લઇ જઈએ અને તેમને જોડિયા પાવા અને મોરચંગ સંભળાવીએ ત્યારે જ અમને સાચા આનંદની અનુભૂતિ થાય છે તેમ ભાવુક સ્વરે અન્ય એક કલાકાર ગોવિંદભાઇ મારવાડાએ જણાવ્યું હતું.

# ભાવનગર શહેર ભાજપએ બાબા સાહેબ આંબેડકરજીને પુષ્પાર્પણ કરીને સંવિધાન દિવસ મનાવ્યો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભાએ ભારતનું બંધારણ અપનાવ્યું હતું, તેના ૬૬ વર્ષ બાદ વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને સશક્તીકરણ મંત્રાલયે ૧૯ મી નવેમ્બર ૨૦૧૫ ના દિવસને 'સંવિધાન ગૌરવ દિવસ' તરીકે મનાવવાનું શરૂ કર્યું હતું.

જે અંતર્ગત અધ્યક્ષ કુમારભાઈ શાહની અધ્યક્ષતામાં ભાવનગર શહેર ભાજપે બાબા સાહેબ આંબેડકરજીને પુષ્પાર્પણ કરીને 'સંવિધાન ગૌરવ દિવસ' ની ઉજવણી કરી હતી, જેમાં મેયર ભરતભાઇ બારડ સહિત મનપાના પદાધિકારીઓ, પૂર્વ મહામંત્રીશ્રીઓ, અનુ. જાતીના પ્રમુખ ભરતભાઇ મકવાણા, મહામંત્રી નલિનભાઈ પટેલ અને અરવિંદભાઈ રાઠોડ, તમામ સેલ, મોરચા અને સમિતિઓના હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહીને ડૉ. બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાર્પણ કર્યા હતાં.

# રાજકોટમાં માતાજીના માંડવામાં પશુબલિ ચડાવનારા ત્રણ ઝડપાયા

(તસવીર- પ્રવિણ, સેદાણી, રાજકોટ)



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં માતાજીના માંડવામાં છ પશુની બલિ ચડાવવાની ચકચારી ઘટના પ્રકાશમાં આવી હતી. આ ગુનાના આરોપી ત્રણ જણને પોલીસે ઝડપી પાડ્યા હતા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

થોરાળા પોલીસે માતાજીના માંડવામાં પશુબલિ ચડાવવા મામલે ત્રણ આરોપીની ધરપકડ કરી છે. જેમાં માંડવાનું આયોજન કરનારા રાહુલ ચૌહાણ, અરવિંદ ચૌહાણ અને પ્રતાપ ચૌહાણની ધરપકડ કરવામાં આવી છે.

આ ત્રણેય સામે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

થોરાળા પોલીસે માંડવાનું આયોજન કરનારા રાહુલ ચૌહાણ, અરવિંદ ચૌહાણ અને પ્રતાપ ચૌહાણની ધરપકડ કરી હતી.

આ ત્રણેય સામે ગુજરાત પશુ સંરક્ષણ અદિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. ધાર્મિક વિધિના નામે છ પશુને છરા વડે કાપી બલિ ચડાવવાની આ ઘટનાએ તમામ પશુપ્રેમીઓમાં રોષ જગાવ્યો હતો.

# સુરેન્દ્રનગરમાં એલપીજી સિલિન્ડરના ગેરકાયદે સંગ્રહ અને વેચાણ પર તંત્રની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લામાં એલપીજી સિલિન્ડરના ગેરકાયદે વેચાણ અને સંગ્રહ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલના આદેશ હેઠળ ગેરકાયદે પ્રવૃત્તિઓ ડામવા માટે સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું હતું.

આ ઝુંબેશના ભાગરૂપે જિલ્લા પુરવઠા અધિકારી એજી ગજ્જર અને તેમની ટીમ દ્વારા લીંબડી-ધંધુકા હાઈવે પર આવેલ શ્રી રામ રેસ્ટોરાં ખાતે તપાસ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન કુલ મળીને ૭ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો.

આ અંગે વધુ વિગતો આપતા જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું હતું કે, તપાસણી દરમિયાન રેસ્ટોરન્ટના કમ્પાઉન્ડમાં જાહેર સ્થળે એલપીજી કમર્શિયલ સિલિન્ડરનો અનધિકૃત સંગ્રહ અને વેચાણ થતું હોવાનું જાણવા મળ્યું હતું.

આ સાથે સિલિન્ડર આપતા સંચાલકો પાસે આ જથ્થાના સંગ્રહ કે વેચાણ માટે કોઈ પણ પ્રકારના લાઇસન્સ-પરવાના કે ફાયર સેફ્ટીની મંજૂરી ન હોવા છતાં, તેઓ જાહેર સલામતીની પરવા કર્યા વગર ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવી રહ્યા હતા.

આ ગંભીર બેદરકારી બદલ તેમની સામે ત્વરીત કાર્યવાહી કરીને ગેરકાયદે સંગ્રહ કરેલા ૧,૪૧,૯૦૦ રૂપિયાની કિંમતના ૫૪ સિલિન્ડર, રૂપિયા ૫,૭૫,૦૦૦-નું એક વાહન એમ કુલ મળીને રૂપિયા ૭,૧૬,૯૦૦-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ સાથે હવે આગળની કાર્યવાહી પણ હાથ ધરી દેવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રમાં ઠંડી ઘટી પણ ધુમ્મસનું રાજ, વિઝિબિલિટી ઓછી હોવાથી વાહનચાલકો ધીમા પડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રમાં ઠંડી ઘટતા વાતાવરણમાં થોડો ગરમાવો વધ્યો છે. મોડી સાંજ સુધી વાતાવરણ થોડું ગરમ જ રહે છે, પછીથી ઠંડી અનુભવાય છે ત્યારે રાજકોટ સહિતના મોટાભાગના શહેરોમાં ગાઢ ધુમ્મસ જોવા મળી હતી. સવારે મોડે સુધી વાતાવરણ ઝાંખુ રહ્યું હતું અને વાહનચાલકોને તકલીફ પડી હતી.

હાઈ વે પર વિઝિબિલિટી ઘટતા વાહનોની ગતિ ધીમી પડી હતી. રાજકોટ સહિત મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો બેથી ચાર ડિગ્રી ઉપર ચડ્યો હતો. રાજકોટ,વેરાવળ, પોરબંદર વગેરેમાં લઘુતમ તાપમાન ૧૫થી ૧૮ ડિગ્રી વચ્ચે નોંધાયું હતું. કંડલા, ભુજમાં અનુક્રમે ૧૭ અને ૧૫ ડિગ્રી આસપાસ તાપમાન નોંધાયું હતુ જ્યારે નલિયામાં ૧૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

ખાસ કરીને હાઈવે ઉપર વિઝીબિલીટી ઘટી જતા વાહનચાલકોને પણ ભારે મુશ્કેલી પડી હતી.દરમ્યાન આજે પણ રાજકોટ સહિત મોટા ભાગનાં સ્થળોએ ૨ થી ૪ ડિગ્રી, ઠંડી ઘટી જવા પામી હતી આજે સવારે રાજકોટમાં ૧૫ ડિગ્રી વેરાવળમાં ૧૯.૭, પોરબંદરમાં ૧૬.૪, નલિયામાં ૧૨, કંડલામાં ૧૭.૨, ભૂજમાં ૧૫.૪, ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

રાજકોટ, જામનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર તમામ મથકોમાં ધુમ્મસને લીધે સવારે અલગ વાતાવરણ હતું, પરંતુ દિવસ ચડતા ગરમી અનુભવાતી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. જોકે ડિસેમ્બર મહિનાથી ફરી ઠંડીમાં વધારો થશે, તેમ જાણવા મળ્યું છે.

# સૌરાષ્ટ્રના સૌથી લાંબા ફ્લાયઓવરના ઉદ્‌ઘાટનના ત્રણ દિવસમાં જ આગ લાગતા દોડાદોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરષ્ટ્રના જામનગરમાં ત્રણ દિવસ પહેલા જ મુખ્ય પ્રધાનન ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં રૂ. ૨૨૬ કરોડના ખર્ચે બનેલા સૌરાષ્ટ્રના સૌથી લાંબા બ્રિજનું ઉદ્‌ઘાટન થયું હતું. ત્યારે આ બ્રિજના એક પિલરમાં બુધવારે આગ લાગવાની ઘટના બનતા દોડધામ મચી ગઈ હતી. જૂના રેલવે સ્ટેશન નજીક બ્રિજના એક પિલરમાં ઈલેક્ટ્રિક વાયરિંગમાં આગ લાગી હતી, જોકે ફાયર બ્રિગેડે આગ પર તાત્કાલિક કાબૂ મેળવી લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ બ્રિજનું ૨૪મી નવેમ્બર ઉદ્‌ઘાટન થયું હતું. પહેલા દિવસે વાહનચાલકોએ એટલો ઉત્સાહ બતાવ્યો હતો કે બ્રિજ પર ટ્રાફિકજામ સર્જાતા બ્રિજ થોડા સમય માટે બંધ કરવામાં આવ્યો હતો. તો બીજા દિવસે અહીં એક અકસ્માત થયો હતો અને ત્રીજા દિવસે આગ લાગવાની ઘટના ઘટી હતી.

પિલરમા આગ લાગેલી જોઈ વાહનચાલકોએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર વિભાગે સૌથી પહેલા વીજ પુરવઠો બંધ કર્યો હતો અને ત્યારબાદ ડીસીપી પાઉડરનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.